**ESCROW COLLECTION BANK, REFUND BANK AND SPONSOR BANK:** ICICI Bank Limited.

**UPI:** UPI Bidders can also Bid through UPI Mechanism.

**All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP.**

For **HERO MOTORS LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Sakshi Dureja**
Company Secretary and Compliance Officer

**Place:** Noida, Uttar Pradesh
**Date:** September 15, 2026

**HERO MOTORS LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offer of its Equity Shares and has filed a RHP dated September 9, 2026 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., ICICI Securities Limited at : www.icicisecurities.com, DAM Capital Advisors Limited at www.damcapital.in and JM Financial Limited at www.jmfl.com, the website of the NSE at www.nseindia.com and the website of the BSE at www.bseindia.com and the website of the Company at www.heromotors.com. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and should refer to the RHP, including the section titled ***"Risk Factors"*** beginning on page 21 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision

This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States, in "offshore transactions", as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions in which such offers and sales are made. There will be no public offering in the United States.

CONCEPT

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 219 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ સુદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 September 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# યુપીઆઈ પેમેન્ટ ઉપર ૦.૪% ચાર્જ

## ₹ ૨,૦૦૦થી વધુની ચુકવણી ૧૫ ઑક્ટોબરથી મોંઘી થશે

the ultimate
OLD GOLD
UPGRADE
TODAY'S GOLD RATE
₹ 13,878/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

નવી દિલ્હીઃ યુપીઆઈ દ્વારા રૂ. ૨,૦૦૦ કરતાં વધુનાં મર્ચન્ટ પેમેન્ટ પર ૦.૪ ટકા ચાર્જ વસૂલવાનો અને રૂ. ૭૫,૦૦૦ કરતાં વધુનાં પેમેન્ટ પર વધુમાં વધુ રૂ. ૩૦૦ની ટોચમર્યાદા રાખવાનો સરકારે મંગળવારે નિર્ણય લીધો હતો. ૧૫ ઑક્ટોબરથી નવો નિયમ અમલી બનશે.

રેલવે, ટેલિકોમ અને ઈંધણ જેવાં આવશ્યક ક્ષેત્રો માટે પાંચ રૂપિયા પ્રતિ ટ્રાન્ઝેક્શન ફી રહેશે જ્યારે કેપિટલ માર્કેટ માટે આ ફી ૦.૦૨ ટકા રહેશે.

યુપીઆઈ કે ક્યૂઆર કોડ મારફતે માસિક એક લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા નાના વેપારીઓ આ નિયમથી મુક્ત રહેશે જેને કારણે લગભગ ૯૬ ટકા મર્ચંટ ટ્રાન્ઝેક્શનને નવા ચાર્જથી રક્ષણ મળશે, એમ સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ સાથે જ મર્ચંટ લોકો માટે છેલ્લાં છ વર્ષથી અમલી સંપૂર્ણપણે ફ્રી યુપીઆઈ નેટવર્કનો અંત આવશે.

મોટા ડિજિટલ મર્ચંટ પેમેન્ટનું માળખું જાહેર કરતાં સરકારે આ નિર્ણયની જાહેરાત કરી હતી.

આ નવો નિયમ જાન્યુઆરી ૨૦૨૦થી અમલમાં મુકાયેલા શૂન્ય-એમડીઆરના શાસનનો અંત આણશે.

પર્સન ટૂ પર્સન ટ્રાન્સફરના યુપીઆઈના કુલ વૉલ્યૂમના ૩૭ ટકા અને તેનાં મૂલ્યના ૭૦ ટકાને આમાંથી બાકાત રાખવામાં આવ્યા છે અને તેમની પાસેથી શૂન્ય ચાર્જ વસૂલવામાં આવશે.

ઍપ પ્રોવાઈડરોને પ્લેટફોર્મ ફી ઉમેરવાથી અટકાવવામાં આવ્યા છે અને વેપારીઓ એમડીઆર ગ્રાહકો પર ન લાદે તેનું ધ્યાન રાખવા બૅન્કોને જણાવવામાં આવ્યું છે.

અગાઉના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે વેપારીઓને રૂ. ૨,૦૦૦થી વધુના કરવામાં આવતા પેમેન્ટ પર મર્ચંટ ચાર્જ વસૂલવા અંગે બૅન્ક, સર્વિસ પ્રોવાઈડરો અને વિવિધ અસોસિયેશનના પ્રતિનિધિઓની બનેલી પેનલે નિર્ણય લીધો છે.

યુપીઆઈ અને સર્વિસ પ્રોવાઈડરોની કમિટીમાં ઈન્ડિયન બૅન્ક અસોસિયેશન (આઈબીએ) અને પેમેન્ટ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (પીસીઆઈ) સહિત બાવીસ સભ્ય છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર કમિટી માર્કેટ એક્સ્પાન્શન અને સેલ્ફ સસ્ટેઈનેબિલિટીને આધારે રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પર મર્ચંટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) અંગે જલદી જ નિર્ણય લેવાયો છે.

સરકારે સોમવારે કહ્યું હતું કે રૂ-પે ડેબિટ કાર્ડ સહિત યુપીઆઈ મારફતે કરવામાં આવતા રૂ. ૨,૦૦૦ સુધીના

(જુઓ પાનું ૨) ▸▸

# શૅરબજારમાં કડાકો

## નિફ્ટી પાંચ મહિનાના તળિયે

મુંબઈઃ ક્રૂડતેલના વધતા ભાવ, વૈશ્વિક રાજકારણમાં વધી રહેલા તણાવ અને વૈશ્વિક બજારમાં જોવા મળી રહેલા નબળા ટ્રેન્ડ વચ્ચે મંગળવારે બૅન્ચમાર્ક ગણાતા સેન્સેક્સમાં અંદાજે ૭૭૮ પૉઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો તો નિફ્ટી પાંચ મહિનાના તળિયે પહોંચ્યો હતો.

બ્લૂ ચિપ બૅન્કિંગ, ઑટો તેમ જ ઓઈલ ઍન્ડ નેચરલ ગૅસ જેવી કંપનીના શૅરોના ભાવમાં જોવા મળેલા ઘટાડાને પગલે ૩૦ કંપની ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૭૭૭.૯૪ પૉઈન્ટ કે ૧.૦૪ ટકા ઘટીને ૭૪,૦૦૩.૮૨ની ત્રણ મહિનાની નીચલી સપાટીએ પહોંચ્યો હતો.

બૅરોમીટર ગણાતો સેન્સેક્સ બાદમાં ૭૮૭.૭૩ પૉઈન્ટ કે ૧.૦૫ ટકા

(જુઓ પાનું ૨) ▸▸

# કચ્છીઓનાં તરસ્યાં મન-હૈયાં તરબોળ

## અંજાર-માંડવીમાં સાત ઈંચ વરસાદ, બન્નીમાં પણ મેઘકૃપા થતાં માલધારીઓ હરખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ લાંબી મેઘતૃષ્ણા બાદ આખરે સરહદી જિલ્લા કચ્છમાં મેઘરાજાએ લોકો અને અબોલ જીવોની પ્રાર્થના સાંભળી હોય તેમ વિદાય લેતાં-લેતાં આશીર્વાદ વરસાવ્યા હતા. આ આકાશી સંજીવનીના છંટકાવથી આગામી એક પખવાડિયામાં જિલ્લામાં ઘાસચારાની અછત દૂર થઈ જશે. કચ્છના મોટાભાગના વિસ્તારોમાં મંગળવારે ૨થી ૭ ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને એશિયાના સૌથી મોટાં ઘાસનાં મેદાન બન્નીમાં અંદાજે ૭ ઈંચ જેટલો વરસાદ થતાં ત્રણેક દિવસ પહેલાં બન્નીમાંથી સ્થળાંતર કરી ગયેલા પશુપાલકોને પાછા ફરવું પડે તેવી સુખદ પરિસ્થિતિ ઊભી થઈ છે. 'હેડો થિયો આય કે અસાંકે હણે પાછો વરધો પુંધો મી થઈ વ્યો આયે' તેમ એક માલધારી અલારખા નોડેએ કચ્છીમાં જણાવ્યું હતું.

દરમિયાન, બંદરીય શહેર માંડવીમાં મંગળવારે સવારથી જ મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. સવારે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન માત્ર બે કલાકમાં ૧૨૭ મિ.મી., એટલે કે પાંચ ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. ત્યારબાદ સવારે ૬થી બપોરે બે વાગ્યા સુધીમાં માંડવીમાં કુલ ૧૭૭ મિ.મી. એટલે કે ૬.૯૭ ઈંચ વરસાદ નોંધાયો હતો. આમ, માંડવીમાં સવારના થોડાક કલાકોમાં જ લગભગ સાત ઈંચ જેટલા વરસાદથી શહેરની તરસી ધરતીને મેઘરાજાએ તરબોળ કરી દીધી હતી.

માંડવીમાં પડેલા આ ભારે વરસાદને કારણે શહેરની ભીડ બજાર, લાકડા બજાર, આઝાદ ચોક, શિરવા રોડ અને બસ સ્ટેશન વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા હોવાનું માંડવી ચેમ્બર ઓફ કોમર્સના અગ્રણી વાડીલાલ દોશીએ જણાવ્યું હતું. જોકે, વરસાદ ધીમી ધારે અને શાંત રીતે થયો હોવાથી તે ખરીફ પાક માટે વરદાન સાબિત થશે. સાથે જ શાકભાજીના પાકને પણ ફાયદો થતાં આગામી દિવસોમાં શાકભાજીના ભાવમાં ઘટાડો થવાની આશા છે.

સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધીના

(જુઓ પાનું ૨) ▸▸

# ડૉલર સામે રૂપિયાના મૂલ્યમાં સતત ઘટાડો

મુંબઈઃ અમેરિકન ડૉલરની સામે મંગળવારે રૂપિયો ૩૮ પૈસા ઘટીને રૂ. ૯૫.૯૨ પર બંધ રહ્યો હતો.

ઈન્ટબૅન્ક ફૉરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો અમેરિકાના ડૉલરની સામે રૂ. ૯૫.૯૪ પર ખૂલ્યો હતો અને ત્યાર બાદ ગગડ્યો હતો.

ફારેક્સ ટ્રેડર્સના જણાવ્યા અનુસાર તેલના આયાતકારોમાં ડૉલરની વધી રહેલી માગે કારણે નવેસરથી ફુગાવા અને ભારતના નિકાસ વેપાર સંતુલન સામે ચિંતા ઊભી કરી હતી.

આ ઉપરાંત નબળા સ્થાનિક બજારો, મજબૂત ડૉલર અને ગ્લોબલ ટ્રેઝરી યિલ્ડમાં વધારા અંગે વધેલી ચિંતાએ રોકાણકારોના સેન્ટીમેન્ટને ઘસારો પહોંચાડ્યો હતો. અગાઉ શુક્રવારે ડૉલર સામે રૂપિયા રૂ. ૯૫.૫૪

(જુઓ પાનું ૨) ▸▸

# સરકારી બોન્ડમાંથી ₹ ૫૧૦૯ કરોડ પાછા ખેંચતા વિદેશી રોકાણકારો

મુંબઈઃ વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે નબળા પડેલા રોકાણકારોના સેન્ટીમેન્ટ, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (વિદેશી રોકાણકારો) એ છેલ્લા ત્રણ દિવસમાં 'ફુલી એક્સેસિબલ રૂટ' (એફએઆર) હેઠળ સરકારી સિક્યોરિટીઝમાંથી લગભગ ૫૧૦૯.૨૧ કરોડ રૂપિયા ઉપાડી લીધા હતા. 'ફુલી એક્સેસિબલ રૂટ' (એફએઆર) હેઠળ પાત્ર વિદેશી રોકાણકારોને કોઈપણ મર્યાદા વિના અમુક ચોક્કસ સરકારી સિક્યોરિટીઝ ખરીદવાની અને વેચવાની છૂટ હોય છે.

ક્લિયરિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈએલ) ના ડેટા અનુસાર ૧૫ સપ્ટેમ્બરના રોજ એફએઆર હેઠળ સરકારી સિક્યોરિટીઝમાં વિદેશી રોકાણકારોનું રોકાણ ૩૬૬,૮૦૬.૨૮૬ કરોડ રૂપિયા હતું જે નવ સપ્ટેમ્બરના રોજ ૩૭૧,૯૧૫.૪૯૬ કરોડ રૂપિયા હતું.

ડેટા પરથી જાણવા મળે છે કે ૧૦ સપ્ટેમ્બરના રોજ રોકાણ ૩૭૧,૫૨૦.૭૫૧ કરોડ રૂપિયા અને ૧૧ સપ્ટેમ્બરના રોજ ૩૬૬,૭૯૧.૨૮૬ કરોડ રૂપિયા રોકાણ હતું. ચોઈસ વેલ્થના વાઈસ

(જુઓ પાનું ૨) ▸▸

# વ્યાજદર વધવાની વકી

મુંબઈઃ વધતા ફુગાવાને લીધે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ) ઓક્ટોબર અને ડિસેમ્બરના ચાવીરૂપ વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઈન્ટ્સ (બીપીએસ)નો વધારો કરે એવી સંભાવના છે. વિશ્લેષકોનું કહેવું છે કે ફુગાવો વધવાનું ચાલુ રહેવાનો

(જુઓ પાનું ૨) ▸▸

# યુકેના ભાગલાઃ સ્કોટલૅન્ડ, નોર્ધન આયર્લૅન્ડ અને વેલ્સ વચ્ચે કરાર

લંડનઃ યુનાઈટેડ કિંગ્ડમ(યુકે)ની સંસદ પાસેથી સત્તા મેળવનાર ત્રણ ધારાસભા-સ્કોટલૅન્ડ, નોર્ધન આયર્લૅન્ડ અને વેલ્સના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ સોમવારે ઐતિહાસિક સંધિ કરીને યુકેની કેન્દ્રીય સંસદ વેસ્ટમિન્સ્ટરમાંથી અલગ થવાની જાહેરાત કરી હતી. આ ત્રણેય દેશે કરેલું સમજૂતીપત્ર જણાવે છે કે રાજકીય સિનારિયો અમારા ટાપુમાં બદલાતો જાય છે. પહેલી વાર સ્કોટલૅન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લૅન્ડમાં ફર્સ્ટ મિનિસ્ટર છે જે યુનાઈટેડ કિંગ્ડમમાંથી આઝાદી ઈચ્છે છે. વિશ્વના લોકો માટે એ સંકેત છે કે વેસ્ટમિન્સ્ટરનો સમય પૂરો થયો છે.

સ્કોટલૅન્ડના ફર્સ્ટ મિનિસ્ટર (પ્રથમ પ્રધાન) જોન સ્વિને, તેમના વેલ્સના સમકક્ષ રૂન એપ લોરવેર્થ અને નોર્ધન આયર્લૅન્ડના પ્રધાન મિશેલ ઓનીલે કાર્ડિફની શિખર પરિષદમાં સમજૂતીપત્ર પર સહી કરી હતી. આયર્લૅન્ડના વિરોધ પક્ષના

(જુઓ પાનું ૨) ▸▸

# કેદારનાથમાં ૭,૩૫૦ યાત્રાળુને ઉગારાયા

દેહરાદૂન/રુદ્રપ્રયાગઃ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં ભેખડો ધસી પડવાને પગલે કુલ ૭,૩૫૦ યાત્રાળુને બચાવવામાં આવ્યા હતા. બચાવ ટૂકડીએ સોમવારે ૭,૨૦૦ અને મંગળવારે બીજા દોઢસો શ્રદ્ધાળુને બચાવ્યા હતા, એવી માહિતી સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટર (એસઈઓસી)એ આપી હતી.

સેન્ટરના છેલ્લામાં છેલ્લા અહેવાલ પ્રમાણે કેદારનાથ ધામથી પાછા ફરી રહેલા ભાવિકોને ચિરબાસામાંથી સવારના સવા દસ વાગ્યા સુધી બચાવી લેવામાં આવ્યા હતા. આને લીધે

(જુઓ પાનું ૨) ▸▸

# ૧૪ ભારતીય સાથેના જહાજ પર હુમલો

તહેરાનઃ હોમુઝ સ્ટ્રેટમાં એક ઓઈલ ટેન્કર પર થયેલા હુમલાના અહેવાલ બાદ ઈરાન અને અમેરિકા અલગ અલગ દાવા કરી રહ્યા છે. ઈરાનની સરકારી સમાચાર એજન્સી 'ફાર્સ'ના જણાવ્યા અનુસાર, ઈરાનના 'ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ' (આઈઆરજીસી) એ કહ્યું કે આ વ્યૂહાત્મક જળમાર્ગમાં માઈન્સ (દરિયાઈ સુરંગો) સાથે અથડાયા બાદ ટેન્કરમાં વિસ્ફોટ થયો અને તેમાં આગ લાગી ગઈ. ફાર્સે આ જહાજની ઓળખ 'અલ ગૈયા' તરીકે કરી છે, જે પનામાના ધ્વજ ધરાવતું ટેન્કર છે. તેના તમામ ૧૪ ક્રૂ મેમ્બર્સ (કર્મચારીઓ) ભારતીય હોવાનું જણાવાયું હતું.

પરંતુ બીજી તરફ અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે

(જુઓ પાનું ૨) ▸▸

# દુબઈ જતી બે ફ્લાઈટ ૨૪ કલાક મોડી પડી

નવી દિલ્હીઃ દિલ્હી એરપોર્ટ પર એક વિચિત્ર ઘટના બની હતી. દુબઈ જતી બે ફ્લાઇટ્સ ૨૪ કલાકથી વધુ મોડી પડતાં ગુસ્સે ભરાયેલા મુસાફરોએ એરપોર્ટ પર ધરણા કર્યા હતા. મુસાફરોએ ''સ્પાઇસજેટ ચોર છે'' અને ''સ્પાઇસજેટ હાય હાય''ના નારા લગાવ્યા હતા.

સ્પાઇસજેટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ફ્લાઇટ્સ એસજી ૫૧૧૧ અને એસજી ૫૧૦૫ ઓપરેશનલ વિલંબને કારણે મોડી પડી હતી. એક ફ્લાઇટ ગ્રાઉન્ડેડ થયા બાદ બંને ફ્લાઇટ્સ ઓપરેશનલ કારણોસર મોડી પડી હતી. પ્રવક્તાએ ઉમેર્યું હતું કે અસરગ્રસ્ત મુસાફરો માટે અન્ય ફ્લાઇટ્સની વ્યવસ્થા

(જુઓ પાનું ૨) ▸▸

# ભારત પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાનો પ્રસ્તાવ

વોશિંગ્ટન : અમેરિકામાં રશિયા પર પ્રતિબંધ લગાવનારા બિલને લઈને સાંસદોએ અનેક સંશોધન રજૂ કર્યા છે. જેમાં ભારત સહિત રશિયાના ૧૦ મુખ્ય વેપારી ભાગીદારોના નામ સ્પષ્ટપણે સામેલ કરવા અને આ દેશો પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાનો પ્રસ્તાવ છે. અમેરિકાના સંસદમાં આ બિલ પાસ કરવાની અંતિમ તારીખ નજીક આવી રહી છે. એક સુધારામાં ભારત સહિત રશિયાના મુખ્ય વેપારી ભાગીદારોના નામ સ્પષ્ટપણે આપવાનો પ્રસ્તાવ છે. બીજા સુધારામાં રશિયાના વેપારી ભાગીદારો પર ટેરિફ લાદવાની જોગવાઈને સંપૂર્ણપણે દૂર કરવાની માગ

(જુઓ પાનું ૨) ▸▸

ભક્તિ, સર્જન,
ઉત્સવનો મહાકુંભ
મુંબઈ સમાચાર મહા ગણેશોત્સવ
મુંબઈ સમાચાર સાથે ઉજવો
તમારાં ઘરના અનોખા ગણેશોત્સવને...
અને જીતો આકર્ષક ઇનામો!
આ વર્ષે તમારા ઘરમાં
બિરાજેલા શ્રી ગણેશજીની સુંદર
મૂર્તિ, અનોખું ડેકોરેશન અને
ભક્તિભાવથી સજાવેલો પૂજા મંડપનો વીડિયો અમને
મોકલો. તમારી સર્જનાત્મકતા અને શ્રદ્ધાને
મુંબઈ સમાચાર પહોંચાડશે લાખો
વાચકો અને દર્શકો સુધી.
બાપ્પાની દરેક એન્ટ્રીને એક ગિફ્ટ હૅમ્પર તો ખરું જ
બેસ્ટ ઘરગથ્થુ ગણપતિ ડેકોરેશન — પ્રથમ ઈનામ, દ્વિતીય ઈનામ, તૃતીય ઈનામ
બેસ્ટ ક્રિયેટિવ ગણપતિ ડેકોરેશન — ૧ વિજેતા
બેસ્ટ ઈકો-ફ્રેન્ડલી ગણપતિ ડેકોરેશન — ૩ વિજેતા
ટોપ ૧૦ બેસ્ટ ગણેશ પ્રતિમા
ટોપ ૧૦ બેસ્ટ ઈકો-ફ્રેન્ડલી ગણેશ પ્રતિમા
બેસ્ટ થીમ બેઝ ગણપતિ ડેકોરેશન — ૩ વિજેતા
GIFTING PARTNER
HEM® AGARBATTI
આ સ્પર્ધા મુંબઈ અને થાણે પૂરતી સીમિત
ફોટો અને વીડિયો મોકલવાની માર્ગદર્શિકા
• વીડિયો ઓછામાં ઓછો 30 સેકન્ડ અને વધુમાં વધુ ૧થી ૨ મિનિટનો હોવો જોઈએ.
• વીડિયો મોબાઈલથી શૂટ કરેલો હોય તો ફોન ઊભો (Vertical) રાખવો.
• Horizontal વીડિયો માન્ય રહેશે નહીં. • ફોટો અને વીડિયો What'sApp અથવા રજિસ્ટર્ડ ઈ-મેઈલ દ્વારા મોકલવાના રહેશે.
• પાંચ નિષ્ણાત જજોની પેનલ દ્વારા વિવિધ માપદંડોના આધારે વિજેતાઓની પસંદગી કરવામાં આવશે.
• જ્યૂરીનો નિર્ણય અંતિમ અને સર્વમાન્ય રહેશે. • સ્પર્ધાના તમામ નિર્ણય અને હકક મુંબઈસમાચારને આધીન રહેશે
• આવેલા તમામ વીડિયોને મુંબઈસમાચારની ગુજરાતી, મરાઠી, હિંદી અને અંગ્રેજી યુ-ટ્યૂબ ચૅનલ તેમ જ ફોટાને મુંબઈસમાચારમાં **સ્થાન અપાશે.**
દરેક એન્ટ્રી સાથે નીચેની વિગતો મોકલવી જરૂરી રહેશેઃ • ડેકોરેશનની થીમનું નામ • ઈકો-ફ્રેન્ડલી ડેકોરેશન (હા/ના) • ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિ (હા/ના) • સહભાગીનું પૂરું નામ • મોબાઈલ નંબર • સરનામું
એન્ટ્રી મોકલવાની છેલ્લી તારીખઃ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬
વીડિયો મોકલવાનો નંબર અને વેબસાઈટ : +91 70211 15823
https://ganpati.bombaysamachar.com/

# ભારત ફરી જીત્યું, અફઘાનિસ્તાન સામે ૨-૦થી વિજયી સરસાઈ મેળવી

નવી દિલ્હીઃ ભારતે અહીં ગઈ કાલે બૅટિંગમાં થોડા સંઘર્ષ બાદ અફઘાનિસ્તાનને સિરીઝની બીજી ટી-૨૦માં પણ પરાજિત કરીને શ્રેણીમાં ૨-૦થી વિજયી સરસાઈ મેળવી હતી. ૨૦૨૬ના વર્ષમાં ભારતે અફઘાનિસ્તાન સામે ટેસ્ટ અને વન-ડે પછી હવે ટી-૨૦ સિરીઝ પણ જીતીને અનોખી હૅટ-ટ્રિક કરી છે. ૧૬૦ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યા બાદ ભારતે ૧૪.૫ ઓવરમાં ૩/૧૬૩ના સ્કોર સાથે જીત હાંસલ કરી હતી. ઓપનર અભિષેક (૩૯ રન, ૧૯ બૉલ, ચાર છગ્ગા, બે ચોગ્ગા) આઉટ થઈ ગયો ત્યાર બાદ સંજુ સૅમસન (૫૭ રન, બાવીસ બૉલ, ચાર છગ્ગા અને સાત ચોગ્ગા)ને ઇશાન કિશનનો સાથ મળ્યો હતો. સૅમસન પાછો ફૉર્મમાં આવી ગયો અને તેણે ધમાકેદાર બૅટિંગ કરી હતી. અભિષેક-સૅમસન વચ્ચે ૩૮ બૉલમાં ૮૮ રનની ભાગીદારી થઈ હતી. જોકે સાતમી ઓવરમાં રાશીદ ખાને અભિષેક અને સૅમસનની વિકેટ લેતાં ભારતનું રનમશીન ધીમું પડી ગયું હતું. રાશીદે પછીથી શ્રેયસ ઐયર (૧૧ રન)ને આઉટ કરી દેતાં ભારતીય ટીમ થોડી ચિંતામાં મુકાઈ ગઈ હતી. જોકે ઇશાન કિશન (૩૮ અણનમ, ૨૩ બૉલ, બે છગ્ગા, ત્રણ ચોગ્ગા) અને તિલક વર્મા (૧૫ અણનમ, ૧૪ બૉલ, એક ચોગ્ગો)એ ગઢ સાચવી રાખ્યો હતો. એ પહેલાં, અફઘાનિસ્તાને આઠ વિકેટે ૧૫૯ રન બનાવ્યા અને ભારતને ૧૬૦ રનનો લક્ષ્યાંક મળ્યો છે. આઠમાંથી ત્રણ વિકેટ પેસ બોલર નીતીશ કુમાર રેડ્ડીએ, બે વિકેટ અર્શદીપે તેમ જ એક-એક વિકેટ સ્પિનર અક્ષર, બિશ્નોઈએ તેમ જ મુખ્ય પેસ બોલર બુમરાહે લીધી હતી. ■

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હુતી સાઉદીમાં ભડકો કરાવે તો દુનિયાની વાટ લાગી જાય

**અમેરિકા** અને ઈરાન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થયું નથી ત્યાં ઈરાને ઊભા કરેલા સંગઠન અંસાર અલ્લાહે સાઉદી અરેબિયા પર હુમલો કરી દેતાં મિડલ ઈસ્ટમાં નવી મોંકાણ મંડાઈ છે. અંસાર અલ્લાહના હુમલાને કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલના પુરવઠાને અસર પહોંચે એવો ખતરો તો છે જ પણ અમેરિકા-ઈરાન યુદ્ધનો ઓછાયો સાઉદી સહિતના અમેરિકાના સાથી દેશો લગી પહોંચે એવા ભણકારા પણ વાગી રહ્યા છે.

સાઉદી અરેબિયા, યુએઈ, કતાર વગેરે અમેરિકાના સાથી દેશો દુનિયામાં ક્રૂડના સૌથી મોટા સપ્લાયર છે. આ દેશો ક્રૂડના નહીં પણ આગના કૂવા પર બેઠેલા છે તેથી આ દેશો લગી યુદ્ધ પહોંચી જાય તો આખું મિડલ ઈસ્ટ ભડકે બળે અને કોઈએ કલ્પના પણ ના કરી હોય એવી તબાહી સર્જાય. ક્રૂડના કૂવા ભડકે બળે એટલે ભાવ પણ ભડકે બળે જ ને તેમાં આખી દુનિયાનાં અર્થતંત્રની બોન પૈણાઈ જાય.

હુતીઝ તરીકે ઓળખાતા અંસાર અલ્લાહે અત્યારે કરેલો ડ્રોન હુમલો બહુ મોટો નથી પણ આ ડ્રોન હુમલામાં સાઉદી અરેબિયાની મહત્ત્વની ઓઈલ-ગેસ પાઈપલાઈનને ભારે નુકસાન થયું છે. રીફાઈનરીથી બંદર સુધીની આ પાઈપલાઈન અઠવાડિયામાં ફરીથી ચાલુ ના કરાય તો બહુ થોડા દિવસોમાં નિકાસ માટે ક્રૂડ ઓઈલનો નિકાસ માટેનો સ્ટોક ખતમ થઈ જાય. મતલબ કે, સાઉદી અરેબિયા દુનિયાના બીજા દેશોમાં ક્રૂડ ઓઈલ ના મોકલી શકે.

અત્યારે વૈશ્વિક ક્રૂડ સપ્લાયમાં સાઉદી અરેબિયાનો હિસ્સો ૪ ટકાથી ૧૦ ટકા જેટલો છે. વૈશ્વિક સમીકરણો બદલાય એમ આ હિસ્સો બદલાય છે પણ આપણે ઓછામાં ઓછા હિસ્સાને ગણતરીમાં લઈએ તો પણ બજારમાંથી વૈશ્વિક ક્રૂડ ઓઈલનો ૪ ટકા પુરવઠો તો ઘટી જ જાય. અત્યારે સાઉદી પાસે રેડ સી એટલે કે લાલ સમુદ્રના યાન્બુ બંદર પર ફક્ત પાંચથી સાત દિવસ માટે નિકાસ જાળવી રાખવા જેટલું જ ક્રૂડ બચ્યું છે એ જોતાં પાઇપલાઇન ચાલુ ના થાય તો દુનિયાની વાટ લાગી જવાની છે.

સાઉદી કેટલા સમયમાં પાઈપલાઈ ચાલુ કરશે એ વિશે અલગ અલગ દાવા થાય છે. એક રિપોર્ટ એવો છે કે, ત્રણ-ચાર દિવસમાં સમારકામ થઈ જશે જ્યારે બીજા રીપોર્ટ પ્રમાણે, સમારકામમાં પાંચથી છ અઠવાડિયા લાગી શકે છે. બીજો રીપોર્ટ સાચો હોય તો આવતા અઠવાડિયાથી જ ક્રૂડનો પુરવઠો ઘટવાનું ને ભાવો વધવાનું ચાલુ થઈ જાય. તેની અસર બધા દેશોના અર્થતંત્ર પર પડવા માંડે. ભારતને તો સૌથી વધારે અસર થાય. આ સમારકામ દરમિયાન હુતીઝના હુમલામાં નવું કશું નુકસાન ના થાય એ પણ જરૂરી છે કેમ કે સાઉદી એક પાઈપલાઈન રીપેર કરે ને હુતીઝ બીજે નુકસાન કરી દે તો સ્થિતી ખરાબ થાય જ. આ સ્થિતિ ના સર્જાય એ માટે હુતીઝ હમણાં નવા હુમલા ના કરે એવી પ્રાર્થના કરીએ, બીજું શું.

હુતીઝે સાઉદી અરેબિયામાં કરેલા હુમલાએ ફરી એક વાતનો અહેસાસ કરાવ્યો છે કે, ઈરાન ભલે અમેરિકા જેટલું તાકાતવર ના હોય પણ તેનામાં આખી દુનિયાના અર્થતંત્રને ડામાડોળ કરી નાંખવાની તાકાત છે જ. અમેરિકા બહુ દૂર છે એટલે ઈરાનના હાથ અમેરિકા લગી ના પહોંચે પણ અમેરિકા જેમના રવાડે ચડીને ઈરાનને પાંસરું કરવા હુમલા કરી રહ્યું છે એ સાઉદી અરેબિયા સહિતના દેશોને તો ઈરાન ધોળે દિવસે તારા દેખાડી જ શકે છે.

આ પહેલાં ૨૦૨૩માં ઈરાન અને અમેરિકા વચ્ચે તણાવ થયો ત્યારે પણ ઈરાને હુતીઝ પાસે સાઉદી અરેબિયાની સરકારી ઓઇલ કંપની અરામકોની બે રીફાઈરી પર ડ્રોન હુમલા કરાવીને સાઉદીને ચીમકી આપેલી જ. હુતીઝના હુમલા પછી સાઉદી ટાઢું થઈને બેસી ગયેલું તેથી ભડકો નહોતો થયો. આ વખતે પણ સાઉદી અરેબિયા સાનમાં સમજી જાય તો વાત અહીં પતી જશે, બાકી ભડકો થઈ શકે છે. સાઉદીએ તાજો તાજો પાકિસ્તાન અને તુર્કી સાથે મક્કા કરાર કર્યો છે. તેના કારણે હવામાં આવીને હુતીઝને જવાબ આપવા બાંયો ચડાવે તો મિડલ ઈસ્ટની તબાહી નક્કી છે.

સાઉદી શાંતિ રાખે એ જરૂરી છે કેમ કે હુતીઝ ઉર્ફે અંસાર અલ્લાહ તેને ભારે નુકસાન કરી શકે તેમ છે. ઈરાને ઊભા કરેલા અંસાર અલ્લાહનો ઈતિહાસ ત્રણ દાયકાથી વધારે જૂનો છે. હુતીની સ્થાપના યમનમાં ૧૯૯૪માં થઈ હતી. અંસાર અલ્લાહ એટલે અલ્લાહના સમર્થકો. હુસૈન બદરેદ્દીન અલ-હુથીએ આ સંગઠનની સ્થાપના કરી તેથી તેને હુતી ચળવળ કહે છે. હુસૈને પોતાની સાથે શિયા અને સુન્ની બંનેને લીધા હતા પણ ઈરાને આર્થિક મદદ કરીને તેના પર પરોક્ષ કબજો કર્યો પછી હવે શિયાઓનું જ સંગઠન છે.

યમન પર કબજા માટે વરસોથી શિયા અને સુન્ની સામસામે લડ્યા જ કરે છે. એક જમાનામાં ઉત્તર યમન પર ઓટોમાન સામ્રાજ્યના બાદશાહો એટલે કે તુર્કીનો કબજો હતો. તુર્કી ત્યારે જર્મનો સાથે હતું જ્યારે દક્ષિણ યમન બ્રિટનના તાબા હેઠળ હતું. ૧૯૯૦માં ઉત્તર અને દક્ષિણ યમનના એકીકરણ બાદ ૧૯૯૦માં નવો યમન દેશ અસ્તિત્વમાં આવ્યો પણ શિયા વર્સીસ સુન્નીના ઝગડા ચાલુ જ રહ્યા. યમનમાં અલી અબ્દુલ્લાહ સાલેહ પ્રમુખ હતા ત્યારે હુતી સંગઠન અસ્તિત્વમાં આવ્યું. સાલેહ સાઉદી અરેબિયા અને અમેરિકાના પીઠ્ઠુ છે અને બેફામ ભ્રષ્ટાચાર કરે છે તેવો આક્ષેપ મૂકીને તેની સામે લડવા આ સંગઠન રચાયેલું. આ કારણે અંસાર અલ્લાહ શરૂઆતમાં રાજકીય રીતે લડતું પણ ૨૦૦૪માં યમનના લશ્કરે હુસૈન અને તેના સંખ્યાબંધ માણસોની હત્યા કરી પછી સંગઠને હથિયાર ઉઠાવી લીધાં. હુસૈનના ભાઈ અબ્દુલ મલિક અલ-હુતીએ તેની આગેવાની લીધી ને પંદર વર્ષમાં આ સંગઠનને તાકાતવર બનાવી દીધું છે.

સાઉદી અરેબિયા અને યમન વચ્ચે ૧૪૫૦ કિલોમીટર લાંબી સરહદ છે. આ સરહદના મોટા ભાગના વિસ્તારો પર હુતીનો કબજો હોવાથી સાઉદીને પરેશાન કરવું સરળ છે. યમનની રાજધાની ઉપરાંત મોટા ભાગનો ઉત્તર અને પશ્ચિમનો વિસ્તાર હુતીઓના કબજામાં છે. મિડલ ઈસ્ટમાં રેડ સી મહત્ત્વનો છે. રેડ સીના કાંઠાનો આખો વિસ્તાર હુતીઓના કબજામાં છે તેથી સાઉદી તેને હળવાશથી લઈ શકે તેમ નથી.

હુતી પાસે અત્યારે પોતાના સાડા ત્રણ લાખથી વધારે સૈનિકો છે કે જે મોટા ભાગના યમન પર કબજો કરીને બેઠા છે. ઈરાન તેને તન, મન, ધનથી મદદ કરે છે તેથી શસ્ત્રો કે નાણાંની ચિંતા નથી. અમેરિકા તથા સાઉદી સહિતના તેના સાથી દેશો સામે ઝીંક ઝીલવા ઈરાને એક્સિસ ઓફ રેઝિસ્ટન્સ બનાવી તેમાં હુતી ઉપરાંત હિઝબુલ્લાહ, ઈસ્લામિક રેઝિસ્ટન્સ, પોપ્યુલર મોબિલાઈઝેશન ફોર્સીસ, ઈસ્લામિક જિહાદ સહિતનાં સંગઠનો છે. આ સંગઠનો પણ એકબીજાને મદદ કરે છે તેથી સાઉદી હુતીને હળવાશથી ના લઈ શકે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન-સૌરશરદઋતુ, બુધવાર, તા. ૧૬-૯-૨૦૨૬, સંવત્સરી (પંચમી પક્ષ જૈન)

- ભારતીય દિનાંક ૨૫, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર વિશાખા બપોરે ક. ૧૭-૨૩ સુધી અનુરાધા
- ચંદ્ર તુલામાં સવારે ક. ૧૦-૪૮ સુધી, પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત), વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા . ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૮ (તા. ૧૭)
- ઓટઃ સવારે ક. ૦૮-૩૮, રાત્રે ક. ૨૦-૪૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - પંચમી. સંવત્સરી (પંચમી પક્ષ જૈન) મેલાપાટ (કાશ્મીર), વિંછુડો પ્રારંભ સવારે ક. ૧૦-૪૮.
- શુભાશુભ દિનશુદ્ધિઃ બપોરે ક. ૧૨-૨૩ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.

મુહૂર્ત વિશેષઃ ઈન્દ્ર અને અગ્નિદેવતાનું પૂજન, વૈધૃતિ જન્મયોગ, શાંતિ પૂજા, પર્વ ઉત્સવ નિમિત્તે નવા વસ્રો, આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, વિશેષરૂપે બુધ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, ૐ ઈન્દ્રાગ્ની ભ્યાં નમઃના મંત્રજાપ, ૐ વિશાખા ભ્યાં નમઃ ના મંત્રજાપ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.

- શ્રી ગણેશ મહિમાઃ જન્મકુંડળીમાં ચંદ્રના મંગળ અને રાહુ સાથેના અશુભ યોગો હોય તેમણે મનની સ્થિરતા માટે ગણપતિની આરાધના, ગણેશ સ્તોત્રના પાઠ, સંકષ્ટીનું વ્રત ઈત્યાદિ અવશ્ય કરવા. ધર્મનું પાલન કરવું, શ્રી ગણેશ બુદ્ધિ, ઐશ્વર્ય, આરોગ્ય, ધૈર્ય, ધનસંપત્તિ દાતા વિઘ્નહર્તા, સુખકર્તા દેવ છે. શ્રી ગણેશની ભક્તિ ઉપાસનાનું ફળ શીઘ્ર પ્રાપ્ત થાય છે. શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતી ભક્તિ સરળ જણાય છે. માટે શ્રી ગણેશની ભક્તિમાં ઊણપ, કચાશ દાખવવી નહિ. અશ્રદ્ધા દાખવવી નહીં, પરંતુ સાહજિક શ્રદ્ધા દાખવવાથી અતૂટ શ્રદ્ધા કેળવાય છે.
- આચમનઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ સાહસિક, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ શંકાશીલ, ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ ભાવના પ્રધાન ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય-સિંહ, મંગળ-મિથુન, માર્ગી બુધ-કન્યા, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### યુપીઆઈ પેમેન્ટ

ટ્રાન્ઝેક્શન ફ્રી હશે. એક વ્યક્તિ દ્વારા અન્ય વ્યક્તિને સાથે કરવામાં આવતાં તમામ યુપીઆઈ ટ્રાન્ઝેક્શન પણ ફ્રી હશે.

અગાઉ, ૧૪ સપ્ટેમ્બરે બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ એક વ્યક્તિ દ્વારા બીજી વ્યક્તિને રૂ-પે ડેબિટ કાર્ડ કે યુપીઆઈ ટ્રાન્ઝેક્શન મારફતે કરવામાં આવતાં રૂ. ૨,૦૦૦ સુધીનાં ટ્રાન્ઝેક્શન પર બૅન્ક કે સિસ્ટમ પ્રોવાઈડર સીધી કે આડકતરી રીતે કોઈ ચાર્જ વસૂલી નહીં શકે.

આ નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતા કૉંગ્રેસે મંગળવારે સરકાર પર પ્રહાર કરતા કહ્યું હતું કે આ નિર્ણય લઈને સરકારે આ પ્રકારના ટ્રાન્ઝેક્શન પર ચાર્જ વસૂલવાનો માર્ગ ચૂપચાપ મોકળો કરી દીધો છે. (એજન્સી) ■

### શૅરબજારમાં કડાકો

ઘટીને દિવસની સૌથી નીચલી સપાટીએ એટલે કે ૭૩,૯૯૪.૦૩ પર બંધ રહ્યો હતો.

૫૦ કંપની ધરાવતો એનએસઈ ૨૭૯ પૉઈન્ટ કે ૧.૧૯ ટકા ઘટીને ૨૩,૧૧૮.૬૦ના એપ્રિલ બાદના સૌથી નીચલા સ્તર પર બંધ રહ્યો હતો.

૩૦ કંપની ધરાવતા સેન્સેક્સમાં ભારત ઈલેક્ટ્રોનિક્સના શૅરના ભાવમાં છ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ઈન્ટરગ્લોબ એવિયેશન, ટાઈટન, બજાજ ફાઈનાન્સ સર્વિસ, અદાણી પોર્ટ્સ, મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રા અને સ્ટેટ બૅન્કના શૅરના ભાવ પણ ગગડી ગયા હતા. એચસીએલના ભાવમાં ૩.૯૮ ટકા, ઈન્ફોસિસ ૩.૬૪ ટકા, ટેક મહિન્દ્રા ૨.૩૧ ટકા, ટીસીએસ ૨.૧૮ ટકા અને એચડીએફસી બૅન્કના શૅરના ભાવમાં ૧.૨૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

ગ્લોબલ બૅન્ચમાર્ક ગણાતા બ્રેન્ટ ક્રૂડના ભાવ ૧.૮૯ ટકા વધીને પ્રતિબેરલ ૧૦૭.૭ ડૉલર પર પહોંચ્યો હતો.

ક્રૂડતેલ અને ગ્લોબલ બૉન્ડના ભાવમાં જોવા મળેલા વધારાને કારણે સ્થાનિક બજારો દબાણ હેઠળ રહ્યા હતા. મોટા અને મહત્ત્વના અર્થતંત્રો દ્વારા કડક નીતિ અપનાવવામાં આવે એવી વધતી અપેક્ષાઓ અને આ અઠવાડિયે મળનારી આરબીઆઈની ચાવીરૂપ બેઠક અગાઉ રોકાણકારોએ સાવધનીનું વલણ અપનાવ્યું હતું. (એજન્સી) ■

### ડૉલર સામે

પર બંધ રહ્યો હતો. ગણેશ ચતુર્થીને કારણે સોમવારે ફોરેક્સ અને ઈક્વિટી બજાર બંધ રહ્યા હતા.

રિસર્ચ એનાલિસ્ટના જણાવ્યા અનુસાર પુરવઠો ખોરવાઈ જવાની ચિંતા વચ્ચે વૈશ્વિક સ્તરે ક્રૂડતેલના ભાવમાં થયેલા વધારો અને મજબૂત બનેલો ડૉલર રૂપિયા પરનું દબાણ વધારશે.

જોકે આરબીઆઈની દરમિયાનગીરી નીચલા સ્તરે રૂપિયાને ટેકો આપી શકે એમ છે.

બુધવારે યોજાનારી ફેડરલ ઑપન માર્કેટ કમિટી (એફઓએમસી)ની બેઠક અગાઉ રોકાણકારો સાવધ રહે એવી અપેક્ષા છે.

ડૉલર-રૂપિયાની સ્પૉટ પ્રાઈસ રૂ. ૯૫.૭૫થી રૂ. ૯૬.૧૫ વચ્ચે રહે એવી અપેક્ષા છે. (એજન્સી) ■

### કચ્છીઓનાં

વરસાદના આંકડા મુજબ કચ્છમાં સૌથી વધુ માંડવીમાં ૧૭૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ અબડાસામાં ૫૪, મુંદરામાં ૪૦, નખત્રાણામાં ૩૩, ભુજમાં ૩૨, લખપતમાં ૨૩, ગાંધીધામમાં ૧૬ અને અંજારમાં ૧૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે રાપર અને ભચાઉમાં આ આઠ કલાક દરમિયાન વરસાદ નોંધાયો નહોતો.

બીજી તરફ, ૧૪ સપ્ટેમ્બર સવારે ૬થી ૧૫ સપ્ટેમ્બર સવારે ૬ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં અંજારમાં ૭.૨૪ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ સમયગાળામાં અંજાર કચ્છમાં સૌથી વધુ વરસાદવાળો તાલુકો રહ્યો હતો. આમ, એક તરફ અંજારમાં ૨૪ કલાકની મેઘમહેર રહી તો બીજી તરફ માંડવીમાં માત્ર બે કલાકમાં પાંચ ઈંચના ધોધમાર વરસાદે સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

દરમિયાન, ભુજના હમીરસર તળાવમાં વરસાદી પાણી પહોંચતાં મોટા બંધમાં પાણીનો પ્રવાહ ધસમસતો આવવા માંડ્યો હતો. હમીરસરમાં નવાં નીરનાં વધામણાં કરવા લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને સાંજ પડતાં અહીં મેળા જેવો માહોલ સર્જાયો હતો. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ભુજવાસીઓ માટે હમીરસરમાં નવા પાણીની આવક ખુશીની સાથે રાહતનો સંદેશ પણ લઈને આવી હતી.

વીતેલા ચોવીસ કલાક દરમ્યાન કચ્છમાં કુલ ૩૮૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે ચાલુ સિઝનમાં કચ્છનો કુલ વરસાદ ૨૮૧૯ મિ.મી. થયો છે. તાલુકાવાર સિઝનના કુલ વરસાદની વાત કરીએ તો રાપર ૪૨૭ મિ.મી. સાથે આગળ છે, જ્યારે માંડવીમાં ૩૩૫, ભચાઉમાં ૩૧૬, ગાંધીધામ અને અંજારમાં ૨૯૯-૨૯૯, મુંદરામાં ૨૮૯, ભુજમાં ૨૭૨, નખત્રાણામાં ૨૩૦, લખપતમાં ૧૭૯ અને અબડાસામાં ૧૭૩ મિ.મી. વરસાદ નોંધાયો છે.

લાંબા સમયથી વરસાદની અછત અને દુષ્કાળ જેવી પરિસ્થિતિનો સામનો કરી રહેલા કચ્છમાં આ વરસાદે ખેડૂતો ઉપરાંત માલધારીઓ અને પશુપાલકોમાં પણ રાહતનો શ્વાસ ફૂંક્યો છે. ખાસ કરીને બન્નીમાં વરસેલા સારા વરસાદથી ઘાસચારો ઊગી નીકળવાની આશા જાગી છે. પરિણામે સ્થળાંતર કરી ગયેલા માલધારીઓને ફરી બન્ની તરફ પાછા ફરવાની આશા બંધાઈ છે.

હવામાન વિભાગે આગામી દિવસોમાં કચ્છમાં છૂટાછવાયાં સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદના ઝાપટાં પડવાની આગાહી કરી છે. એટલે વિદાય લેતાં પહેલાં મેઘરાજાએ વરસાવેલા આ 'પૂંછડિયા' વરસાદે કચ્છની તરસ તો છીપાવી જ છે, સાથે તળાવો-જળાશયોમાં નવા નીર અને બન્નીના માલધારીઓ માટે ઘાસચારાની આશા પણ જગાવી છે.

ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની ઘટ જણાતી હતી અને સામાન્ય લોકો, ખેડૂતો અને તંત્ર ચિંતામાં હતા ત્યારે ગણેશ ચતુર્થીના દિવસે સોમવારે રાજ્યભરમાં વરસાદી વાતાવરણ જામ્યું હતું. સોમવારે ૨૬૦ તાલુકામાં વરસાદ વરસ્યો હતો જ્યારે મંગળવારે ૯૫ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. રાજ્યનો સરેરાશ ૮૪ ટકા વરસાદ નોંધાયો હોવાનું સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરના આંકડા દ્વારા જાણવા મળ્યું હતું.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર મુજબ મંગળવારે સવારે છ કલાકે પૂરા થયેલા ૨૪ કલાકમાં રાજ્યના ૨૫૯ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં એક તાલુકામાં સાત ઇંચથી વધારે, એક તાલુકામાં છ ઇંચથી વધારે, ચાર તાલુકામાં ૫ ઇંચથી વધારે, આઠ તાલુકામાં ચાર ઇંચથી વધારે, ૨૬ તાલુકામાં ત્રણ ઇંચથી વધારે, ૩૭ તાલુકામાં બે ઇંચથી વધારે વરસાદ વરસ્યો નોંધાયો હતો.

કચ્છના અંજારમાં સૌથી વધુ ૭.૨૪ ઇંચ વરસાદ પડ્યો હતો. ભાવનગરના વલ્લભીપુરમાં ૬.૧ ઇંચ અને જામનગર શહેરમાં ૫.૫૯ ઇંચ ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત બોરસદમાં ૫.૫૧ ઇંચ, કોટડા સાંગાણીમાં ૫.૨ ઇંચ અને ગાંધીધામ, ભચાઉ, કડી, કરજણ, સુરત શહેર તથા ધોળકા સહિતના વિસ્તારોમાં ચાર ઇંચથી વધુ વરસાદ નોંધાતા જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. જ્યારે અમદાવાદ શહેરમાં પણ ૩.૪૩ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

જ્યારે અમદાવાદમાં સોમવારે સરેરાશ ૩.૩૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. ધોધમાર વરસાદને કારણે બોપલ, શેલા, આંબલી, સિંધુ ભવન રોડ, વસ્ત્રાપુર, પ્રહલાદનગર, જોધપુર, મણિનગર, હાટકેશ્વર, ખોખરા અને નિકોલ સહિતના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં. અનેક રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા હતા, કેટલાક વિસ્તારોમાં રહેણાક સોસાયટીઓ અને દુકાનો- કારખાનાઓમાં પાણી ઘૂસી ગયાં હતાં.

જાહેર રસ્તાઓ પર ભરાયેલા પાણીને કારણે સ્કૂલબસ અટવાઈ પડી હતી. જોકે બાળકોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવાયાં હતાં. આવી જ રીતે એમ્બ્યુલન્સને પણ મુશ્કેલીઓ નડી હતી. ઘણી જગ્યાએ ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. અગાઉ પણ જુલાઈ મહિનામાં અમદાવાદમાં એક દિવસમાં ધોધમાર વરસાદ ખાબકતાં શહેરીજનોએ પારાવાર મુશ્કેલીઓ અનુભવી હતી. વડોદરામાં પણ સોમવારે સવારથી જ ધોધવાર વરસાદ વરસ્યો હતો. મોટાભાગના વિસ્તારોમાં ગણપતિ આગમન વરસતા વરસાદમાં થયું હતું. વરસાદ વરસતા સૌથી વધારે આનંદ ખેડૂતોમાં વ્યાપ્યો હતો. દુષ્કાળની ભીતિમાં જીવતા ખેડૂતોને વાવણીલાયક વરસાદ થતા હાશકારો થયો હતો. આ સાથે પશુધન માટે પણ ઘાસચારાની વ્યવસ્થા થઈ હતી. બીજી બાજુ વરસાદી આફતને કારણે રાજ્યમાં સાત જણનાં મૃત્યુ થયાં હતાં. જેમાં વીજળી પડતા, વીજશોક લાગતા, તણાઈ જતા અને જર્જરિત ઈમારતો ધરાશાયી થતા મોત થયાનું જાણવા મળ્યું હતું. રાજ્યમાં આગામી છ દિવસ વરસાદી વાતાવરણ જળવાઈ રહેવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું. ■

### સરકારી બોન્ડમાંથી

પ્રેસિડેન્ટ માતાપ્રસાદ પાંડેએ જણાવ્યું હતું કે, ''અમે એફએઆર રૂટ હેઠળ સરકારી સિક્યોરિટીઝમાં વિદેશી રોકાણકારો દ્વારા નોંધપાત્ર વેચવાલી જોઈ છે. અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધની વણસતી સ્થિતિ વચ્ચે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ (જે ૧૧૦ અમેરિકન ડૉલર આસપાસ છે) સાથે સાથે યુએસ ટ્રેઝરી યીલ્ડ પાંચ ટકાની સપાટીની નજીક પહોંચવું અને રૂપિયા પર સતત દબાણ - આ તમામ પરિબળોએ ભારતીય સરકારી બોન્ડ્સ (સોવરિન ડેટ) ને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો માટે પ્રમાણમાં ઓછા આકર્ષક બનાવ્યા છે.''

સઉદી અરેબિયાની ઈસ્ટ-વેસ્ટ પાઈપલાઈન પરના હુમલાને કારણે પુરવઠા અંગેની વૈશ્વિક ચિંતાઓ વધી છે અને ગલ્ફ આરબ દેશો તથા ઈરાન વચ્ચેની નિર્ધારિત વાટાઘાટો મુલતવી રાખવામાં આવી છે, જેના પરિણામે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે. હાલમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૭.૪૧ અમેરિકન ડૉલર પ્રતિ બેરલ છે. વધુમાં સોમવારે બેન્ચમાર્ક ૧૦-વર્ષીય યુએસ ટ્રેઝરી નોટની યીલ્ડ ૨૦૨૩ પછી પ્રથમ વખત પાંચ ટકાને વટાવી ગઈ હતી, કારણ કે તેલના ભાવમાં તીવ્ર વધારાને લીધે વૈશ્વિક સ્તરે સરકારી બોન્ડ્સમાં વેચવાલી વધી હતી. ■

### વ્યાજદર

હોવાથી વ્યાજદર વધારવા જરૂરી બન્યા છે. પશ્ચિમ એશિયામાં તંગદિલી વધતા તેલના ભાવ બેરલદીઠ ૧૦૦ અમેરિકાની ડૉલર આંબી ગયા છે, અલ નિનોનો પ્રભાવ વધતો જાય છે, અમેરિકની ફેડરલ બૅન્ક વ્યાજદર વધવાની સંભાવના હોવાથી ભારત અને અમેરિકાના વ્યાજદરમાં તફાવત ઓછો થતો જાય છે અને મજબૂત જીડીપી જેવા પરિબળો આરબીઆઈને વ્યાજદર વધારવા પ્રભાવિત કરે.

સત્તાવાર ડેટામાં ગ્રાહકના ભાવનો ફુગાવો ઑગસ્ટમાં વધીને ૪.૮૨ ટકા થયો હતો, જે જુલાઈમાં ૪.૪૫ ટકા હતો. વિશ્લેષકો માને છે કે તેલનો ભાવ ૧૦૦ ડૉલર પહોંચતા હવે સમય પાકી ગયો છે કે આરબીઆઈ વ્યાજદર વધારવાની સાઈકલ ચાલુ કરે. એસબીઆઈએ કહ્યું હતું કે ગ્રાહકોના ભાવનો ફુગાવો સાડાછને પાર કરે એવી અમારી અપેક્ષા છે અને ૨૦૨૭ની શરૂઆતમાં ઘટીને છ ટકા થાય. (એજન્સી) ■

### કેદારનાથમાં

કુલ ૭,૩૫૦ શ્રદ્ધાળુને રૂટથી સલામત લાવવામાં આવ્યા હતા. બે દિવસ પહેલાં ભૂસ્ખલનને લીધે કેદારનાથી યાત્રા બંધ થઈ ગઈ હતી. માર્ગ પરથી કાટમાળ ખસેડવાનું કામ ચાલુ છે. અગાઉ સેન્ટરે કહ્યું હતું કે અમે ૭,૨૦૦ જાત્રાળુ અને ૧,૨૦૦ ખચ્ચરને ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોમાંથી બચાવી લીધા હતા. રવિવારે મોટી શિલા, પથ્થર અને કાટમાળ ચિરબાસા હેલિપેડ નજીક પડતાં રૂટને નુકસાન થયું હતું.

પોલીસના જણાવ્યા પ્રમાણે મજદૂરો રૂટને સાફ કરવા યુદ્ધનાં ધોરણે કામ કરી રહ્યા છે. પોલીસ, જાહેર બાધકામ વિભાગ અને ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર રિલિફ ફોર્સ સુરક્ષાના પગલાં લઈ રહી છે. જોકે કેદારનાથ જવા ઈચ્છતા ભાવિકોએ રાહ જોવી પડશે. એક વાર રૂટમાંથી કાટમાળ ખસેડયા બાદ જ આ પરવાનગી અપાશે. કેદારનાથી પગપાળા જનાર ભાવિકો સોનપ્રયાગ અને ગૌરીકુંડમાં રવિવારથી રઝળી પડ્યા છે. પોલીસે ભાવિકોને રૂટ સાફ ન થાય ત્યાં સુધી ધૈર્ય રાખવાનું કહ્યું છે. (એજન્સી) ■

### ભારત પર

કરવામાં આવી છે. ડેમોક્રેટિક સાંસદ સ્ટેની હોયર દ્વારા રજૂ કરાયેલા સંશોધનમાં ચીન, ભારત, તુર્કી, અઝરબૈજાન, હંગેરી, સ્લોવાક રિપબ્લિક, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ), સિંગાપોર, કઝાકિસ્તાન અને કિર્ગિઝ રિપબ્લિકને એ દેશોમાં સામેલ કરવાનો પ્રસ્તાવ છે જેના પર ૧૦૦ ટકા ટેરિફ લગાવવામાં આવી શકે છે. આ સુધારો એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે રશિયા પર પ્રતિબંધો સંબંધિત બિલ પસાર કરવા માટે કાયદા ઘડનારાઓ પાસે ખૂબ જ ઓછો સમય બાકી છે.

''લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્ક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ'' ગયા મહિને અમેરિકાના સેનેટે ૮૬-૧૧ મતથી પસાર કરવામાં આવ્યો હતો. આ બિલ રશિયાના ટોચના નેતૃત્વ અને ઉર્જા ક્ષેત્ર પર પ્રતિબંધો લાદે છે, તેમજ પ્રતિબંધોથી બચીને રશિયાને તેલ સપ્લાય કરવા માટે ''શેડો ફ્લીટ'' તરીકે ઉપયોગમાં લેવાતા જહાજો સામે કાર્યવાહી કરવાની જોગવાઈ છે. ■

### યુકેના ભાગલા

નેતા અને સિન ફિનના પ્રમુખ મેરી લો મેકડોનાલ્ડ સમજૂતીપત્રમાં સહી કરનાર ચોથી હસ્તી હતા.

સમજૂતીપત્રમાં કહેવામાં આવ્યું હતું કે અમારા દેશોને સ્વનિર્ણય કરવાનો અધિકાર છે. વેસ્ટમિન્સ્ટરની કોઈ સરકાર લોકશાહીના હક્કને અટકાવવાનો કે લોકો તેમનું ભાવિ નક્કી કરે એ સિદ્ધાંતની ઉપેક્ષા કરવાનો અધિકાર નથી.

૧૯૯૯માં સત્તાની સોંપણી આ ત્રણ દેશને કરવાની શરૂઆત થઈ હતી. મે મહિનામાં વેલ્સ સંસદ (સેનેડ)ની ચૂંટણીમાં પ્લેડ સિમરુના વિજયથી મજૂર પક્ષનો વેલ્શ સરકાર પરનો અંકુશ તૂટી ગયો હતો. આનો અર્થ એ થયો કે યુકેના સંસદ પાસેથી સત્તા મેળવનાર ત્રણેય સંસદમાં સૌથી મોટો પક્ષ આઝદી તરફી છે.

સમજૂતીપત્રમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે અમારા દરેક દેશનો લોકતાંત્રિક રીતે અને લોકોની ઈચ્છા પ્રમાણે પોતાનું ભાવિ નક્કી કરવાનો અધિકાર છે. અમે બ્રિટિશ સરકારને અનુરોધ કરીએ છીએ કે તે દરેકના કાર્યક્ષેત્રમાં બંધારણીય ફેરફાર કરવાની તૈયારી રાખે, આયોજન કરે અને એને પ્રોત્સાહન આપે. સમજૂતીપત્રમાં અર્થતંત્ર અને ઊર્જા સાધનો જેવા ક્ષેત્રમાં સહકાર મજબૂત કરવાની પ્રતિબદ્ધતા દાખવામાં આવી હતી. સમજૂતીપત્રમાં કહેવામાં આવ્યું હતું કે આ ત્રણેય રીજન વચ્ચે એવી એકમતી છે કે તેનું ભવિષ્ય યુરોપિયન યુનિયનમાં છે.

યુકેના વડા પ્રધાન એન્ડી બર્નહામ યુકેમાં દ્રઢપણે માને છે અને તેઓ બંધારણીય ચર્ચા કરવાને બદલે ગુજરાન ચલાવવાના ખર્ચને ઘટાડવામાં માને છે, એમ ડાઉનિંગ સ્ટ્રીટ ખાતેની વડા પ્રધાનની કચેરીએ જણાવ્યું હતું. રૂઢિચુસ્ત પક્ષના શેડો મિનિસ્ટર હેરયત ક્રોસે કાર્ડિફ ખાતેની બેઠકને 'અલગતાવાદી શિખર પરિષદ અને ફોટો સેશન' ગણાવ્યું હતું. ■

### ૧૪ ભારતીય

એ આ વાતને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે આ જહાજ પર ગયા મહિને ઈરાની મિસાઈલથી હુમલો થયો હતો અને તાજેતરમાં જ તેના પર ફરીથી ઈરાની ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. હવે આ ટેન્કરને એક સહયોગી દેશ તરફથી ટો કરીને લઈ જવામાં આવી રહ્યું છે.

અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે વધુમાં કહ્યું કે ''આઈઆરજીસીનો દાવો ખોટો છે. જ્યારે તેઓ હોમુઝ સ્ટ્રેટમાં વ્યાપારી જહાજોના અવરજવરમાં અવરોધ ઊભો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.'' અગાઉ ભારતના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે જહાજ પર ૧૪ ભારતીય ક્રૂ સભ્યો હતા, જેમાંથી ૧૩ને બચાવી લેવામાં આવ્યા છે. બાકીના એક ક્રૂ સભ્ય માટે શોધ અને બચાવ કામગીરી ચાલુ હતી. ઓમાનમાં આવેલી અમારી દૂતાવાસ કચેરી પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને ઓમાનના સત્તાવાળાઓ સાથે સક્રિયપણે સંકલન સાધી રહી છે.''

ટેન્કર અંગેના આ દાવાઓ એવા સમયે કરવામાં આવ્યા છે જ્યારે તેના થોડા અઠવાડિયા પહેલા જ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે હોર્મુઝમાંથી તમામ માઈન્સ હટાવી દેવામાં આવી છે અથવા નષ્ટ કરી દેવામાં આવી છે. ■

### દુબઈ જતી

કરવામાં આવી હતી. વાસ્તવમાં ફ્લાઇટ એસજી ૫૧૧૧ સોમવારે સવારે ૭ઃ૪૫ વાગ્યે ઉપડવાની હતી, પરંતુ તેને મંગળવારે સવારે ૯ વાગ્યે ફરીથી શેડ્યૂલ કરવામાં આવી હતી. બીજી ફ્લાઇટ એસજી ૫૧૦૫ મંગળવારે સાંજે ૬ઃ૪૫ વાગ્યે ફરીથી શેડ્યૂલ કરવામાં આવી હતી. સૂત્રોએ કહ્યું કે બંને ફ્લાઇટ્સના મુસાફરો સોમવારે એરપોર્ટ પર ફસાયા હતા અને વિરોધ શરૂ કર્યો હતો. આ પરિસ્થિતિ ચાલુ રહી હતી. મંગળવારે ફ્લાઇટ વિશે મુસાફરોને કોઈ માહિતી મળી ન હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે લાંબા સમય સુધી સ્પાઇસજેટનો કોઈ સ્ટાફ મુસાફરોની ચિંતાઓ સાંભળવા કે ઉકેલવા માટે હાજર નહોતો. બાદમાં એરપોર્ટ સ્ટાફે પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો, મુસાફરોને ભોજન અને પાણી પૂરું પાડ્યું અને તેમના માટે આરામ કરવાની જગ્યાની વ્યવસ્થા કરી હતી.

ગુસ્સે ભરાયેલા મુસાફરોએ એરપોર્ટ પર ધરણાં કર્યાં હતાં. તેઓએ સ્પાઇસજેટ સ્ટાફની ગેરહાજરી પર સવાલ ઉઠાવ્યા હતા. એક મુસાફરે કહ્યું હતું કે, ''સ્પાઇસજેટનો સ્ટાફ અમારી સાથે વાત કરવા આગળ આવી રહ્યો નથી.'' બીજા વીડિયોમાં એક મુસાફરે પરિસ્થિતિને કેમેરામાં કેદ કરી અને એરપોર્ટ અધિકારી સાથે દલીલ કરી હતી. ■

સાહિત્ય કલા સંપદા દ્વારા
ભારતીય વિદ્યા ભવન
કલા કેન્દ્રને સથવારે
૧૦૭મી પ્રસ્તુતિ

માણને તાલે, નરસિંહ મહેતાના જીવન પ્રસંગોને આવરતા પ્રેમાનંદનાં આખ્યાન



હાર હૂંડી મામેરું

પદ્મશ્રી પુરસ્કૃત માણભટ્ટ ધાર્મિકલાલ પંડ્યાના સુપુત્રો
- મયંક પંડ્યા
- પ્રદ્યુમ્ન પંડ્યા

વાદ્ય સંગતઃ નીલેશ વોરા
પુરોવચનઃ ડૉ. દર્શના ધોળકિયા
સંયોજનઃ ઉદયન ઠક્કર - નિરંજન મહેતા
આયોજનઃ અજિંક્ય સંપટ
રવિ ૨૦/૯ સવારે ૧૦.૩૦ ભવન ચોપાટી
₹૩૦૦,૨૦૦,૧૦૦ (બુ.૯-૧૨,૪-૭)
ફોન 23698085, 9372052808


# ₹૩,૪૦૦ કરોડના માલિક અને રાજ્યના સૌથી ધનવાન વિધાનસભ્ય બન્યા 'ભિખારી'!

## ગુરુ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી લીધો સંકલ્પ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણ અને સામાજિક વર્તુળોમાંથી એક અત્યંત અનોખો અને ચર્ચાસ્પદ કિસ્સો સામે આવ્યો છે. મહારાષ્ટ્રના સૌથી ધનિક વિધાનસભ્ય તરીકે જાણીતા અને રૂપિયા ૩,૪૦૦ કરોડથી વધુની સંપત્તિના માલિક પરાગ શાહે એક દિવસ માટે ગરીબી અને ભિક્ષુકનું જીવન જીવવાનો અનોખો અનુભવ કર્યો છે, જેનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

ઘાટકોપર પૂર્વ વિધાનસભા મતવિસ્તારના વિધાનસભ્ય પરાગ શાહ ભિખારીનો વેશ ધારણ કરીને રસ્તા પર ઊતર્યા હતા અને ભિક્ષા માગીને ભોજન કરવાનો પ્રત્યક્ષ અનુભવ લીધો હતો. પોતાની સામાન્ય વીઆઈપી સુરક્ષા અને તમામ સુખ-સુવિધાઓ છોડીને સામાન્ય લોકો વચ્ચે ગયેલા ધારાસભ્યને વેશપલટાને કારણે મોટાભાગના લોકો ઓળખી શક્યા નહોતા.

એમણે આવું કેમ કર્યું એના વિશે જ્યારે પુછવામાં આવ્યું તો જાણવા મળ્યું હતું કે જૈન ધર્મના પવિત્ર ચાતુર્માસ દરમિયાન



પરાગ શાહના આધ્યાત્મિક ગુરુ પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબે તેમને સમાજના સૌથી વંચિત વર્ગના જીવન, સંઘર્ષ અને લાચારીને નજીકથી સમજવા માટે એક દિવસ ભિખારી તરીકે વિતાવવાની પ્રેરણા આપી હતી.ગુરુના આદેશનું પાલન કરતાં પરાગ શાહે વિશેષ મેકઅપ અને ફાટેલાં-જૂના મેલાં વસ્ત્રો પહેરીને એક ભિક્ષુકનું રૂપ ધારણ કર્યું હતું. તેમણે કોઈપણ પ્રકારના પ્રોટોકોલ વગર વિવિધ જાહેર સ્થળો અને માર્ગો પર ફરીને લોકો પાસે ભિક્ષા માગી હતી. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. રસ્તા પર ફરીને તેમણે ભિક્ષામાં મળેલી વસ્તુઓ અને અન્નથી પોતાનું ભોજન પૂરું કર્યું હતું અને ગરીબોની મુશ્કેલીઓને નજીકથી અનુભવી હતી. આ પ્રયોગ પૂર્ણ થયા બાદ, તેમણે પોતાની મૂળ ઓળખ સામે લાવીને કેટલાક સ્થળોએ ફરી મુલાકાત લીધી હતી અને જે લોકો સાથે સંપર્ક થયો હતો તેમની સાથે પોતાના અનુભવો શેર કર્યા હતા. અબજોપતિ ધારાસભ્યનો આ અનોખો ધાર્મિક અને સામાજિક પ્રયોગ હાલ સમગ્ર રાજ્યમાં જોરદાર ચર્ચાનો વિષય બન્યો છે.


APPOINTMENT

SHRI VILE PARLE KELAVANI MANDAL's
SMT. GOKALIBAI P. P. HIGH SCHOOL & A. V. PATEL JUNIOR COLLEGE
(Gujarati & English Medium)
Andheri West, Mumbai 400058, Website: https://aavpc.ac.in/

INVITES APPLICATIONS FOR THE POST OF
PRINCIPAL

MINIMUM QUALIFICATIONS: Graduate with B.Ed. degree is essential. (Higher qualification will be preferred)
EXPERIENCE: Minimum 5 years (3 years post - B.Ed.) in a recognized Secondary / Higher Secondary Institution.
Pay scale as prescribed by Government of Maharashtra.
Knowledge & fluency in English & Gujarati is essential.
Applications along with a detailed bio-data should reach the below mentioned address within 15 days from the release of this advertisement.
ADDRESS: Hon. Secretary, Shri Vile Parle Kelavani Mandal, 10th Floor, SVKM NMIMS Building, V. L. Mehta Road, Vile Parle (West) Mumbai - 400056.
Sd/-
Hon. Secretary


## કોલાબાના કેફે મોન્ડેગરનું લાઈસન્સ સસ્પેન્ડ

મુંબઈઃ મુંબઈના કોલાબા વિસ્તારમાં આવેલું જાણીતું અને ઐતિહાસિક કેફે મોન્ડેગર મુશ્કેલીમાં મુકાયું છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા ૧૨ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવેલી તપાસ બાદ કેફેનું ફૂડ લાઈસન્સ સસ્પેન્ડ કરી દેવાયું હતું. તપાસ દરમિયાન એફડીએના અધિકારીઓને કેફેમાં ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતા સંબંધિત અનેક ખામીઓ જોવા મળી હતી. અધિકારીઓ દ્વારા ખાસ કરીને ખાદ્ય પદાર્થોના યોગ્ય તાપમાન નિયંત્રણનો અભાવ, અપૂરતી ડ્રેનેજ વ્યવસ્થા તેમજ સફાઈ અને એકંદર સ્વચ્છતા અંગેની સમસ્યાઓ નોંધવામાં આવી હતી.



કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સહપરિવાર લાલબાગચા રાજાના દર્શન કર્યાં ત્યારે તેમની સાથે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે હાજર રહ્યા હતા. (અમય ખરાડે)



ગણેશ ચતુર્થીના શુભ પ્રસંગે, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) પક્ષના વડા ઉદ્ધવ ઠાકરે અને તેમનો પરિવાર ગઈકાલે લાલબાગચા રાજાના દર્શન કરવા ગયા હતા. આ પ્રસંગે તેમના પત્ની રશ્મિ ઠાકરે અને પુત્ર આદિત્ય ઠાકરે પણ હાજર હતા. (અમય ખરાડે)



**પ્રણવ અદાણી ચિંતામણીના દર્શનઃ** ચિંચપોકલી ખાતે ચિંતામણિના દર્શન માટે અદાણી એન્ટરપ્રાઈઝના મેનેજિંગ ડિરેક્ટર (એગ્રો, ઓઈલ અને ગેસ) અને ડિરેક્ટર પ્રણવ અદાણી અને અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ)ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કરણ અદાણી તેમના પરિવારો સાથે હાજર રહ્યા હતા. (અમય ખરાડે)

## ઓછા વરસાદને કારણે મહારાષ્ટ્રના ૧૮ જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિઃ બાવનકુળે

મુંબઈઃ મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ જણાવ્યું હતું કે અપૂરતા વરસાદને કારણે રાજ્યના ૧૮ જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે, જેનો ડેટા કેબિનેટ સમક્ષ મૂકવામાં આવશે. પ્રધાને આશા વ્યક્ત કરી હતી કે આગામી આઠથી ૧૦ દિવસમાં વધુ વરસાદ થવાથી સમગ્ર રાજ્યમાં પરિસ્થિતિમાં સુધારો થશે. ૧૮ જિલ્લાઓનો ડેટા મારી પાસે આવ્યો છે. આ ડેટા પ્રધાનમંડળ સમક્ષ રજૂ કરવામાં આવશે, બાવનકુળેએ જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું કે સ્થિતિની સમીક્ષા માટે રાજ્ય સરકારે મહારાષ્ટ્રભરમાં સર્વેના આદેશ આપ્યા છે અને કલેક્ટરો અહેવાલ તૈયાર કરી રહ્યા છે. જ્યાં તાજેતરમાં સારો વરસાદ થયો છે, ત્યાં પરિસ્થિતિની ફરી આકારણી કરવા નવા સર્વેના આદેશ અપાયા છે.

બાવનકુળેએ ઉમેર્યું કે અપૂરતા વરસાદથી રાજ્યના લગભગ અડધા ખેડૂતો દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. રવિવારે કેટલાક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ગણેશજીનું આગમન વધુ વરસાદ લાવશે, જેથી જળ સંકટ અને દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં રાહત મળશે.

તેમણે તમામ રાજકીય પક્ષો અને વ્યક્તિઓને ૧૦ દિવસના ગણેશ ઉત્સવ દરમિયાન વિરોધ પ્રદર્શન ન કરવા અપીલ કરી હતી. ''આ દિવસો રાજ્યમાં કોઈ પણ પ્રકારના આંદોલન માટે નથી,'' તેમણે કહ્યું.

## નાણાં ચોર્યાની શંકા પરથી બેરહેમીથી પીટાઇ કરી યુવકને મારી નાખ્યોઃ ત્રિપુટીની ધરપકડ

હિંગોલીઃ હિંગોલીમાં દુકાનમાંથી નાણાં અને ભંગાર ચોર્યાની શંકા પરથી યુવકની બેરહેમીથી પીટાઇ કરીને તેની હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ પ્રકરણે ગુનો નોંધીને ત્રણ આરોપીની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મૃતકની ઓળખ શેખ શબ્બીર શેખ રફીક તરીકે થઇ હતી, જે આઝાદ કોલોનીનો રહેવાસી હતો અને હિંગોલી-ગરમાલ માર્ગ પર સોમવારે સવારના તે મૃત અવસ્થામાં મળ્યો હતો, જેને પગલે પોલીસને જાણ કરવામાં આવી હતી.

ઘટનાસ્થળે આવી પહોંચેલી પોલીસે શેખ શબ્બીરના મૃતદેહને હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો અને તેના ફોટા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સર્ક્યુલેટ કર્યા હતા. ફોટા જોઇને શેખ શબ્બીરના પરિવારજનોએ સાંજે પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને સાંજે તેમણે હોસ્પિટલમાં મૃતદેહને ઓળખી કાઢ્યો હતો.

શબ્બીરના ભાઇએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો અને તપાસ હાથ ધરીને ત્રણ આરોપીની ધરપકડ કરી હતી, જેમની ઓળખ સૌરભ પાટરે, નીતિન કોલ્હે અને શિવદાસ ઘાડે તરીકે થઇ હતી. સ્થાનિક દુકાનમાંથી ભંગાર અને રોકડ ચોર્યાની શંકા પરથી આરોપીઓએ શબ્બીરની બેરહેમીથી પીટાઇ કરી હતી અને બાદમાં તેઓ ફરાર થઇ ગયા હતા.

## પોલીસની સતર્કતાઃ ફાઉન્ટન બ્રિજ પર આત્મહત્યા કરવા માટે ગયેલા પરિવારના ચાર સભ્યને અટકાવ્યા

થાણેઃ મીરા રોડમાં મોડી રાતના ફાઉન્ટન બ્રિજ પર આત્મહત્યા કરવા માટે ગયેલા પરિવારના ચાર સભ્યને બે બીટ માર્શલની સમયસરની સતર્કતાને કારણે અટકાવવામાં આવ્યા હતા.

મીરા-ભાયંદર વસઇ-વિરારના પોલીસ કમિશનર નિકેત કૌશિકને સોમવારે મધરાતે ૧.૫૮ વાગ્યાની આસપાસ માહિતી મળી હતી કે એક વ્યક્તિ તેની પત્ની અને બે પુત્રીઓ સાથે ફાઉન્ટન બ્રિજ પર આત્મહત્યાનો પ્રયાસ કરી રહી છે.

માહિતી મળ્યા બાદ પોલીસ કમિશનરે તાત્કાલિક પોલીસ કન્ટ્રોલ રૂમને તેની જાણ કરી હતી અને પોલીસ કર્મચારીઓને ત્યાં મોકલવાનો આદેશ આપ્યો હતો. આથી કન્ટ્રોલ રૂમે કાશીગાંવ પોલીસ સ્ટેશનની હદમાં ફરજ પર હાજર પોલીસ હેડ કોન્સ્ટેબલ સંતોષ ધુળા કોકરે અને કોન્સ્ટેબલ વિકાસ શ્રીરંગ મોહિતેને કૉલ કરીને ઘટનાસ્થળે પહોંચવા માટે કહ્યું હતું.

દરમિયાન સંતોષ કોકરે અને વિકાસ મોહિતે ક્ષણભરનો વિચાર કર્યા વિના માત્ર ૨૦ મિનિટની અંદર ફાઉન્ટન બ્રિજ પર પહોંચી ગયા હતા અને પત્ની અને બે પુત્રી સાથે ત્યાં હાજર ૨૮ વર્ષના શખસને તાબામાં લીધો હતો.

પૂછપરછમાં શખસે જણાવ્યું હતું કે તે મીરા રોડ પૂર્વમાં શાંતિ પાર્ક વિસ્તારમાં પત્ની, બે પુત્રી અને સંબંધીઓ સાથે રહે છે અને ડિલિવરી બૉય તરીકે કામ કરે છે. નાણાભીડને કારણે તેણે આત્મહત્યા કરવાનું નક્કી કર્યું હતું.

ડિલિવરી બૉયે પોલીસને જણાવ્યું હતું કે તેણે કેટલાક મહિના અગાઉ તેની બહેન પાસે દાગીના ગિરવે મૂકીને સાડાત્રણ લાખ રૂપિયા લીધા હતા. જોકે તેની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી ગિરવે મૂકેલા દાગીના તેની બહેન છોડાવે અને તેને વેચીને બાકીના પૈસા તેને પાછા આપે, એવી તેને અપેક્ષા હતી.

દરમિયાન ડિલિવરી બૉય અને તેની પત્નીને કાશીગાંવ પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યાં હતાં, જ્યાં તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું અને કૌટુંબિક વિવાદ ઉકેલવા માટે તેના ભાઇ-બહેન સાથે મધ્યસ્થી કરી હતી.


દશા સોરઠિયા વણિક
પરેશ ભરત રઘાણી, ઉ.વ.૬૨,
હાલ યુએસએ
તે સ્વ. છગનલાલ રઘાણીના પૌત્ર,
સ્વ. ભરત, સ્વ. હિરાલક્ષ્મી અને
દક્ષા રઘાણી ના પુત્ર,
અલ્પા સાંગાણી, છાયા કાણકિયા અને
વિક્રમ રઘાણી ના ભાઈ,
તા. ૧૪-૯-૨૦૨૬ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.
(લૌકિક પ્રથા બંધ છે)
દક્ષા રઘાણી - મો: ૯૮૨૦૬૯૯૪૨૫



દશા શ્રીમાળી ગોહિલવાડ



શ્રી હસમુખલાલ નંદલાલ દેસાઈ
(ઉંમર વર્ષ : ૯૬)
દિહોર નિવાસી હાલ ઘાટકોપર
શ્રી હસમુખલાલ નંદલાલ દેસાઈ, ઉ.વ. ૯૬,
તા. ૧૩.૯.૨૦૨૬ ના રવિવારે શ્રીજી ચરણ પામ્યા છે.
તે સ્વ. હંસાબેનના પતિ, ડો. દીપ્તિ દેસાઈ તથા
વિરેનના પિતા, ડો. ફોરમ ધવલ શાહના નાના,
પરમના પરનાના, જગમોહન પારેખના જમાઈ.
: પ્રાર્થના સભા :
ગુરૂવાર તા. ૧૭-૯-૨૦૨૬ ના
સાંજે ૫ થી ૬.૩૦ કલાકે
: સ્થળ :
પરમકેશવ બાગ, નવરોજી લેન,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૮૬.
ખાતે રાખેલ છે.


### સાનપાડામાં સિલિન્ડર બ્લાસ્ટ

## બે દાઝ્યા, છ દુકાનને નુકસાન

થાણેઃ નવી મુંબઈના સાનપાડા વિસ્તારમાં મંગળવારે સવારે સિલિન્ડર ફાટતાં બે જણ દાઝી ગયા હતા, જ્યારે ધડાકાને કારણે છ દુકાનને નુકસાન થયું હતું.

નવી મુંબઈ પાલિકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ચીફ સચિન કદમે જણાવ્યું હતું કે સાનપાડામાં પ્રતીક કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં આવેલી દુકાનમાં સિલિન્ડરનો ધડાકો થયો હતો, જે એટલો પ્રચંડ હતો કે નજીકમાં આવેલી સૂરજ હોસ્પિટલની બારીના કાચ તૂટી ગયા હતા.

પ્રતીક કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી અને બાજુમાં આવેલી અભિમન્યુ કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાંની છ દુકાનને બ્લાસ્ટને કારણે નુકસાન થયું હતું.

ધડાકામાં બે જણ ઘાયલ થયા હતા. મનીષ યાદવ ૭૫ ટકા અને અર્જુન યાદવ ૮૫થી ૯૦ ટકા દાઝી ગયો હતો અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બંનેની હાલત નાજુક હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## રોકાણકારો સાથે ચાર કરોડ રૂપિયાની ઠગાઇઃ કંપનીના ડિરેક્ટર, અન્યો વિરુદ્ધ ગુનો દાખલ

થાણેઃ રોકાણ પર આકર્ષક વળતરની લાલચે અનેક રોકાણકારો સાથે ચાર કરોડ રૂપિયાની ઠગાઇ આચરવા બદલ ફાઇનાન્શિયલ કંપનીના ડિરેક્ટર, તેનો ભાગીદાર તેમ જ અન્ય સાથીદારો વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબ્રામાં રહેતા અનિલ કુંભારે આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે શ્રી ગેલેક્સી ફાઇનાન્શિયલ કંપનીના ડિરેક્ટર મનોજ અતુલ ગુલેકર, તેના ભાગીદાર વિનાયક જગદાળે તથા અન્ય સાથીદારો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસના કહેવા મુજબ મનોજ ગુલેકરે નવેમ્બર, ૨૦૨૩થી જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ફરિયાદી તથા અન્યોને રોકાણ પર મહિને પાંચ ટકા વળતર આપવાનું આશ્વાસન આપીને તેમને સ્કીમમાં રૂપિયા રોકવા માટે લલચાવ્યા હતા. આથી ફરિયાદીએ કંપનીમાં ૭૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

કંપનીએ તેને ૪૭ લાખ રૂપિયા પાછા કર્યા હતા. જોકે બાકીના ૨૮ લાખ રૂપિયા તેને પાછા આપવામાં આવ્યા નહોતા અને આર્થિક છેતરપિંડી કરી હતી. દરમિયાન આર્થિક ગુના શાખા દ્વારા આ મામલે તપાસ કરવામાં આવતાં અન્ય ૨૮ રોકાણકારો સાથે પણ છેતરપિંડી આચરાઇ હોવાનું સામે આવ્યું હતું. કંપની દ્વારા રોકાણકારો પાસેથી કુલ ૫.૨૭ કરોડ સ્વીકારવામાં આવ્યા હતા, પણ ૧.૭૯ કરોડ રૂપિયા તેમને પાછા આપવામાં આવ્યા હતા અને ચાર કરોડ રૂપિયાની છેતરપિંડી આચરાઇ હતી. (પીટીઆઇ)

## લાતુરમાં કોલેજના સ્થાપકે લમણે ગોળી મારી આત્મહત્યા કરીઃ ઘરમાંથી સૂસાઇડ નોટ મળી

લાતુરઃ લાતુરમાં શૈક્ષણિક સંસ્થાના ૬૫ વર્ષના સ્થાપકે પોતાના નિવાસસ્થાને લમણે ગોળી મારીને આત્મહત્યા કરી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મૃતકની ઓળખ સંજીવ સોનાવણે તરીકે થઇ હતી, જેઓ ચંદ્રભાનુ સોનાવણે જુનિયર કોલેજના સ્થાપક હતા અને રાજ્યના સ્વર્ગસ્થ પ્રધાન કેશવરાવ સોનાવણેના સગા હતા.

સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર (એસડીપીઓ) સમીરસિંહ સાળવેએ જણાવ્યું હતું કે આ ઘટના ૧૪ સપ્ટેમ્બરે રાતે બની હતી.

પ્રાથમિક તપાસ તેમ જ ઘટનાસ્થળે મળેલા સાંયોગિક પુરાવા સૂચવે છે કે સોનાવણેએ પોતાની લાઇસન્સવાળી બંદૂકથી પોતાના લમણે ગોળી મારી હતી, એમ જણાવીને સાળવેએ ઉમેર્યું હતું કે પોલીસને સોનાવણેના મૃતદેહ નજીકથી સૂસાઇડ નોટ મળી આવી હતી.સાળવેના જણાવ્યા મુજબ સૂસાઇડ નોટ તેમના સંબંધીઓને બતાવવામાં આવી હતી અને તેમાંનું લખાણ સોનાવણેનું હોવાની ખાતરી તેમણે કરી હતી. જોકે સૂસાઇડ નોટની અધિકૃતતા તપાસવા પોલીસ સોનાવણેના લખાણના અન્ય નમૂના એકઠા કરી રહી છે.

સૂસાઇડ નોટમાં પોતાના મૃત્યુ માટે કોઇને પણ જવાબદાર ન ઠેરવવાનું જણાવાયું હતું અને ઉલ્લેખ કરાયો હતો કે તેઓ પોતાની મરજીથી અંતિમ પગલું ભરી રહ્યા છે.

તપાસના ભાગરૂપે પોલીસ સૂસાઇડ નોટની વિગતોની તપાસ કરી રહી છે. એ સિવાય પોલીસ ટીમ નિવાસસ્થાનના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસી રહી છે. (પીટીઆઇ)

### રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે

## એક સાથે ૧૧૦૦૦ ભાવિકોનો 'મિચ્છામિ દુક્કડમ'નો નાદ



જીવંત વ્યક્તિ સાથે માત્ર હોઠની, ભાવ વિનાની જડ ક્ષમાપના ન કરીને હાર્ટથી, જીવંત ક્ષમાપના કરીને પ્રભુના આરાધક બની જવાનો બોધ પ્રસરાવી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે સંવત્સરી મહાપર્વનો અવસર હજારો હૃદયમાં ક્ષમાના દિપક પ્રજ્વલિત કરી ગયો હતો.

સરી ગયું ફરીને એક સંવત્સર અને ફરીને આવી છે સંવત્સરી. આપણા સહુના અંતરમાંથી વેર અને દ્વેષના ઝેરની શુદ્ધિ કરવા ત્યારે આ પર્વાધિરાજમાં, અન્યની ભૂલોને ભૂલીને એવી ક્ષમાપના કરી લઈએ કે આ પર્વાધિરાજ સાર્થક બની જાય.

ક્ષમાધર્મના આવા પરમ ગુરુદેવના અમૃત બોધવચનો સાથે બપોરના સમયે પર્વના પરમ કર્તવ્ય સ્વરૂપ આયોજિત સંવત્સરી આલોચના વિધિમાં સમગ્ર દેશ અને વિદેશના ૧૨૦થી વધુ ક્ષેત્રોના મળીને પ્રત્યક્ષ તેમજ લાઈવના માધ્યમે લાખો ભાવિકોએ બંધ આંખે જનમ જનમના પાપ દોષોની ગુરુ સાંનિધ્યે આલોચના કરી હતી.

વિશેષમાં, પરમ સદ્ભાગ્યે મુંબઈગરાઓને પ્રાપ્ત થયેલા પરમ ગુરુદેવના સાંનિધ્યમાં એક સાથે ૧૧૦૦૦ ભાવિકોએ સમૂહ પ્રતિક્રમણની આરાધના કરીને ''મિચ્છામી દુક્કડમ'' નો દિવ્યનાદ ગુંજવતાં એક પવિત્ર અભૂતપૂર્વ ઇતિહાસ સર્જાયો હતો.

પર્વાધિરાજ પર્વની પૂર્ણતાએ તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૨૦૨૬ બુધવારના દિવસે આરાધ્યા ભક્તિ પાર્ક તેમજ આરાધ્ય સાધના હોલ, ભાનુશાલી બેંકવેટમાં પરમ ગુરુદેવના સાંનિધ્યે ૬૩૪થી વધુ ઉગ્ર તપશ્ચર્યા કરનારા ભાવિકોનો સામૂહિક પારણા મહોત્સવ આયોજિત કરવામાં આવ્યો છે.

## મરહૂમ શેઠ ફરામજી નસરવાનજી પટેલ દારે-મહેરની ૧૮૨મી સાલગ્રેહ (વર્ષગાંઠ)

મરહૂમ શેઠ ફરામજી નસરવાનજી પટેલ દારે-મહેર, ગનપાઉડર રોડ, મઝગાંવ, મુંબઈ-૪૦૦૦૧૦, તેમની દારે-મહેરની ૧૮૨મી સાલગ્રેહ (વર્ષગાંઠ) રોજ ૧૧મો ખોરશેદ, કદીમ માહ ૩ જો, ખોરદાદ ૧૩૯૬ ય.ઝ.ના શુભ દિવસે, ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજે ઉજવાશે. આ શુભ અને આનંદમય પ્રસંગે જશન સમારોહ/ધાર્મિક વિધિ હવન ગેહમાં સવારે ૧૦.૦૦ વાગ્યે દારે-મહેરના પ્રવેશદ્વારના હોલમાં કરવામાં આવશે. અમે, ટ્રસ્ટીઓ તથા પંથકી સાહેબ, સર્વ લાયટી (હમદીન) ભાઈ-બહેનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ શુભ પ્રસંગની શોભા વધારવા હાર્દિક આમંત્રણ આપીએ છીએ અને પાક આતશ પાદશાહ સાહેબના આશીર્વાદ પ્રાપ્ત કરવા વિનંતી કરીએ છીએ.

# સંસ્થા સમાચાર

## શ્રી દશાશ્રીમાળી જૈન ભોજનાલયના પ્રમુખ, દાનવીર શશીકાંતભાઈ જી. બદાણીનું નિધન

શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી જૈન ભોજનાલય મુંબઇના પ્રમુખ અને જાણીતા દાનવીર શ્રી શશીકાંતભાઇ જી. બદાણીનું ૯૭ વર્ષની વયે તા. ૧૪-૯-૨૬ના નિધન થયું છે.

અગતરાયના વતની અને વર્ષોથી મુંબઇમાં વસતા શશીકાંતભાઇ બદાણી સ્વપુરુષાર્થથી ખૂબ આગળ વધ્યા હતા. કાંદાવાડી સંઘ અંતર્ગત સહુ પ્રથમ મંજુલા એસ. બદાણી જૈન કિલનિકનો પ્રારંભ કરેલ. પૂ.શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી રાજકોટમાં શિશુમંદિર પ્રાથમિક શાળા, દશાશ્રીમાળી જૈન બોર્ડિંગ, વિરાણી બહેર-મૂંગા શાળા- પ્રાથમિક શાળા તેમ જ વડનગરમાં બૉયઝ હોસ્ટેલ નામકરણમાં માતબર અનુદાન કરેલ.



સાવરકુંડલામાં શ્રી લલ્લુભાઇ આરોગ્ય મંદિર સંચાલિત વિદ્યાગુરુ ફાઉન્ડેશન નિર્મિત હૉસ્પિટલમાં ચાર કરોડનું અનુદાન કરેલ. આમ ધાર્મિક, સામાજિક ક્ષેત્રે દાનસરિતા વહાવી હતી. પરિવારમાં શેફાલી, કુમારભાઇ, આદિત્યએ સેવા બજાવી હતી. સદ્‌ગતની ગુણાનુવાદ સભા શનિવારે બપોરે ૫થી ૬.૩૦. ઠે. જલારામ હોલ, જુહુ ખાતે યોજાશે.

છેલ્લા પાનાનું ચાલુ

### ફડણવીસે

રાખવા અને પરંપરાગત રીતે તહેવાર ઉજવવા આગ્રહપૂર્વક વિનંતી કરું છું.' તહેવારોની મોસમ દરમિયાન હાઇ-ડેસિબલ ડીજે સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માગણીઓ થઈ રહી છે ત્યારે આ નિવેદન આવ્યું છે.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ પણ દાદરમાં તેમના 'શિવતીર્થ' નિવાસસ્થાને ભગવાન ગણેશની મૂર્તિનું સ્વાગત કર્યું હતું. શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ તેમની પત્ની રશ્મિ અને પુત્ર, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન આદિત્ય સાથે 'શિવતીર્થ'ની મુલાકાત લીધી હતી. ઉદ્ધવ અને તેમના પરિવારે મહાનગરમાં લાલબાગચા રાજા મંડળ અને ગણેશ ગલ્લી મંડળની પણ મુલાકાત લઈ ભગવાનના આશીર્વાદ મેળવ્યા હતા. (પીટીઆઈ)

### સરકાર તમારી

વલણ સ્પષ્ટ કરી દીધું છે. જ્યારે દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય મંત્રી હતા ત્યારે અનામત આપવાની પ્રક્રિયા શરૂ થઈ હતી, પરંતુ સરકાર બદલાઈ ગઈ અને અનામત રદ થઈ ગયું, શિંદેએ કહ્યું. શિંદેએ જણાવ્યું હતું કે, જ્યારે તેઓ મુખ્ય મંત્રી બન્યા ત્યારે તેમની સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ શ્રેણી હેઠળ મરાઠા સમુદાયને ૧૦ ટકા અનામત આપ્યું હતું અને આ સમુદાયના લોકો આજે પણ તેનો લાભ લઈ રહ્યા છે. શિંદેએ જણાવ્યું હતું કે, અનામત આપતી વખતે જસ્ટિસ શિંદે સમિતિએ એવા લોકો માટે કુણબી પ્રમાણપત્રો આપવાની પ્રક્રિયા પણ શરૂ કરી હતી જેમના રેકોર્ડમાં તેઓ કુણબી હોવાનું સાબિત થાય છે. લાખો લોકોને આ પ્રમાણપત્રો મળી ચૂક્યા છે. ૧૦ % અનામત પણ અમલમાં છે, અને સારથિ યોજના તેમજ શિષ્યવૃત્તિઓ પર કામ શરૂ થઈ ગયું છે. આ ઉપરાંત સરકારે અનામત હેઠળ ૫,૩૦૦ ખાલી પદો ભરવા માટે પણ પગલાં લીધાં છે. જોકે, શિંદેએ એ વાત પર ભાર મૂક્યો હતો કે મરાઠા અનામતની માગ એવા સમયે કરવામાં આવી રહી છે જ્યારે મુંબઈમાં ગણેશોત્સવની ઉજવણી ચાલી રહી છે અને હજારો લોકો દર્શન માટે આવી રહ્યા છે. તેમણે મુંબઈ આવવાનું આયોજન કરી રહેલા આંદોલનકારીઓને અપીલ કરી હતી કે તેઓ તહેવારના આ સમયગાળા દરમિયાન ઉત્સવની ઉજવણીમાં ખલેલ ન પહોંચાડે કે કાયદો અને વ્યવસ્થાની સમસ્યાઓ ઊભી ન કરે.

### મરાઠા અનામત

જરાંગે-પાટીલની પાછળ હજારો સમર્થકોની જનમેદની પણ તેમની સાથે જોડાતા સમગ્ર રાજ્યનું રાજકારણ ગરમાયું છે. સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ રહેલા વીડિયોમાં હાઈવે પર વાહનોની કિલોમીટરો લાંબી કતારો અને ભગવા ઝંડા સાથે મરાઠા ક્રાંતિના નારા લગાવતા કાર્યકરો નજરે પડી રહ્યા છે. જાલનાથી મુંબઈ વચ્ચેના તમામ મુખ્ય માર્ગો પરથી પસાર થતી વખતે સ્થાનિક લોકો દ્વારા તેમના પર પુષ્પવર્ષા કરીને ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે, જેનાથી આ કૂચ એક વિશાળ જનઆંદોલનમાં ફેરવાઈ ગઈ છે. મનોજ જરાંગે-પાટીલે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી છે કે મરાઠા સમુદાયના હક માટે આ વખતે આરપારની લડાઈ લડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા જ્યાં સુધી કુણબી પ્રમાણપત્ર અને અનામત અંગે નક્કર નિર્ણય લઈને સત્તાવાર પરિપત્ર (જીઆર) જાહેર કરવામાં નહીં આવે, ત્યાં સુધી તેઓ આઝાદ મેદાનથી પાછા ફરશે નહીં અને પોતાનો વિરોધ ચાલુ રાખશે.

હજારો સમર્થકોની મુંબઈમાં સંભવિત એન્ટ્રીને ધ્યાનમાં રાખીને મુંબઈ પોલીસ અને વહીવટીતંત્ર હાઈ અલર્ટ પર મુકાઈ ગયું છે. મુંબઈ અને નવી મુંબઈના પ્રવેશદ્વારો પર કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આઝાદ મેદાન અને આસપાસના વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વધારાની પોલીસ ટુકડીઓ અને સુરક્ષા દળો તહેનાત કરવામાં આવ્યા છે.

જાલનાથી મુંબઈને જોડતા મુખ્ય એક્સપ્રેસવે અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર વાહનોના ભારે જમાવડાને કારણે વાહનવ્યવહાર ધીમો પડ્યો છે. ટ્રાફિક જૅમની સમસ્યા નિવારવા અને સામાન્ય નાગરિકોને અગવડ ન પડે તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા ઠેર-ઠેર રૂટ ડાયવર્ઝન ગોઠવવામાં આવ્યા છે તેમજ મુસાફરો માટે વિશેષ માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. ગણેશોત્સવના પાવન પર્વ દરમિયાન આટલા મોટા આંદોલનના કારણે રાજ્ય સરકાર પર ભારે દબાણ સર્જાયું છે. મુખ્ય પ્રધાન અને ગૃહ વિભાગ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. એક તરફ આંદોલનકારીઓ પોતાની માગ પર અડગ છે તો બીજી તરફ સરકાર આ વિરોધ પ્રદર્શનને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માટે સતત પ્રયાસો અને બેઠકો કરી રહી છે.

### 'અલ નિનો'ની

ચોમાસાના સરેરાશ વરસાદના ક્વોટાને વટાવી દીધો છે.

મુંબઈમાં ઑગસ્ટ મહિનો લગભગ કોરો રહ્યા બાદ સપ્ટેમ્બરમાં પણ છેક પખવાડિયું પૂરું થવાનું હતું ત્યારે વરસાદે ફરી એન્ટ્રી કરી હતી. શનિવાર મોડી રાતથી શરૂ થયેલો વરસાદ રવિવારે પણ આખો દિવસ પડ્યો હતો. જોકે સોમવારથી વરસાદે બ્રેક લીધો હતો. શનિવાર-રવિવારના મુંબઈના અનેક વિસ્તારમાં લગભગ ૧૦૦ મિ.મી.થી વધુ વરસાદ નોંધાયો હતો. તેથી મુંબઈના સરેરાશ વરસાદમાં વધારો જોવા મળ્યો હતો. આ વર્ષે ચોમાસાની ઋતુ દરમ્યાન 'એલ નિન્યો' સિસ્ટમને કારણે લાંબા સમય સુધી વરસાદ વિનાનો સૂકો ગાળો જોવા મળ્યો હતો. જૂન અને ઑગસ્ટ મહિનામાં મુંબઈમાં વરસાદની નોંધપાત્ર અછત જોવા મળી હતી. જૂનમાં મુંબઈમાં માત્ર ૪૧૪ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જે જૂન મહિનાના વાસ્તવિક સરેરાશ વરસાદ કરતાં પચીસ ટકા ઓછો હતો, જ્યારે ઑગસ્ટમાં મુંબઈમાં મહિનાના વાસ્તવિક મોસમી સરેરાશ વરસાદના માત્ર ૫૭ ટકા વરસાદ જ નોંધાયો હતો, જોકે જુલાઈ મહિનામાં ઉપનગરીય અને શહેરના વિસ્તારોમાં એક જ અઠવાડિયામાં ૧,૦૦૦ મિ.મી.થી વધુ વરસાદ નોંધાયો હતો. ગયા વર્ષે ઑગસ્ટ મહિના સુધીમાં જ મુંબઈએ તેના વાર્ષિક સરેરાશ વરસાદના ક્વોટાને વટાવી દીધો હતો. હવામાનના નિષ્ણાતના કહેવા મુજબ મુંબઈમાં હવે ભારે વરસાદની શક્યતા ઓછી છે. જોકે આ અઠવાડિયાના અંત સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. એ બાદ ઑક્ટોબરમાં ચોમાસું વિદાય લેશે. જોકે દેશમાંથી નૈર્ઋત્યના ચોમાસાની વિદાય રાજસ્થાનથી ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે અને ૧૫ ઑક્ટોબર સુધીમાં સમગ્ર ભારતમાંથી ચોમાસું વિદાય લેશે.

### અટકળો કરવી

નિર્દેશ આપ્યા બાદ એજન્સીએ એફઆઈઆર નોંધી હતી. સીબીઆઈએ સ્વર્ગસ્થ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના ભૂતપૂર્વ મેનેજર સલિયનના મૃત્યુના સંદર્ભમાં એફઆઈઆર નોંધી હતી, જેમાં તેના પિતા સતીશ સાલિયન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર હાઈ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને કોઈ આરોપીનું નામ આપવામાં આવ્યું ન હતું. બીજી સપ્ટેમ્બરે હાઈ કોર્ટે સાલિયનના મૃત્યુની સીબીઆઈ તપાસનો આદેશ આપી છ વર્ષ સુધી એફઆઈઆર નોંધવામાં નિષ્ફળ રહેવા બદલ મુંબઈ પોલીસની ઝાટકણી કાઢી હતી, અને અવલોકન કર્યું હતું કે તેની તપાસ જવાબો કરતાં વધુ પ્રશ્નો ઊભા કરે છે. ૮ જૂન, ૨૦૨૦ના દિવસે મલાડ બિલ્ડિંગના ૧૨મા માળેથી પડી જવાથી દિશા સાલિયનનું મૃત્યુ થયું હતું. એક અઠવાડિયાં પછી, ૧૪ જૂન, ૨૦૨૦ ના રોજ, અભિનેતા સુશાંત સિંહ રાજપૂત તેમના બાંદ્રા એપાર્ટમેન્ટમાં મૃત હાલતમાં મળી આવતા હોબાળો થયો હતો અને ત્યારબાદ તેમના મૃત્યુની સીબીઆઈ તપાસ શરૂ કરવામાં આવી હતી.

### 30 કરોડનું

આધારે આર્થિક ગુના શાખાએ જુલાઈમાં વલસાડની એક ઈમારતમાંથી શેઠની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ રોકાણકારોને શૅરબજારમાં નાણાં રોકવા લલચાવવા માટે આરોપીએ બનાવટી પ્રોફિટ સ્ટેટમેન્ટ વિતરીત કર્યાં હતાં. શેઠે રોકાણકારો પાસેથી મૂળ પાંચ કરોડ રૂપિયા લીધા હતા, પરંતુ એક એનઆરઆઈ મહિલા સહિત અન્ય રોકાણકારોને ૩૦.૨૬ કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું હતું. કાંદિવલીમાં રહેતા સંજય હિરાલાલ શાહ (૬૦) એપ્રિલમાં મુંબઈના પોલીસ કમિશનર દેવેન ભારતીને મળ્યા ત્યારે આ ફ્રોડ પ્રકાશમાં આવ્યું હતું. શાહના પરિવારને ૧૦.૮૧ કરોડ રૂપિયાનું કથિત નુકસાન થયું હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. તપાસમાં જણાયું હતું કે શેઠની મિત્રતા શાહના સૉફ્ટવેર એન્જિનિયર પુત્ર સાથે હતી. ૨૦૨૦માં ટ્રેડિંગ ઍપ 'ઈન્વેસ્ટોક'ના ડેવલપિંગને બહાને શેઠ શાહના પુત્રને મળ્યો હતો. સાયન અને માટુંગાના ફ્લૅટ્સમાં થયેલી મીટિંગ દરમિયાન શેઠે બનાવટી એક્સેલ શીટ્સ દેખાડીને શાહના પરિવારને મોટું રોકાણ કરવા મનાવી લીધો હતો. શરૂઆતમાં શેઠે સ્મોલ પ્રોફિટ ઈન્વેસ્ટમેન્ટમાં ૩.૮ કરોડ રૂપિયા રોકાણકારોને ચૂકવ્યા હતા. જોકે બાદમાં ડિસેમ્બર, ૨૦૨૫થી તેણે ચુકવણી બંધ કરી દીધી હતી અને એપ્રિલ પછી તે ગાયબ થઈ ગયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી આર્થિક ગુના શાખાની ટીમ વલસાડની એક ઈમારત સુધી પહોંચી હતી. અધિકારીઓની ટીમે ત્રણ દિવસ રાહ જોયા પછી આખરે શેઠ હાથ લાગ્યો હતો. આરોપીએ પોતાની ત્રણ ઓળખ બનાવી હતી. યુવાનીમાં તે જયેશ હસમુખભાઈ શાહ તરીકે ઓળખાતો. દિલ્હીમાં તેણે પોતાનું નામ રાહુલ અતુલભાઈ પારેખ અને મુંબઈમાં રોશન શેઠ રાખ્યું હતું. પોલીસે તેની પાસેથી બીએમડબ્લ્યુ, મર્સિડીઝ અને થાર કાર, ૧૪ કીમતી ઘડિયાળ, ૧.૬૭ કરોડના સોનાના દાગીના અને ૧૭ લાખની રોકડ જપ્ત કરી હતી. એ સિવાય તેના ત્રણ ફ્લૅટને સીલ કરવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

### ગણેશ ઉત્સવમાં

હિન્દુઓના મોટા તહેવારમાંના એક ગણેશોત્સવ દરમિયાન લોકોને અસુવિધા નહીં થાય. કાયદો અને વ્યવસ્થા જાળવવી એ પોલીસની જવાબદારી છે. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે 'મુંબઈમાં વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી માગતી જરાંગેની અરજી પોલીસે ફગાવી દીધી હતી. પોલીસ કોઈપણ નવી અરજી પર તેની યોગ્યતાના આધારે નિર્ણય લેશે. ગણેશોત્સવમાં (વિરોધને કારણે) કોઈ અવરોધ નહીં આવે એવી સરકારની અપેક્ષા છે. મુંબઈ, પુણેમાં આ ખૂબ જ મોટો તહેવાર છે અને સૌથી મોટા હિન્દુ તહેવારોમાંના એક તરીકે જાહેરમાં ઉજવવામાં આવે છે.' આંદોલન સંદર્ભમાં ફડણવીસે એમ પણ જણાવ્યું હતું કે મરાઠા વિરોધીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી ૧૩ કાયદેસર રીતે માન્ય માગણીમાંથી ૧૨ સરકારે સ્વીકારી લીધી છે.બાકીની માગણી અંગેની કાનૂની મુશ્કેલીઓ અને કોર્ટના આદેશ વિરુદ્ધ જવાથી મરાઠા સમુદાયને કેવી રીતે નુકસાન થઈ શકે છે તે પણ સરકારે સમજાવ્યું છે. મને લાગે છે કે તહેવારોના દિવસોમાં આવી ભૂમિકા લેવાને બદલે તેમણે (વિરોધકર્તાઓએ) એવો નિર્ણય લેવો જોઈએ કે જેથી લોકોને કોઈ અગવડ ન પડે.' મંગળવારે વહેલી સવારે જરાંગે જાલના જિલ્લાના અંતરવાલી સરાટી ગામથી મુંબઈ આવવા નીકળ્યા હતા.મુંબઈ પોલીસે જરાંગેને ચાલુ ગણેશ ઉત્સવ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સમસ્યા ટાંકી આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન કરવા માટે પરવાનગી આપવાનો ઇનકાર કર્યો હતો.જોકે, જરાંગેએ મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાંથી મરાઠા સમુદાયના સભ્યોને મુંબઈ લાવવાની તેમની અગાઉની યોજનામાં ફેરફાર કર્યો અને કડક સુરક્ષા વચ્ચે ૫-૧૦ સહયોગીઓના પસંદગીના જૂથ સાથે જવાનું નક્કી કર્યું.

### ગોરેગામમાં

હતી. આ બસ ખાનગી કૉન્ટ્રેક્ટર માતેશ્વરી કંપનીની છે અને દિંડોશી ડેપો સાથે સંકળાયેલી છે. આ બનાવમાં બે જખમી થયા હતા અને તેમને તાત્કાલિક જોગેશ્વરી પૂર્વમાં આવેલી ટ્રોમા હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જેમાં બેસ્ટમાં એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરતા ૫૮ વર્ષના રાજેન્દ્ર મુલીધરને માથા પર ઈજા પહોંચી હતી. તેમને ત્રણ ટાંકા લેવા પડયા હતા. તો સાથે જ બસમાં પ્રવાસ કરી રહેલા ૫૭ વર્ષના મંગેશ રામચંદ્રા મોડલેકર માથા પર ઈજા પહોંચી હતી અને માથા પર પાંચ ટાકા લેવા પડયા હતા. સારવાર બાદ બંનેને રજા આપવામાં આવી હતી. બેસ્ટ પ્રશાસનના જણાવ્યા મુજબ કાર ડ્રાઈવરની ફરિયાદને આધારે પોલીસે બેસ્ટના ડ્રાઈવરની સામે ભારતીય ન્યાય સંહિતાની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

### ઠાકરે પરિવાર

જૂન ૨૦૨૦ માં સેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેને ભૂતપૂર્વ સેલિબ્રિટી મેનેજરના મૃત્યુ સાથે કોઈ લેવાદેવા નહીં હોવાનું જણાવ્યું છે.

સીબીઆઈએ સ્વર્ગસ્થ અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના ભૂતપૂર્વ મેનેજર સાલિયનના મૃત્યુના સંદર્ભમાં એફઆઈઆર નોંધી છે. જોકે, એમાં તેના પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને કોઈ આરોપીનું નામ આપવામાં આવ્યું નથી. શિવસેના નેતાએ વધુમાં જણાવ્યું હતું કે 'જે રીતે આ મામલો અદાલતમાં લઈ જવામાં આવ્યો અને અદાલતે (કેસ સીબીઆઈને સોંપવાનો) આદેશ આપ્યો એ એક કાવતરું છે. કોઈનું પણ નામ લીધા વિના ખાસ સીબીઆઈ તપાસ કરવાનું કહ્યું છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી જૈન**

જૂનાગઢ - રાજકોટના વતની હાલ વડોદરા વિલાસબેન જયંતીલાલ શાહ (બાવીશી) તે સ્વ. જયંતીલાલ જમનાદાસ શાહના ધર્મપત્ની તથા જમનાદાસ મીઠાભાઇ શાહના પુત્રવધૂ. સ્વ. અમૃતલાલ સોભાગચંદ ગાઠાણીના સુપુત્રી. સ્વ. જયસુખભાઇ, સ્વ. વિનોદભાઇ, સ્વ. જગદીભાઇ, સ્વ. જયાબેન દોશી, સ્વ. ગુલાબબેન લાઠીઆ, સ્વ. અરુણાબાઇ મહાસતી અને રંજનબેન દેસાઇના બહેન, રાજુ, ગીરીશ, અલ્કેશ અને ભાવનાના માતુશ્રી. તથા પીના, સુધા, રીટા, સેજલ, જયેશભાઇ ઘાટલીયાના સાસુમા તા. ૧૩-૯-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૯-૨૬ ગુરુવારે ૧૦થી ૧૨. ઠે. લાયન્સ હોલ, સેવનકોર્સ, વડોદરા.

**સત્તાવીસ એકડા જૈન**

ગામ ઓરાણ હાલ વિલેપાર્લે (ઇસ્ટ) સ્વ. સેવંતીલાલ નગીનદાસ શાહના ધર્મપત્ની શારદાબેન સેવંતીલાલ શાહ (ઉં. વ. ૮૯) તા. ૧૪-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે દેવેન્દ્રના માતુશ્રી. દિપીકાના સાસુ. વનશ્રી, રૂષિકાના દાદી. પિયર પક્ષે સ્વ. મણીબેન ચીમનલાલ શાહના સુપુત્રી (બુઢારી), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ સાયન મુંબઇ કિશોરભાઇ શાંતિલાલ મહેતા (ઉં. વ. ૮૩) તા. ૧૨-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રફુલ્લાબેનના પતિ. સ્વ. દીલીપભાઇ, શૈલાબેન, હિતેશભાઇ, વર્ષાબેન, ભાવનાબેન સુરેશભાઇ શાહ, રસીલાબેન કિશોરભાઇ દડિયા, શોભનાબેન ભરતભાઇ કોઠારી, હર્ષાબેન ભરતભાઇ શાહના ભાઇ. જુમ્મી-નિરવ, અમી-વિકી, અભિષેક-રિદ્ધિ, હર્ષ-દીપના, કૃપાલુ-નેહાના મોટા પપ્પા. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

વિંછીયા નિવાસી હાલ મુંબઇ સ્વ. પ્રાણલાલભાઇ પિતાંબરદાસ દામાણીના ધર્મપત્ની લીલમબેન પ્રાણલાલભાઇ દામાણી (ઉં. વ. ૯૫) મંગળવાર તા. ૧૫-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અલકેશ-નિતા, જયેશ-પ્રિતિના માતુશ્રી. ચિરાગ-અપેક્ષા, દર્શિલ-કોમલ, ઇશાના દાદી. પિયર પક્ષે સ્વ. અંજવાળીબેન મણિલાલ શાહના દીકરી. પ્રિયકાંત મણિલાલ શાહ (જીતુભાઇ) સ્વ. કૈલાસબેન, સ્વ. જયાબેન, કોકીબેન, મીનાબેનના બહેન. લૌકિક વ્યવહાર તથા સાદડી રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

આમરણ- રાજકોટ નિવાસી, સ્વ. લહેરીકાન્ત તલકચંદ દોશીના પત્ની ગં.સ્વ. રમાબેન (ઉં. વ. ૯૦) તા.૧૨.૯.૨૬ના મીરારોડ મુકામે અરિહંતશરણ પામેલ છે. તે રાજેશભાઈ, સ્વ, નિલેશભાઈ, સ્વ, જયશ્રીબેન રાજેન્દ્રભાઈ ટીંબડીયા, ગં. સ્વ. જયોતિબેન પંકજભાઈ માવાણી, સૌ. નિલા બીપીનભાઈ પારેખના માતુશ્રી, સૌ. સાધનાબેન, ગં.સ્વ. હર્ષાબેનના સાસુ. પિયરપક્ષે સ્વ. નરભેકુવરબેન ઉમેદલાલ સંઘાણીના પુત્રી. સંઘાણી સંપ્રદાયના બા.બ્ર.જ્યોત્સનાબાઈ મહાસતીજી તથા મુળવંતભાઈના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ બોરીવલી, સ્વ. પુષ્પાબેન તથા સ્વ. ચંદુલાલ હીરાચંદ મોદીના પુત્ર નલીનભાઇ (ઉં. વ. ૭૪) તે વર્ષાબેનના પતિ. નિધિ દેવાંગ શાહ તથા ક્રિષ્માના પિતા. પંકજ- સ્મિતા, કમલેશ-જ્યોતિ, વીરેન તથા દીપ્તિના વડીલબંધુ. ધારી નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ. ભાનુબેન-'સ્વ. ગુલાબરાય હરજીવનદાસ દેસાઈના જમાઈ. તા. ૧૨.૦૯.૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. એડ્રેસઃ ૨૧/૨, શ્વેતા બિલ્ડીંગ, દેવીદાસ ક્રોસ રોડ, બોરીવલી વેસ્ટ, લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**પ્રભાસ પાટણ વિશા ઓસવાળ જૈન**

હાલ મુંબઈ, સ્વ. હસમુખલાલ જગજીવન વસનજી શાહના ધર્મપત્ની રંજનબેન (ઉં. વ. ૮૦) તે કેતન, જીજ્ઞેશ, સૌમિલના માતુશ્રી. શીતલ તથા દીપિકાના સાસુ. સોનિયા, સિયોના તથા રિવાના દાદી. પિયરપક્ષે સ્વ. લીલાધર દેવચંદ ગાંધીના દીકરી. ૮/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર (રાજપરા) નિવાસી હાલ બોરીવલી, સ્વ. રમણીકલાલ વાલજીભાઈ દોશી (સુખડવાળા)ના ધર્મપત્ની પ્રવિણાબેન દોશી (ઉં. વ. ૮૦) તા. ૧૩/૦૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નિર્મળાબેન જસવંતલાલ દોશીના દેરાણી. રાજેશ, જિનિષા, તેજલના માતુશ્રી. નીતા, પારસકુમાર, તેજસકુમારના સાસુ. જ્યોતિબેન દિલીપભાઈ, મનીષાબેન અજયભાઈ, જયશ્રીબેન, નીલાબેન, પ્રિયાબેન, અંજનાબેન, સ્વ. વસંતબેન, સ્વ. કાંતાબેન, હાર્દિક, નિહાર, હેતલ, હેતવી, બ્રિજેશભાઈ, શીતલબેનના કાકી. પીયરપક્ષે ભાવનગર નિવાસી હાલ મુંબઈ કુસુમબેન શાંતિલાલ પાનાચંદ શાહના દિકરી. સાદડીપ્રથા તથા લૌકીક વ્યવહાર બંધ છે.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

મહાલક્ષ્મી માતાના પાડાના હાલ નેપિયન્સી રોડ, મુંબઇ, નિરંજનભાઈ અમૃતલાલભાઈ શાહ ૧૪/૦૯/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. અમૃતલાલભાઈ તથા સ્વ શારદાબેનના પુત્ર, સમીર, અમીષીના પિતા. રિન્કુ, મિહિરભાઈના સસરા. હીયા અને કહાનના દાદા, વંશીના નાના. સ્વ. કિરીટભાઈ, આનંદીબેન,નયનાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા પોરવાડ ઈકોતેર સમાજ જૈન**

ડાભલા નિવાસી હાલ મુંબઈ, સોમચંદભાઈના સુપુત્ર રજનીકાંત સોમચંદ શાહ (ઉં. વ. ૮૬) તા. ૧૨-૯-૨૬ના શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિરમતીબેનના પતિ. તનુજા, નમ્રતા, દિપાલી અને અમિતના પિતાશ્રી. યતિનકુમાર, નૈનેશકુમાર, રાજેશકુમાર, તૃપ્તીના સસરા, ધવલ, ધીરના દાદા. વિનિત, પૂજા, યશ, વૈભવના નાના, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

લાઠી નિવાસી હાલ મુંબઈ, જીતેન્દ્રભાઈ ધીરજલાલ ભાયાણી (ઉં. વ. ૮૨) તા. ૧૩/૯/૨૬ રવિવારે મુંબઈ અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. નલિનીબેનના પતિ. અ.સૌ. પારુલ મનોજ માયાણી, અ.સૌ. ધરા રીપલ દોશી, અ.સૌ. વૈશાલી ધવલ શેઠના પિતાશ્રી, સ્વ. અનંતરાય, સ્વ. જશવંતરાય, સ્વ. બટુકભાઈ, સ્વ. જયસુખભાઈ, સ્વ. .કનૈયાલાલભાઈ, સ્વ. વસંતભાઈ ભાયાણી, સ્વ. કાંતાબેન પ્રભુદાસભાઈ દોશીના ભાઈ, ધોરાજી નિવાસી હાલ કલકત્તા સ્વ. હીરાબેન જયંતીલાલ તેજાણીના જમાઈ. રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના સંસારીકાકા. પ્રાર્થનાસભા તા. ૧૭/૯/૨૬ ગુરુવારે સાંજે ૫ થી ૬.૩૦. સ્થળઃ ભારતીય વિદ્યા ભવન, ૨૯ કે એમ મુનશી રોડ,ગામદેવી, મુંબઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લુણીના કલ્યાણજી કુંવરજી દેઢિયા (ઉં. વ. ૭૯) તા. ૧૨-૯-૨૬ના અવસાન પામ્યા છે. જીવીબાઈ કુંવરજી સુરાના સુપુત્ર. સેજલબેનના પતિ. પુનિતના પિતાશ્રી. હરીલાલ, અમૃતલાલ, દિલીપ, કારાઘોઘાના સુંદરબેન (શીલા) પ્રાણલાલ સૈયા, સાડાઉના હેમલતા હસમુખ ગાલા, વાંકીના ઉર્મિલા દિનેશ ગાલાના ભાઈ. તુંબડીના તેજબાઈ નરશી પુનશી ખુથીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સી.એ. પુનિત દેઢિયા, એ /૯૦૧, બિ.નં. ૯૦, ઉજવલ્લા, તિલક નગર, મું.૮૯.

ભોજાયના માતુશ્રી ગોરબાઈ જીવરાજ શીવજી ગાલાના સુપુત્રી વિમલા સુહાસ બાંદેકર (ઉં. વ. ૬૪) તા. ૧૧-૯-૨૬ના અવસાન પામેલ છે. અલીબાગના કમલા કાશીનાથ બાંદેકરના પુત્રવધૂ. અલીબાગ હાલે સાંતાક્રુઝના સુહાસ કાશીનાથ બાંદેકરના પત્ની. મુંબઈના સ્નેહલ વરુણ અરોરા, પૂજા કુંવર સિંહ, પલકન આશિષ બદલાનીના માતા. મણીલાલ જીવરાજ ગાલા, દેવપુર ધનલક્ષ્મી હરખચંદ હીરજી ગાલાના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. સુહાસ બાંદેકર. રાધા એપાર્ટમેન્ટ, ફ્લેટ નં. ૧૦૨,પહેલો માળ, ૫મો રોડ, સેનનગર, સાન્તાક્રુઝ (પૂર્વ).

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

સ્વ. હસમુખભાઇ રામભાઇ પટેલ (ઉં. વ. ૭૩) ગામ નવસારી હાલ મલાડ સ્વ. રામભાઇ રઘાભાઇ પટેલ તથા ગં. સ્વ. દેવીબેન પટેલના પુત્ર તા. ૧૧-૯-૨૬ના અવસાન થયેલ છે. તે ગં. સ્વ. ભાવનાબેનના પતિ. રિતેશભાઇ, રાહુલના પિતા. બીના, મેઘનાના સસરા. રતિલાલભાઇ, રમાબેન, પુષ્પાબેન, હીનાબેનના ભાઇ. પ્રથમ, ધરતીનાં દાદાનું બેસણું તા. ૧૭-૯-૨૬ ગુરુવારના બપોરે ૩થી ૫. ઠે. રૂમ નં.૪૨, બાબા સાલ્વી ચાલ, બાણ ડોંગરી, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા પાસે, મલાડ (પૂર્વ), મુંબઇ-૯૭, બારમું (પુષ્પાણી), તા. ૨૨-૯-૨૬ મંગળવારે બપોરે ૩થી ૪.

**કચ્છી લોહાણા**

ગઢશીશા નિવાસી હાલ ઘાટકોપર તુલસીદાસ વીરજી ચોથાણીના ધર્મપત્ની ગીતાબેન (ઉં. વ. ૮૭) તા.૧૫-૯-૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે નીતીનભાઇ-રેવાબેન, દિગંતભાઇ-રેખાબેન તથા સોનલ વિપુલભાઇ પારેખના માતુશ્રી. હરીશભાઇ-મીરાબેન, પુષ્પાબેન, નિર્મલાબેન, હંસાબેન, કુસુમબેન, કુમુદબેન, ઉષાબેન તથા માયાબેનના ભાભી. નિકિતા સાગર પટેલ, નિખિલ-સુમાયા ચોથાણી તથા મિત અને મિલોની તથા નીલ-તુલસી પારેખ તથા પર્લના દાદી-નાની. રૂક્ષ્મણીબેન ગોવિંદજી વધણ-કોટડી મહાદેવના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી મારુ કંસારા સોની**

ગં. સ્વ. મુક્તાબેન ગોપાલભાઇ સોની-બારમેડા (ઉં. વ. ૭૯) મૂળ ગામ ભુજ કચ્છ, હાલ ઘાટકોપર સ્વ. ગોપાલભાઇ દેવજીભાઇ સોનીના પત્ની. સ્વ. લક્ષ્મીબેન દેવજીભાઇ સોનીના પુત્રવધૂ. ભરત, નિતેશ, જીતેશ અને પ્રીતિના માતા. સુષ્માબેન, નીતાબેન, ભગવતીબેન અને યતીનકુમારના સાસુ. ઉર્વી, શિવાની, હેત્વી, શિવાંશ, હિત અને જીયાના દાદી સ્વ. નર્મદાબેન ચાંપશીભાઇ બુદ્ધભટ્ટી-ભુજના પુત્રી તા. ૯-૯-૨૬ બુધવારના શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. ૪૧૨, શ્રી સાઇ શક્તિ સોસાયટી, પટેલ ચોક, ઘાટકોપર (પૂર્વ).

**દશા શ્રીમાળી ગોહિલ વાડ**

દિહોર નિવાસી, હાલ ઘાટકોપર હસમુખલાલ નંદલાલ દેસાઇ (ઉં. વ. ૯૬) તા. ૧૩-૯-૨૬ રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હંસાબેનના પતિ. ડો. દિપ્તી દેસાઇ તથા ધિરેનના પિતા. ડો. ફોરમ ધવલ શાહના નાના. પરમનાં પરનાના. જગમોહનદાસ પારેખના જમાઇ. પ્રાર્થનાસભા ગુરુવારના તા. ૧૭-૯-૨૬ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

અ. સૌ. સ્વ. કોમલબેન દિપક ઠક્કર (કેશરીયા) કચ્છ ગામ નરેડી હાલ મુલુંડ ચેકનાકા (ઉં. વ. ૪૯) તા. ૧૪-૯-૨૬ના રામશરણ પામેલ છે. તે દિપક શાંતિલાલ કેશરીયાના પત્ની. તે ખુશી, યશના મમ્મી. તે મનોજ, જીજ્ઞેશના બેન. ભગવતી શાંતિલાલ કેશરીયાના પુત્રવધૂ. ગં. સ્વ. લીલાવંતી મધુસુદન કોટકના પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૯-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. પદમાવતી બેન્કવેટ હોલ, એસ.જી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ વતન વેરાવળ હાલ થાણા ગં. સ્વ. મંદાકીનીબેન (ઉં. વ. ૮૧) તે સ્વ. વિજયકાંત કેશવજી રાયઠઠ્ઠાના ધર્મપત્ની. હેમાક્ષીબેન તથા અરુણભાઇના માતુશ્રી. જયેશભાઇ ઠક્કર તથા મનિષાના સાસુ. નમન તથા સહજના દાદીમા. સ્વ. પુષ્પાબેન નટવરલાલ કચ્છીના દીકરી તા. ૧૩-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઈ લોહાણા**

જામ સલાયા વાળા હાલ રાજકોટ નિરંજનાબેન (ઉં. વ. ૮૧), તે સ્વ. રમેશચંદ્ર કરસનદાસ દત્તાણીના ધર્મપત્ની, સ્વ. રાજુભાઈ, રૂપેશભાઈ અને નિશાબેન સુરેશકુમાર મોદીના માતુશ્રી. ખુશ્બુબેન રૂપેશ દત્તાણી અને સુરેશ કુમાર લીલાધર મોદીના સાસુ,સ્વ. રસીલાબેન રાયઠઠ્ઠા, સ્વ. ગુણવંતીબેન ગોકાણી, સ્વ. દ્વારકાદાસ ગંગદાસ પંચમતીયા, તેમ જ રંજનબેન રાજેન્દ્રભાઈ સવાણી અને સુરેશભાઈ પંચમતીયાના બેન. તે સ્વ. શ્યામકુંવરબેન અને સ્વ. ગંગાદાસ ખેરાજ પંચમતીયાના દીકરી. તા. ૧૩/૦૯/૨૬, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે . તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭/૦૯/૨૬ ને ગુરુવારે સાંજે ૪થી ૫, કલાકે રાખેલ છે . પ્રાર્થનાસભા ઠે. યોગી સભાગૃહ, બીએપીએસ, સ્વામિનારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ.

**ઉત્તર ગુજરાત બ્રહ્મક્ષત્રિય સમાજ**

સ્વ. નરેશભાઈ વિઠ્ઠલદાસ ભેડા મૂળ ગામ સાગરોસણા, હાલ મલાડ, હસમુખભાઈ વિઠ્ઠલદાસ ભેડાના ભાઈ. દર્શનાબેન ભેડાના પતિ. નિશલ ભેડાના પિતાશ્રી. સોમાલાલ ધનજીદાસ માધુના જમાઈ, તા. ૧૧/૦૯/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. રહેઠાણઃ ૬૦૩, નિતિશા એપાર્ટમેન્ટ્સ, મધર્સ બેકરી ઉપર, લિબર્ટી ગાર્ડન, મલાડ વેસ્ટ.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

ગં. સ્વ. શાંન્તાબેન શિવશંકર જોશી કચ્છ ગામ ટોડીયાની પુત્રી મહાલક્ષ્મી (ઉં. વ. ૭૩) હાલ બોરીવલી તે સ્વ. મહાશ્વેતાબેન હરિશ ટેવાણી, સ્વ.અનસુયાબેન નાનજી ઠક્કર, સ્વ. કુસુમબેન સુરેન્દ્ર મલ્લી, હિંમતલાલ શિવશંકર જોશી અને પ્રતિમા અનિશ શેઠના બેન તા. ૧૨.૦૯.૨૬ના શનિવારના શ્રીજીશરણ પામ્યા છે. પ્રાર્થના તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

હાલ કાંદિવલી નિવાસી, પ્રમીલાબેન પ્રતાપરાય ઓઝાના પુત્ર અશોક ઓઝા (ઉં. વ. ૬૮) તે રીટાબેનના પતિ. અંકિત અને ઉર્મિલના પિતાશ્રી. નરેન્દ્રભાઈ અને કલ્પનાબેનના ભાઈ. વનિતાબેન હર્ષદરાય ઓઝાના જમાઈ. તા. ૧૦/૦૯/૨૬ના અક્ષરનિવાસી થયા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ અંધેરી, કૃષ્ણકાંત કેશવલાલ દેસાઈ (ઉં. વ. ૯૦) ૧૨/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. સરયુબેનના પતિ. ઇન્દુબેન જયંતીલાલ સંઘવી, ધીરજલાલ કેશવલાલ દેસાઈના નાનાભાઈ, ચંદ્રકાંત જમનાદાસ ભુતાના જમાઈ. અતુલ, અચલા, રાજુલ તથા રાજેનના પિતા. પારૂલ, કાશ્મીરા, પરીમલ પટેલ, મનોજ મઝમુદારના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

અ. સૌ. સ્મિતાબેન (ઉં. વ. ૬૮) તે સ્વ. તારાબેન રમણલાલ શાહ (વશનજી)ના પુત્રવધૂ. રોહિત રમણલાલ શાહ (વશનજી)ના ધર્મપત્ની. ફોરમ, ધરિત ભાવિકના માતુશ્રી. સ્વ. રજનીકાંત, સ્વ. રેણુકા, સ્વ. ભરત, સ્વ. ગીતા તથા માલવિકાના ભાભી. સ્વ. જમુબેન કાંતિલાલ કડકિયા (બીરપુરના દીકરી. ૧૦/૯/૨૬ના મુંબઈ મુકામે શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૬/૯/૨૬ બુધવારના સાંજે ૪ થી ૬. સ્થળઃ ઠક્કાઈ ભાટિયા હોલ નં ૩, ગેટ નં ૫, પહેલે માળે, નમહ હોસ્પિટલ સામે, શંકર ગલી, કાંદિવલી વેસ્ટ.

**પરજીયા સોની**

મૂળગામ ચાવંડ હાલ કાંદિવલી, દિપક અમૃતલાલ થડેશ્વર (ઉં. વ. ૬૬) ૧૪/૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રવિણાબેનના પતિ. જીજ્ઞેશના પિતા. સેજલના સસરા. બાવચંદ કાળાભાઇ સતિકુંવર (દેવાળિયાવાળા)ના જમાઈ. સ્વ. સુરેશભાઈના ભાઈ. પ્રાર્થનાસભા ૧૭/૯/૨૬ના રોજ ૧૦.૩૦ થી ૧૨. સોનિવાડી શીમ્પોલી રોડ બોરીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

કરાચીવાડા, હાલ બોરીવલી, સ્વ. ભૂપેન્દ્રભાઈ જોબનપુત્રા (ઉં. વ. ૬૭) તા. ૧૩/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.ભાનુમતીબેન ધનજીભાઈ જોબનપુત્રાના સુપુત્ર. સ્વ. હીનાબેનના પતિ. સ્વ. શારદાબેન ચંદ્રવદનભાઈ ઠક્કર (પોપટ)ના જમાઈ. સ્વ. કિર્તિભાઈ, મીનલ રાજેન્દ્ર ઠક્કરના મોટાભાઈ. વૃષ્ટિ મિહિર માણેક અને ડોલી ગૌરાંગ ઠક્કરના પિતા. પ્રેરક કિર્તન પાખીના નાના. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઈ લોહાણા**

શ્રીમતી ભારતી મનુભાઈ કારિયા (ઉં. વ. ૮૦) મનુભાઈ (જયંતભાઈ) કારિયાના પત્ની. સ્વ. રાધાબેન લવજીભાઈ કારિયાના પુત્રવધૂ. સ્વ. પુષ્પાબેન તથા સ્વ. હરિરામ ભવાનજી ભીંડેના પુત્રી. રહેવાસી પવઈ, મુંબઈ તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના નિધન થયું છે. કેતન - કાજલ ભાવેશ - શ્વેતા (પુત્રો તથા પુત્રવધૂઓ) ખ્યાતિ, નિયતિ (પૌત્રીઓ) લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ઝવેરબેન નારાયણદાસ માવજી સોમૈયાના પુત્ર શાંતિકુમાર સોમૈયા (ઉં. વ. ૯૦) હાલે માટુંગા, સ્વ. સાવિત્રીબેનના પતિ. ચિ. કુમુદબેન (હેપ્પી)ના પિતાશ્રી. તેમજ સ્વ. મુલરાજભાઈ, સ્વ. મુલશેનભાઈ, સ્વ. કેશરબેન નરભેરામ પોપટ, ગં. સ્વ. સરલાબેન શાંતિલાલ કોઠારી અને પ્રવિણભાઈના ભાઈ, તા. રવિવાર, તા. ૧૩-૯-૨૬ના શ્રી રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

કુમારી મીના (ઉં. વ. ૬૩) તે સ્વ. જમુબેન હંસરાજ કજરીઆના પુત્રી. સરોજ, શૈલેષ તથા શીલાના બહેન. શાલીની (રત્નમાલા) ના નણંદ, નીરવ, અ.સૌ. રુચિતા કશ્યપ મટાણીના ફઈ. તથા ચિ.પ્રાણવીના દાદી, ચિ.વિહાના નાની. તા. ૧૩.૦૯.૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળગામ બાલંબા હાલ થાણા, પ્રવીણભાઇ (ઉં. વ. ૮૨) સોમવાર તા.૧૪/૦૯/૨૬ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પ્રમીલાબેન તથા સ્વ. દયાળજી નારણજી પાંધીના સુપુત્ર, કુમુદબેનના પતિ, ગીતા, હિના અને કૃષ્ણાના પિતા, હસમુખભાઈ, સ્વ. વિજયભાઈ, સ્વ.રાજનભાઈ, શરદભાઈના ભાઈ, સ્વ. કમળાબેન તથા સ્વ. વિઠ્ઠલદાસ ભાણજી કારિયાના જમાઈ, પ્રિશા, વ્યોમ અને પૂરબના નાના. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મુળ ગામ રાણપુર હાલ પનવેલ કરઝાડે, સ્વ. શામજી લક્ષ્મીદાસ સાદરાણીના પુત્ર કિરીટભાઈ (ઉં. વ. ૭૪) તે સ્વ. નાનુભાઈ, સ્વ. ધીરૂભાઇ, સ્વ. ભરતભાઈ, હેમલતા રજનીકાંત કોટકના ભાઈ, નિખિલ અને હેતલના પિતાશ્રી, રાજેશ, મિલન, અંજુ, શિતલના કાકા. સ્વ. જયાબેન પરમાનંદ માનસત્તાના જમાઈ. તા. ૧૩/૯/૨૬. રવિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

## પારસી મરણ

સામ જમશેદજી ભક્કા તે ફ્રેનીના ધની. તે મરહુમો નાજા જમશેદજી ભક્કાના દીકરા. તે કૈયઝાદના પપા. તે મરહુમ વીરાના સસરા. તે રીહીયાના બપાવા. તે મરહુમો હોમાય દારબશા સરકારીના જમાઇ. (ઉં. વ. ૯૨) રે. ઠે. ૨૯ સેથના બિલ્ડિંગ, બીજે માળે, નવરોજી સ્ટ્રીટ, એસ. કે. પાટીલ ઉદ્યાનની સામે, ઓફ ગીરગામ રોડ, મુંબઇ-૪૦૦૦૦૨.

ખુરશીદ નરીમાન મિસ્ત્રી તે મરહુમ નરિમાન ડી. મિસ્ત્રી તથા કેટી નરીમાન મિસ્ત્રીના દીકરી. તે મહારૂખ અંકલેસર્યાના બહેન. તે રેયોમંદ અંકલેસર્યા તથા દેલનાઝ સરવેયરના ભાણેજ. તે મેહરૂ ડી. મિસ્ત્રી, ઝરીન કે. પારડીવાલા તથા એમીઆર દારૂવાલા તથા મરહુમો ધન વી. પટેલ, કેરસી પારડીવાલા તથા રૂસી એન. દારૂવાલાના ભત્રીજી. (ઉં. વ. ૬૨) રે. ઠે. ઇ-૧૫, શાપુર બાગ, વીઠલભાઇ પટેલ રોડ, મુંબઇ-૪૦૦૦૦૪.

ઝીનોબ્યા કેકી સાહુના તે મરહુમ કેકી એસ. સાહુનાના ધનીયાની. તે મરહુમ તેમીના કે. દારાબશાહ ડ્રાઇવરના દીકરી. તે રુસી ડી. ડ્રાઇવરના બહેન. તે ફિરોઝા ડ્રાઇવરના ફૂઇ. તે સુનુ બિલિમોરિયા, નારી માવલવાલાના મામી. તે ઝુબીન શાહુનાના કાકી. તે આરમયતી રૂસી કે. ડ્રાઇવરના નણંદ. (ઉં. વ. ૮૬). રે. ઠે. દીનશા પેટીટ બિલ્ડિંગ, ૧૮-સી, ગીરધર લેન, મુંબઇ સેન્ટ્રલ, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા તા. ૧૬-૯-૨૬ને બપોરે ૩.૪૫ પી.એમ. મેવાવાલા અગિયારીમાં છેજી.

વીરાફ દીનશા ઇરાની તે ફ્રેની વીરાફ ઇરાનીના ખાવીંદ. તે મરહુમો દીનશાહજી તથા ફ્રેની ઇરાનીના દીકરા. તે અફશીન તથા ફરઝીનના બાવાજી. તે અફસોનહ અફશીન ઇરાનીના સસરા. તે દોનેશ દીનશાહ ઇરાની તથા મરહુમ શારૂખ દીનશાહ ઇરાનીના ભાઇ. તે મરહુમ પેરીન સોરાબા ઇરાનીના જમાઇ. (ઉં. વ. ૭૨) રે. ઠે. બી-૫૦૩/૫૦૪ એમ. એ. પટેલ કો. હા. સો, પાલીમાર રોડ, બી.એમ. સી. કે. વોર્ડની સામે, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા તા. ૧૬-૯-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે , અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

વીસપી બરજોર કોન્ટ્રેક્ટર તે નીલુફરના ધની. તે મરહુમો જર બરજોર કોન્ટ્રેક્ટરના દીકરા. તે અનાહીતાના પપા. તે મેહરુ ને શેરનાઝના ભાઇ . તે રુશાદ, કઇઝાદ, તીના ને એમીના મામા. (ઉં. વ. ૭૧) રે. ઠે. સાગર દર્શન કો. હા. સો. ટાવર નં.૩, રૂમ. નં. ૫૦૨, સેક્ટર ૧૮, નેરુલ, નવી મુંબઇ-૪૦૦૭૦૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૬-૯-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે, મેવાવાલા અગિયારમાં છેજી.

ઝરીન મીનું ગદીયાલી તે મરહુમ મીનુંના ધનીયાની. તે મરહમો દોલી ફિરોઝ ગદીયાલીના દીકરી. તે પરવીન ને દીનાના માતાજી. તે યઝદના સાસુજી. તે મરહુમ આબાનના બહેન. તે જસમીન ને ફીઓનાના મમઇજી.(ઉં. વ. ૮૧) રે. ઠે. ૧૨૦, રિપોર્ટર ચાલ, ૧લે માળે, એસ. વી. રોડ, આઝાદ લેન, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૭-૯-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે, અંધેરી પટેલ અગિયારીમાં.

| | | |
|---|---|---|
| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |

# ઈન્ટરવલ

feedback@bombaysamachar.com

કવર સ્ટોરી

નિલેશ વાઘેલા

ગ્રાહક સુરક્ષા અને પારદર્શિતા વધારવા માટે સરકારે ઈ-કોમર્સ નિયમો કડક બનાવ્યા છે. ઓનલાઈન ખરીદી હવે માત્ર સુવિધા નથી રહી; તે કરોડો ભારતીયોના દૈનિક જીવનનું અભિન્ન અંગ બની ગઈ છે. એક ક્લિકમાં સામાન ઘરે પહોંચે છે, પરંતુ એ જ એક ક્લિક કરવાની કળા જાણવા ઉપરાંત ગ્રાહક કેટલો માહિતગાર છે, કેટલો સ્વતંત્ર છે અને કેટલો સુરક્ષિત છે, આ સવાલ વધુ મહત્ત્વનો બની રહ્યો છે.

આ સંદર્ભમાં કેન્દ્ર સરકારે ગ્રાહક સુરક્ષા (ઈ-કોમર્સ) નિયમો,




ડિજિટલ માર્કેટ

# ડાર્ક પેટર્નને ડામવા નવા પ્રયાસ...

૨૦૨૦માં કરેલા નવા સુધારા માત્ર નિયમનકારી ફેરફાર નથી, પરંતુ ડિજિટલ બજારમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ છે. ગ્રાહક બાબતોના વિભાગે સૂચિત કરેલા ગ્રાહક સુરક્ષા (ઈ-કોમર્સ) (સુધારા) નિયમો, ૨૦૨૬માં ફરિયાદ નિવારણથી લઈને સર્ચ રિઝલ્ટ, પ્રાયોજિત જાહેરાતો, ડિસ્કાઉન્ટ, ડાર્ક પેટર્ન, વિક્રેતા માહિતી અને ગ્રાહક ડેટાના ઉપયોગ સુધીના અનેક પાસાં આવરી લેવામાં આવ્યાં છે.

આ નવા નિયમો પહેલી જાન્યુઆરી, ૨૦૨૭થી અમલમાં આવશે. સૌથી નોંધપાત્ર ફેરફાર રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન (એનસીએચ) સાથે ઈ-કોમર્સ એન્ટિટીઓનું જોડાણ ફરજિયાત બનાવવાનો છે. તેની પાછળનું કારણ પણ સ્પષ્ટ છે. ૨૦૨૫માં એનસીએચને ૧૭,૭૧,૬૨૨ ફરિયાદો મળી હતી, જેમાં ૫,૧૧,૧૯૬ એટલે કે લગભગ ૨૯ ટકા ફરિયાદો ઈ-કોમર્સ ક્ષેત્ર સાથે સંબંધિત હતી.

આ આંકડો માત્ર ફરિયાદોની સંખ્યા નથી; તે ડિજિટલ ખરીદીમાં ઊભી થતી અસમાનતા અને ગ્રાહકની નબળી સ્થિતિનો સંકેત છે. ઈ-કોમર્સ પ્લેટફોર્મનું સૌથી મોટું બળ તેની માહિતી પરની પકડ છે. ગ્રાહક શું શોધે છે?, તેને કયાં પરિણામો દેખાય છે અને કઈ વસ્તુ તેના ધ્યાનમાં સૌથી પહેલાં આવે છે?, આ બધું ખરીદીના નિર્ણયને પ્રભાવિત કરે છે. તેથી શોધ પરિણામોમાં, જે ગ્રાહકને ગેરમાર્ગે દોરે અથવા તેની શોધ સાથે પરિણામોની સુસંગતતા ઘટાડે, એવી હેરફેર પર પ્રતિબંધ યોગ્ય દિશામાં પગલું છે.

પ્રાયોજિત સૂચિઓને સ્પષ્ટ રીતે ઓળખવાની જોગવાઈ પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. ગ્રાહકને ખબર હોવી જોઈએ કે તે જે જોઈ રહ્યો છે તે નિષ્પક્ષ ભલામણ છે કે ચુકવણી કરીને આગળ ધપાવવામાં આવેલી જાહેરાત! ડિસ્કાઉન્ટના નામે થતી ગેરસમજ સામે પણ નિયમો કડક બન્યા છે. કોઈ વસ્તુની કિંમત ઘટાડવામાં આવે ત્યારે નવી કિંમત સાથે અગાઉની કિંમત પણ દર્શાવવી પડશે અને અગાઉની કિંમત એટલે જાહેરાત પહેલાંના ૩૦ દિવસમાં વસૂલવામાં આવેલી સૌથી ઓછી કિંમત.

આ જોગવાઈ મોટા ડિસ્કાઉન્ટના આકર્ષણને વાસ્તવિક બનાવવામાં મદદ કરી શકે છે. આ ઉપરાંત ડાર્ક પેટર્ન સામેની જોગવાઈઓ ડિજિટલ ગ્રાહક અધિકારોનું એક મહત્ત્વપૂર્ણ વિસ્તરણ છે. વેબસાઇટ અથવા એપની એવી ડિઝાઇન, જે ગ્રાહકને તેની મૂળ ઇચ્છા વિરુદ્ધ નિર્ણય લેવા પ્રેરિત કરે, તેને માત્ર માર્કેટિંગની યુક્તિ તરીકે જોવી પૂરતી નથી. વાર્ષિક સેલ્ફ ઓડિટ અને પાલનનું પ્રમાણપત્ર દર્શાવવાની જોગવાઈથી કંપનીઓ પર આંતરિક જવાબદારી પણ વધશે.

પરંતુ નિયમનનો અર્થ માત્ર પ્રતિબંધો નથી. ગ્રાહકને યોગ્ય માહિતી આપવી એ પણ સુરક્ષાનો ભાગ છે. ઉત્પાદનની બેસ્ટ-બિફોર અથવા યુઝ-બિફોર તારીખ, રિટર્ન-રિફંડ નીતિ, વોરંટી, ડિલિવરી અને ચુકવણીની શરતો જેવી વિગતો સરળતાથી ઉપલબ્ધ કરાવવી ગ્રાહકને માહિતગાર નિર્ણય લેવાની શક્તિ આપે છે.

આયાતી ઉત્પાદનો માટે આયાતકાર અને મૂળ દેશની માહિતી જાહેર કરવાની જોગવાઈ પણ આ જ હેતુને આગળ ધપાવે છે.ગ્રાહક ડેટા અંગેની જોગવાઈ વધુ સંવેદનશીલ છે. ગ્રાહકની સ્પષ્ટ અને હકારાત્મક સંમતિ વિના ચોક્કસ હેતુઓ માટે તેની માહિતીનો ઉપયોગ ન કરી શકાય-આ સિદ્ધાંત ડિજિટલ અર્થતંત્રમાં વિશ્વાસ માટે અનિવાર્ય છે.

આખરે, પડકાર નિયમો બનાવવાનો નહીં, પરંતુ તેનો અસરકારક અમલ કરવાનો છે. સરકારને વ્યવસાય કરવાની સરળતા અને ગ્રાહક સુરક્ષા વચ્ચે સંતુલન જાળવવું પડશે. ઈ-કોમર્સ ક્ષેત્રના ખેલાડીઓએ પણ સમજવું પડશે કે પારદર્શિતા તેમની વૃદ્ધિ માટે અવરોધ નહીં, પરંતુ લાંબા ગાળાના વિશ્વાસની મૂડી છે.

ડિજિટલ બજાર જેટલું મોટું બનશે, તેટલું ગ્રાહક અને પ્લેટફોર્મ વચ્ચેનું અંતર પણ વધશે. નવા નિયમોની સાચી સફળતા ત્યારે ગણાશે જ્યારે તે અંતર કાયદાથી નહીં, પરંતુ વિશ્વાસથી ઓછું થશે. આ સુધારાઓનું એક મહત્ત્વનું પાસું એ પણ છે કે તે જવાબદારી માત્ર પ્લેટફોર્મ પર નહીં, પરંતુ સમગ્ર ડિજિટલ સપ્લાય ચેઇન પર લાવવાનો પ્રયાસ કરે છે.

ગ્રાહક માટે પ્લેટફોર્મ પર દેખાતી માહિતી અને વાસ્તવિક ઉત્પાદનમાં તફાવત હોય તો ફરિયાદ કરવાની પ્રક્રિયા સરળ અને પારદર્શક હોવી જરૂરી છે. ફરિયાદ અધિકારી દ્વારા નોંધાયેલી ફરિયાદની નકલ ગ્રાહકને આપવાની જોગવાઈ આ દિશામાં મહત્ત્વપૂર્ણ છે.

તે જ રીતે, ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા અસંબંધિત સેવાઓ માટે બંડલ ફી લાદવા પર નિયંત્રણ ગ્રાહકને અનિચ્છનીય ખર્ચથી બચાવી શકે છે. જોકે, લોયલટી અથવા સભ્યપદ કાર્યક્રમો માટે અપાયેલા અપવાદને કારણે વ્યવસાયિક મૉડેલો માટે જરૂરી સ્થિતિસ્થાપકતા પણ જળવાઈ રહે છે. આ આખી પ્રક્રિયામાં ગ્રાહક જાગૃતિ સૌથી મહત્ત્વપૂર્ણ કડી રહેશે.

શ્રેષ્ઠ કાયદો પણ ત્યારે જ અસરકારક બને જ્યારે ગ્રાહક પોતાના અધિકારો જાણતો હોય અને ખોટી પ્રથા સામે અવાજ ઉઠાવતો હોય. તેથી સરકાર અને પ્લેટફોર્મોએ નિયમો સાથે ગ્રાહક શિક્ષણ પર પણ ભાર મૂકવો પડશે. અંતે, પારદર્શક ઈ-કોમર્સ વ્યવસ્થા માત્ર ગ્રાહકને સુરક્ષિત નહીં કરે, પરંતુ સચ્ચાઈથી વ્યવસાય કરતા વેપારીઓ માટે પણ વધુ ન્યાયી સ્પર્ધાનું વાતાવરણ ઊભું કરશે.

આ સુધારાઓનું સૌથી મોટું મૂલ્ય એ છે કે તેઓ ગ્રાહકને માત્ર ખરીદદાર તરીકે નહીં, પરંતુ અધિકાર ધરાવતા નાગરિક તરીકે જોવાનો પ્રયાસ કરે છે. ડિજિટલ અર્થતંત્રમાં ઝડપ અને સુવિધા સાથે જવાબદારી પણ એટલી જ જરૂરી છે.

કંપનીઓ માટે નિયમોનું પાલન શરૂઆતમાં વધારાનું કામ લાગી શકે, પરંતુ લાંબા ગાળે સ્પષ્ટ માહિતી, ન્યાયી ભાવ અને ઝડપી ફરિયાદ નિવારણ ગ્રાહકોનો વિશ્વાસ વધારશે.

સરકાર માટે હવે પડકાર એ રહેશે કે નિયમો કાગળ પર જ ન રહે, પરંતુ તેનો અસરકારક અમલ થાય. જો પ્લેટફોર્મ, વિક્રેતાઓ અને નિયમનકારો પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે, તો ભારતનું ઈ-કોમર્સ ક્ષેત્ર વધુ વિશ્વસનીય, જવાબદાર અને ગ્રાહકકેન્દ્રિત બની શકે છે. ■

## ભ્રામક ડિસ્કાઉન્ટ સામે નિયંત્રણો

કેન્દ્ર સરકારે ઈ-કોમર્સ ક્ષેત્રમાં ગ્રાહક સુરક્ષા અને પારદર્શિતા વધારવા માટે ગ્રાહક સુરક્ષા (ઈ-કોમર્સ) નિયમો, ૨૦૨૦માં મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા છે, જે પહેલી જાન્યુઆરી, ૨૦૨૭થી અમલમાં આવશે. નવા નિયમો હેઠળ ઓનલાઈન પ્લેટફોર્મને રાષ્ટ્રીય ગ્રાહક હેલ્પલાઇન સાથે જોડાવું પડશે. સર્ચ પરિણામોમાં હેરફેર, અસ્પષ્ટ પ્રાયોજિત સૂચિઓ અને ભ્રામક ડિસ્કાઉન્ટ સામે નિયંત્રણો લાવવામાં આવ્યાં છે. ડાર્ક પેટર્ન રોકવા માટે વાર્ષિક સેલ્ફ ઓડિટ અને પાલન પ્રમાણપત્રની જોગવાઈ છે. ગ્રાહકોને રિટર્ન, રિફંડ, વોરંટી, ડિલિવરી અને આયાતી ઉત્પાદનોની માહિતી આપવી પડશે. ગ્રાહકની સંમતિ વિના ડેટાના ઉપયોગ પર પણ નિયંત્રણ રહેશે. આ સુધારાઓનો હેતુ ગ્રાહક સુરક્ષા અને વ્યવસાયિક સુગમતામાં સંતુલન સ્થાપિત કરવાનો છે.




# મારો એકરાર... મનથી કરીશ મિચ્છામિ દુક્કડમ્

**પર્વાધિરાજ** પર્યુષણ મહાપર્વ એટલે હૃદયની ભિનાશ સાથે, દોષ-વિશુદ્ધિની હળવાશ સાથે, સંબંધોની મધુરાશ સાથે, શાંતિ અને સમાધિમય જીવનની આશ સાથે, ભવોભવ પ્રભુ શરણ પ્રાપ્તિનો પુરુષાર્થ કરાવતું પ્રેરણાત્મક મહાપર્વ!

સંવત્સરી એટલે હૃદયની નમ્રતાની નમી સાથે, જાણતા-અજાણતા ભવોભવથી મનમાં ભરી રાખેલાં વેર-ઝેર અને પાપ-દોષોનો પ્રભુ સમક્ષ એકરાર કરી, પ્રભુ સાથે એકાકાર થવાનો એક શ્રેયસ્કર પ્રયાસ!

સંવત્સરી એટલે સાચા દિલથી ક્ષમા માગીને અને ઉદાર દિલથી ક્ષમા આપી, હળવા-હળવા થવાનો અનન્ય અવસર!

જે ક્ષમા માંગે છે તે મહાન, જે ક્ષમા આપે છે, તે ભગવાન!

ક્ષમા માંગવાથી અહંકાર તૂટે છે અને ક્ષમા આપવાથી, દ્વેષ ભાવ છૂટે છે.

જેના મનમાં અહંકાર ભરેલો હોય, તેને ક્ષમા માગવામાં તકલીફ પડે છે અને જેના અંતરમાં દ્વેષ ભરેલો હોય, તેને ક્ષમા આપવામાં તકલીફ પડે છે.

ભગવાને કહ્યું છે :

જે ક્ષમા માગે છે, તે આરાધક હોય છે અને જે વેર રાખે છે, તે વિરાધક હોય છે.

ત્રણ મિત્રો હતાં. એક દિવસ તેમને વનવિભાગ દ્વારા વૃક્ષારોપણના programmeમાં જવાનું invitation મળ્યું. ત્રણે friends એ નક્કી કર્યું, એક ખાડો ખોદશે, એક એમાં માટી પૂરશે અને એક બીજ વાવશે. વૃક્ષારોપણનો દિવસ આવી ગયો. બે friends પહોંચી ગયાં. એક ખાડો ખોદે છે અને બીજો એમાં માટી ભરે છે, અને પોતાનું કર્તવ્ય નિભાવ્યાનો સંતોષ માને છે. પણ ત્રીજો મિત્ર આવ્યો નથી એટલે બી વવાતાં નથી.

શું બીજ વાવ્યા વિના વૃક્ષ ઊગે? અર્થાત્ બંને friendsની મહેનત વ્યર્થ ગઈ!

એવી જ રીતે ક્ષમાપના ત્યારે જ સાર્થક થાય છે, જ્યારે તે મન, વચન અને કાયાના ત્રિયોગથી થાય છે.

તમે કાયાથી તેમના ઘરે જાવ, વચનથી તેમને 'ખમાવું છું' કે 'મિચ્છામિ દુક્કડમ્' કહો પણ એમાં જો મન ભળ્યું ન હોય તો એ ક્ષમાપના અધૂરી કહેવાય કે પૂર્ણ કહેવાય? અધૂરી કહેવાય!

જે ક્ષમાપનામાં મનની મિઠાશ,હૃદયની હળવાશ અને આંખોની ભિનાશ ન ભળે એ ક્ષમાપના ક્યારેય સાર્થક ન થાય.

ક્ષમાપનામાં આંખોની ભિનાશ ભળે, તો અંતરની કડવાશ જાય, નહીં તો માત્ર વ્યવહારની ક્ષમાપના કહેવાય.

વ્યવહારની ક્ષમાપના ક્યારેય ક્ષમાનો વૈભવ ન ખીલવે!

ક્ષમાનો વૈભવ ખીલે તો હૃદયમાં હળવાશ અને ચહેરા પર એક અલગ પ્રકારનું સ્મિત આવી જાય.

ક્ષમાપના જો અંતરથી થાય, તો જ બંને વચ્ચેનું અંતર ઘટે!

Medicine વિનાની capsules ગમે તેટલી ગળી લ્યો, રોગ મટે નહીં, તેમ મન વિના ગમે તેટલી વાર 'મિચ્છામિ દુક્કડમ્' કરો દ્વેષનો disease મટે નહીં !

મન વિનાનાં 'મિચ્છામિ દુક્કડમ્'માં શું થાય?

Face ઉપર smile હોય, વચનમાં મિચ્છામિ દુક્કડમ્ હોય પણ અંતરમાં mileનું distance હોય!

Confess કરો, આજ સુધી જેમની સાથે વેર-ઝેર છે, અબોલા છે, અણબનાવ છે, એમની સાથે કેટલી વાર સાચા મનથી ક્ષમાપના કરી છે?

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ એકરાર કરી, પ્રભુ સાથે એકાકાર થવા માટે છે,

આજે પ્રભુ સમક્ષ કબૂલ કરી લ્યો, એકરાર કરી લ્યો.

પ્રભુ ! મેં બધાં સમાજની દ્રષ્ટિથી, સંબંધો અને વહેવાર સાચવવા બહારથી ક્ષમાપના કરી છે પણ અંદરથી વેરની આગ શાંત થઈ નથી. આજે સાથે સાચા દિલથી ક્ષમા માંગવી છે. ભૂલ મારી હતી કે ભૂલ એની હતી. મારે મનમાં કોઈ calculations રાખવા નથી. પ્રભુ, બની શકે કે આ મારી અંતિમ સંવત્સરી હોય... એટલે મારે કોઈ પણ જાતના વેર-ઝેર લઈને વિદાય લેવી નથી. ક્યાંક હું નાનો છું. ક્યાંય હું મોટો છું. મારે નાના મોટાનો ego રાખ્યા વિના આજે મનથી બધાંને મિચ્છામિ દુક્કડમ્ કરવું છે!

હે પ્રભુ ! આપની સાક્ષીએ **तस्स भंते, पडिक्कमामि, निंदामि, गरिहामि, अप्पाणं वोसिरामि।** સાચા દિલથી ખમાવી, હળવા થઈ. તારી સાથે એકાકાર થવું છે, આજ સુધી ગુનેગાર હતો. હવે ગુણગાન બનવું છે.

જે પ્રભુ સમક્ષ એકરાર કરે છે, પ્રભુ તેની સાથે, તેને સુધારવાનો કરાર કરે છે.

ક્ષમાપના માટે 3 words યાદ રાખવાના છે;

1. મન 2. મનન 3. નમન

મનથી ક્ષમાપના કરવાથી એમાં હૃદયના ભાવ ભળે છે. મનન કરવાથી mistakes realise થાય છે અને નમન કરવાથી-- ઝૂકીને અહોભાવથી ક્ષમાપના કરવાથી, અહંકાર દૂર થાય છે.

મનની એક એવી સ્થિતિ હોય છે, જેના કારણે મન past, present અને futureમાં જઈ શકે છે.

મન સૌથી વધારે pastની memoriesમાં જાય છે અને એકવાર pastની memoresમાં જાય તો ત્યાંથી return presentમાં આવતાં મનને બહુ વાર લાગે છે.

જેનું મન ભૂતકાળની યાદોમાં જાય, એના જીવનમાં ફરિયાદો વધારે હોય.

ભૂતકાળની યાદો સારી હોય કે ખરાબ, એક પણ સારી નથી, યોગ્ય નથી.

ભૂતકાળની યાદ જો મનગમતી હોય, જેમ કે, Europeની Tourની હોય અને એ યાદ દિલને ગમી જાય તો અત્યારે એ સુખો ન ભોગવતાં હોવા છતાં, એના ગમવાના કારણે તમારા પુણ્ય ઘટે છે.

ભૂતકાળની યાદ જો અણગમતી હોય, જેમ કે, કોઈએ ક્રોધ કર્યો હોય, આક્ષેપ કર્યો હોય, insult કર્યું હોય, એને યાદ કરવાથી પણ મનમાં દ્વેષ ભાવ વધે છે અને પાપકર્મનો બંધ થાય છે.

માટે જ, આ સંવત્સરીમાં, વ્યક્તિની ક્ષમાપના પહેલાં મનની memories નું 'મિચ્છામિ દુક્કડમ્' કરવું છે.

મનની સ્મૃતિઓને delete કરીને, સંવત્સરી ઉજવવી છે.

મનની એક બીજી વિશિષ્ટતા છે, Mindsetની !

કોઈની માટે એક impression set કરી લે, કોઈની માટે કાંઈ માની લે, judge કરી લે, પછી એ વર્ષો પછી પણ જાય નહીં. પછી ભલે તે વ્યક્તિ સંપૂર્ણ change થઈ ગઈ હોય ! બની શકે છે, તે સમયે તેના સંજોગો, સમય અને સ્થિતિ અથવા કર્મો તેવા હોય!

આજે mindsetના કારણે જેટલાં પણ પાપોનું સેવન થયું હોય, કોઈને hurt કર્યા હોય, કોઈને disturb કર્યા હોય, તેનું મનથી 'મિચ્છામિ દુક્કડમ્' કરી લ્યો !

પર્યુષણ મહાપર્વ પરિવર્તન કરાવવા આવે છે. મનમાં માની લીધેલાં mindset જો change થઈ જશે, તો મનમાં એક શુદ્ધિનો અનન્ય અહેસાસ થશે.

સંવત્સરીની સંધ્યા પહેલાં પ્રભુ સાથે એકરાર કરી લ્યો,

પ્રભુ! મૃત્યુ ક્યારે આવશે એ ખબર નથી, પણ મૃત્યુની પહેલાં મારે મારા વેર-ઝેરનું મૃત્યુ કરવું છે, મારા અણગમાનું મૃત્યુ કરવું છે. મારા દ્વેષ મૃત્યુ કરવું છે.

મારે સાચા મનથી સહુને મિચ્છામિ દુક્કડમ્ કરવું છે, મારે બધાં સાથે પ્રેમ રાખવો છે અને આવતા ભવે પ્રેમ જ સાથે લઈ જવો છે.

સાચા મનથી કરેલું મિચ્છામિ દુક્કડમ્ અને સાચા મનથી પ્રભુ સમક્ષ કરેલો એકરાર, અવશ્ય પ્રભુ સાથે એકાકાર કરાવે છે.

એકરારથી એકાકાર એ જ પર્વાધિરાજ પર્યુષણની પ્રેરણા છે. ■

આ તો સ્કેમ છે... સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# પુરુલિયામાં આર્મ્સ ડ્રોપ કરનારા પરદેશી વિમાનની ભેદી હિલચાલ



એ.એન.-૨૬ વિમાન

**પુરુલિયા** આર્મ્સ ડ્રોપ કાંડ આંતરરાષ્ટ્રીય કાવતરું હોવા વિશે હવે કોઈ બે મત નથી. બધે બધા આરોપી, વિમાનના ક્રૂ મેમ્બર્સ અને વિમાન પણ વિદેશીઓ હોય તો બીજા પુરાવાની શું જરૂર?

આ વિમાન વિશેની ઘણી વાતો ભેદભરમથી ભરપૂર છે. ભારતની ભૂમિ પર ગેરકાયદે શસ્ત્રોની વર્ષા કરનારું એ.એન.-૨૬ વિમાન બ્રિટનના લંડન ગેટવિક એરપોર્ટથી ઉડ્યું હતું. ઈન્ટરનેશનલ ટ્રાવેલ ન કરનારાઓની જાણકારી માટે કહેવાનું કે ગેટવિક લંડન શહેરની દક્ષિણે આવેલું એક મુખ્ય આંતરરાષ્ટ્રીય વિમાનમથક છે. એમાંય પાછું લંડનના હીથ્રો એરપોર્ટ પછી યુકેનું બીજું સૌથી મોટું અને વ્યસ્ત એરપોર્ટ છે. કોઈ નાના કે અજાણ્યા દેશ કે એરપોર્ટને બદલે ગેટવિક મુખ્ય આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી ઉડનારા વિમાનમાં શું અને ક્યાં લઈ જવાઈ રહ્યું છે એની તપાસ ન થઈ હોય? ડોક્યુમેન્ટ્સ ચકાસાયા નહિ હોય? આમ છતાં વિમાન જોખમી સામગ્રી સાથે ઉડ્યું કોના આંખમિચામણા - આશીર્વાદથી? આ સવાલ આજેય અનુત્તર છે. કેમ?

ગેટવિકથી શસ્ત્રધારક વિમાન કરાંચી ગયું. પાકિસ્તાન શા માટે ગયું? શું હથિયારોનું લોડિંગ ત્યાં કરાયું હતું? આ જ સુધી આ સસ્પેન્સ અકબંધ છે. કરાંચીથી વિમાન ભારતના વારાણસી ગયું. શા વાસ્તે? આ કાવતરા પાછળના માસ્ટર માઈન્ડ કે ભગવાન જાણે!. અહીં કોઇ તપાસ થઈ હશે? ખબર નહિ હો. વારાણસીથી એ.એન.-૨૬ વિમાન ઉડીને પુરુલિયા ઉપર પહોંચ્યું. ત્યાંના ગામો પર હથિયારો નાખ્યા પછી વિમાન ભારતની બહાર નીકળી ગયું વાહ, ક્યા બાત હૈ. હવે તો આટલી સહેલાઇથી સરકારી બગીચામાં ય અવરજવર થઈ શકતી નથી.

અહિ વિમાનની વિચિત્રતાનો અંત આવતો નથી બલકે પરંતુ શરૂઆત થાય છે. પુરુલિયામાં હથિયારો નાખ્યા પછી પણ આ વિમાન એકદમ ભારતથી ન દૂર રહ્યું. ઊલટાનું તે ફરી ભારતની હવાઈ સીમામાં આવ્યું હતું. શા માટે? કિસી કો કુછ નહિ પતા.

ભારતીય વાયુસેનાએ વિમાનને કેવી રીતે રોક્યું?

ભારતીય સત્તાવાર વર્ણન મુજબ આ વિમાનને ઓળખવામાં આવ્યું અને તેને ઈન્ડિયન એરફોર્સના મિગ-૨૧ દ્વારા રોકીને મુંબઈ ઉતરવાની ફરજ પડાઈ હતી.

વિમાન મુંબઈમાં ઉતર્યું અને ત્યારબાદ તેની તપાસ કરવામાં આવી. આખરે એ.એન.-૨૬ વિમાન અંતે મુંબઈના સહાર એરપોર્ટ પર ઉતારવામાં આવ્યું હતું.

ભારતીય સત્તાવાળાઓએ આ વિમાનને રોકી દીધું. પીટર બ્લીચ અને અને લાતવિયન ક્રૂ મેમ્બર્સ પકડાઈ ગયા પરંતુ કિમ ડેવી તો ગાયબ હતો!

પુરુલિયા આર્મ્સ ડ્રોપ કાંડ કેસનું સૌથી મોટું રહસ્ય એ છે કે આટલી દેશ-વિરોધી અને મોટી હથિયાર-ચોરીનો મુખ્ય આરોપી વિમાનમાંથી બહાર કેવી રીતે નીકળી ગયો? અને એરપોર્ટ કેવી રીતે છોડી ગયો? (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

પ્રાસંગિક

અમૂલ દવે

# જર્મનીમાં જમણાપંથી આત્યંતિક શક્તિઓનો ઉદય

## કેવો પડશે તેનો યુરોપીય રાજકારણ પર પ્રભાવ?



**જર્મનીમાં** છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન જમણાપંથી રાજકીય અને આત્યંતિક શક્તિઓના ઝડપી ઉદયે દેશની લોકતાંત્રિક વ્યવસ્થા તેમ જ સમગ્ર યુરોપીય સમુદાય સમક્ષ એક ગંભીર અને સંકટપૂર્ણ સ્થિતિ ઊભી કરી છે.

બીજા વિશ્વયુદ્ધ પછી જર્મનીએ જે ઉદારવાદી લોકશાહી, સામાજિક સુમેળ અને માનવાધિકારોની સુરક્ષાનો પાયો નાખ્યો હતો, તે પાયો આજે આત્યંતિક વિચારધારાના પ્રસારને કારણે નબળો પડી રહ્યો હોવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ પરિસ્થિતિનું સૌથી મોટું અને સ્પષ્ટ કેન્દ્રબિંદુ અલ્ટરનેટિવ ફોર જર્મની (એએફડી) પાર્ટીનો સતત વધતો રાજકીય પ્રભાવ છે. આ પાર્ટીને જર્મનીની ઘરેલું ગુપ્તચર એજન્સી (બીએફવી) દ્વારા સત્તાવાર રીતે જમણાપંથી આત્યંતિક સંગઠન અથવા આત્યંતિક વલણ ધરાવતા જૂથ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. AfDના આ ઝડપી રાજકીય વિકાસ અને તેના કારણે સમાજમાં વધી રહેલા ધ્રુવીકરણના લીધે જર્મન સરકાર તેમ જ અન્ય યુરોપીય દેશો અત્યંત ચિંતિત બન્યા છે.

સપ્ટેમ્બર ૨૦૨૬માં પૂર્વ જર્મનીના સેક્સની-આનહાલ્ટ રાજ્યમાં યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીના પરિણામોએ સમગ્ર જર્મન રાજકારણમાં ભૂકંપ જેવી અસરો પેદા કરી હતી.આ ચૂંટણીમાં અરઉએ આશરે ૪૪ ટકા જેટલાં મતો મેળવીને એક અભૂતપૂર્વ અને ઐતિહાસિક વિજય હાંસલ કર્યો.આ પરિણામ પાર્ટીના અગાઉના ચૂંટણી પ્રદર્શન કરતાં લગભગ બમણું હતું, જે દર્શાવે છે કે જમણાંપંથી વિચારો લોકપ્રિયતાના નવા શિખરો સર કરી રહ્યા છે. કેવળ થોડી બેઠકોના અભાવે આ પાર્ટી સ્પષ્ટ બહુમતી મેળવવાથી વંચિત રહી ગઈ, પરંતુ તેણે પરંપરાગત રાજકીય પક્ષોના ગઢ ગણાતા વિસ્તારોમાં મોટું ગાબડું પાડ્યું. કેન્દ્રીય સરકારનું નેતૃત્વ કરી રહેલા ચાન્સેલર ફ્રિડરિખ મેર્ઝની પાર્ટી ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (સીડીયુ)નો મતભાગ ઘટીને માત્ર ૧૭ ટકા જેટલો જ રહી ગયો હતો. આ કારમી હારે જર્મન ચાન્સેલર અને તેમની ગઠબંધન સરકાર પર નીતિગત અને રાજકીય સ્તરે ભારે દબાણ ઊભું કર્યું છે.

જર્મનીની ઘરેલું ગુપ્તચર સેવાના અહેવાલો દર્શાવે છે કે દેશમાં આત્યંતિક વિચારો ધરાવતા વ્યક્તિઓની સંખ્યા વધીને આશરે ૫૮,૭૦૦ સુધી પહોંચી ગઈ છે. આ સંખ્યાત્મક ઉછાળા પાછળ AfDની સદસ્યતામાં થયેલો મોટો વધારો એક મુખ્ય પરિબળ માનવામાં આવે છે. પાર્ટીના આશરે ૭૦,૦૦૦થી વધુ સદસ્યોમાંથી હજારો સદસ્યો સક્રિયપણે આત્યંતિક અથવા કટ્ટરપંથી વિચારધારાઓ સાથે સીધા જોડાયેલા છે. આ ભયાનક સ્થિતિને ધ્યાનમાં રાખીને જર્મન સરકાર અને દેશના મુખ્ય લોકતાંત્રિક પક્ષોએ 'બ્રાન્ડમાઉઅર' અથવા 'ફાયરવોલ' ની નીતિ અપનાવી છે. આ નીતિ હેઠળ, સ્થાનિક કે રાષ્ટ્રીય કોઈ પણ સ્તરે AfD સાથે કોઈ પણ પ્રકારનું રાજકીય ગઠબંધન કે સહકાર ન આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી આત્યંતિક વિચારો ધરાવતી પાર્ટી સત્તાના શિખરે ન પહોંચી શકે. આ નીતિને બીજા વિશ્વયુદ્ધ પછીની જર્મન લોકશાહીના રક્ષણ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ કવચ ગણવામાં આવે છે.

જર્મન ચાન્સેલર અને સુરક્ષા એજન્સીઓની ચિંતા માત્ર ચૂંટણીના પરિણામો પૂરતી સીમિત નથી, પરંતુ તે દેશની આંતરિક સુરક્ષા અને સામાજિક તાણાવાણા સાથે ઊંડી રીતે જોડાયેલી છે. AfD દ્વારા રજૂ કરવામાં આવેલી 'રીમાઇગ્રેશન' નીતિ, જે હેઠળ વિદેશી મૂળના લોકો અને શરણાર્થીઓને દેશમાંથી બહાર મોકલવાની વાત કરવામાં આવે છે, તેને ઘણા રાજકીય વિશ્લેષકો અને નેતાઓએ વંશીય શુદ્ધિકરણના પ્રયાસ સમાન ગણાવી છે. આ ઉપરાંત, પક્ષના કેટલાક આંતરિક જૂથો નિયો-નાઝી વિચારધારા અને સંગઠનો સાથે સંબંધ ધરાવતા હોવાના પુરાવા મળ્યા છે. જર્મનીના નાઝીવાદ અને હિટલરના શાસનના કાળી ડાઘ જેવા ઇતિહાસને ધ્યાનમાં રાખતા, આવા વિચારોનું પુનઃઉત્થાન જર્મન સમાજ માટે અત્યંત ભયજનક ચિહ્ન છે.

આ સ્થિતિથી માત્ર જર્મની જ નહીં, પરંતુ સમગ્ર યુરોપના દેશોમાં ચિંતાનો માહોલ છે. ફ્રાન્સ, ઇટાલી, સ્પેન અને અન્ય યુરોપીય દેશોના નેતાઓએ સેક્સની-આનહાલ્ટના ચૂંટણી પરિણામોને યુરોપિયન લોકશાહી માટે એક ગંભીર ચેતવણી તરીકે વર્ણવ્યા છે.હાલના સમયે યુરોપના ઘણા દેશોમાં જમણાંપંથી પક્ષોનો દબદબો વધી રહ્યો છે. ઇટાલી, હંગેરી અને સ્લોવાકિયા જેવા દેશોમાં જમણાપંથી પક્ષો સત્તા પર છે અથવા તો મજબૂત વિરોધ પક્ષ તરીકે ઊભરી આવ્યા છે. જર્મની એ યુરોપીય યુનિયન (EU) નું આર્થિક અને રાજકીય એન્જિન માનવામાં આવે છે. જો જર્મની જેવા મજબૂત દેશમાં આત્યંતિક બળો શક્તિશાળી બનશે, તો તેની સીધી નકારાત્મક અસર સમગ્ર યુરોપીય યુનિયનની એકતા, વિદેશ નીતિ અને સ્થિરતા પર પડશે.

જર્મનીમાં આત્યંતિક વિચારોના ઝડપી પ્રસાર પાછળ અર્થતંત્રમાં આવેલી મંદી, વધતી જતી મોંઘવારી, બિન-નિયંત્રિત સ્થળાંતર (ઇમિગ્રેશન) ની સમસ્યા અને પરંપરાગત રાજકીય પક્ષો પ્રત્યે જનતામાં વ્યાપેલો તીવ્ર અસંતોષ જવાબદાર છે. ખાસ કરીને પૂર્વ જર્મનીના વિસ્તારોમાં આર્થિક અસમાનતા અને બેરોજગારીનું પ્રમાણ વધુ હોવાથી ત્યાં આ વિચારધારાને વધુ સમર્થન મળી રહ્યું છે. આ ઉપરાંત, સોશ્યલ મીડિયા અને ઓનલાઇન ડિજિટલ પ્લેટફોર્મ્સ દ્વારા યુવાનોમાં કટ્ટરપંથી વિચારોનું બ્રેનવોશિંગ કરવામાં આવી રહ્યું છે, જે ગુપ્તચર એજન્સીઓ માટે વધુ એક મોટો પડકાર બની ગયું છે.

આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે જર્મન સરકાર સુરક્ષા એજન્સીઓને વધુ કાનૂની સત્તા આપવા, સ્થળાંતર નીતિઓમાં કડક સુધારા કરવા અને મુખ્ય પક્ષો વચ્ચે આંતરિક સહકાર વધારવા જેવા પગલાં ભરી રહી છે. છતાં પણ, સામાન્ય જનતાનો વિશ્વાસ પુનઃ પ્રાપ્ત કરવો અત્યંત મુશ્કેલ બની રહ્યો છે. રાષ્ટ્રીય સ્તરના સર્વેક્ષણોમાં AfD હવે દેશની બીજી સૌથી મોટી અથવા સૌથી મોટી રાજકીય શક્તિ તરીકે ઊભરી રહી છે. જો લોકશાહી પક્ષો સામાન્ય લોકોની સામાજિક અને આર્થિક સમસ્યાઓનો સમયસર અને અસરકારક ઉકેલ નહીં લાવે, તો જર્મની અને યુરોપનો રાજકીય નકશો સંપૂર્ણપણે બદલાઈ જશે તેવી આશંકા સેવાઈ રહી છે. ■

### યુકેનું વિભાજન?

યુનાઈટેડ કિંગ્ડમ (યુકે)નું વિભાજન થશે. યુનાઈટેડ કિંગ્ડમની સંસદ પાસેથી સત્તા મેળવનાર ત્રણ ધારાસભા-સ્કોટલૅન્ડ, નોર્ધન આયર્લૅન્ડ અને વેલ્સના ચૂંટાયેલા પ્રતિનિધિઓએ સોમવારે ઐતિહાસિક સંધિ કરીને યુકેની કેન્દ્રીય સંસદ વેસ્ટમિન્સ્ટરમાંથી અલગ થવાની જાહેરાત કરી હતી. આ ત્રણેય દેશે કરેલું સમજૂતીપત્ર જણાવે છે કે રાજકીય સિનારિયો અમારા ટાપુમાં બદલાતો જાય છે. પહેલી વાર સ્કોટલૅન્ડ, વેલ્સ અને નોર્ધન આયર્લૅન્ડમાં ફર્સ્ટ મિનિસ્ટર છે જે યુનાઈટેડ કિંગ્ડમમાંથી આઝાદી ઈચ્છે છે. વિશ્વના લોકો માટે એ સંકેત છે કે વેસ્ટમિન્સ્ટરનો સમય પૂરો થયો છે. આવતા અઠવાડિયે આપણે આની વિગતવાર ચર્ચા કરીશું.

હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

સંજય છેલ

feedback@bombaysamachar.com

# એક બિચારો ભલો માણસ




એક દુકાનદારે કોઇકને મારી ઓળખાણ 'ભલા માણસ' કરાવી. જો કે હું પોતે આવા લેબલોથી બહુ ડરું છું. શું છે કે એકવાર સમાજ તમને 'ભલો માણસ' માની લે તો પછી માણસ ખુદ પોતે જ પોતાની 'સજ્જનતા'નો ગુલામ બની જાય. હું 'ભલા માણસ'ના ભાર હેઠળ જીવવા નથી માગતો. ખરેખર તો કોઈ મારી નિંદા કરે ત્યારે મને હાશ થાય. વખાણથી ડર લાગે. કોઈ મારી સામે મારા જ વખાણ કરે તો હું કહી દઉં કે, 'ઓ ભાઈ બસ... તમે કહો તો કોઈ મૂર્ખામી કરું? ગટરમાં કૂદી પડું કે ધૂળમાં આળોટી દેખાડું?'

કારણ કે આ મતલબી દુનિયામાં કોઇપણના વખાણ કરી કરીને એની પાસે કોઈપણ મૂર્ખામી પણ કરાવી શકાય છે.

પેલો દુકાનદાર જે મારો મિત્ર પણ નથી, એણે મને 'ભલો માણસ' કહ્યો ત્યારથી ચિંતા થવા માંડી છે કારણ કે હું એની દુકાનેથી ઉધારીથી સામાન ખરીદું છું. એ જે હિસાબ દેખાડે એ હું જોયા વગર ચૂકવી દઉં. હિસાબ ન જોવો એ મારી મહાનતા નથી, પણ મારી આળસ છે. કેટલીકવાર બુરાઈ પણ ભલાઈ તરીકે ગણાઈ જાય.

એક માલદાર લેખક વિશે અફવા ફેલાઈ કે એ પૈસા આપીને બીજા પાસે પુસ્તકો લખાવે છે. મેં લોકોને સમજાવ્યા કે તમે એના પુસ્તકો વાંચશો તો તમને ભરોસો બેસી જશે કે એનાં પુસ્તકો એણે પોતે જ લખ્યા છે, કારણ કે આટલું નબળું લખાણ એના સિવાય બીજું કોણ લખી શકે? પૈસા લઇને પણ શક્ય નથી!

ટૂંકમાં, 'ખરાબ લખવું' એ એની 'ઈમાનદારી'નો પુરાવો બની ગયો.

દુકાનદારોની મીઠી મીઠી વાતોમાં એક વેપારીછાપ ચાલાકી છુપાયેલી હોય છે, જે 'માનવતા'ના નામે બજારમાં ખૂબ ચાલે છે. એકવાર દુકાનદાર સાથે ઘરાક હિસાબ અંગે ઝઘડતો હતો. દુકાનદારે કહ્યું, 'તમે શું નાની નાની વાતોમાં કચકચ કરો છો? પેલા પરસાઈજીને જુઓ, બિચારા કેવા 'ભલા માણસ' છે! હિસાબ જોયા વગર જ ચૂકવી દે. મને જોઈને પેલો ગ્રાહક બિલકુલ પ્રભાવિત ન થયો. એણે મને 'ભલો' તો નહીં, પણ મૂરખો ચોકક્સ માન્યો હશે.

ખરેખર કંઈ ભલો માણસ નથી. હું બીજાને આપવાનું ભૂલી જાઉં પણ લેવાનું નથી ભૂલતો. હું ભલો છું, કારણ કે આળસુ છું. ખરાબ બનવા માટે હાથ, પગ ને મન ત્રણેય ચલાવવા પડે. પછીથી મેં 'ખરાબ માણસ' બનવાનું શરૂ કર્યું, પોતે હિસાબ રાખવા લાગ્યો. મહિનાના અંતે દુકાનદાર પાસે હિસાબ માગ્યો તો પકડાયું કે એણે હિસાબમાં ૧૦ રૂ. વધારે લખેલા. એનું 'ભલા માણસનું' સર્ટિફિકેટ મને ખૂબ મોંઘું પડ્યું. અરે, યુનિવર્સિટીમાં મેં ૧૦ રૂ.માં એમ.એ.નું સર્ટિફિકેટ લીધું હતું, જે મને જિંદગીભર શિક્ષિત કહેવા માટે પૂરતું હતું. દુકાનદારનું સર્ટિફિકેટ હું ફ્રેમ કરાવીને ટીંગાડી પણ ન શકું! વળી ૧૦ રૂ.નું સર્ટિફિકેટ ખાલી મહિના પૂરતું જ મળતું! એક નાનકડા શહેરનો દુકાનદાર મને 'ભલો માણસ' કહે એ માટે વર્ષે ૧૨૦ રૂ. ચૂકવવાના?

જો આવનારા લગભગ ૩૦ વર્ષ સામાન ખરીદું, તો આશરે ૩૫૦૦ રૂ. હું માત્ર એટલે ચૂકવું કે એ મને 'ભલો માણસ' કહે? એ હિસાબે આખી બજાર મને 'ભલો માણસ' કહે, તે માટે તો મારે મારી જીવનભરની કમાણી વેડફવી પડે? આ ના પોસાય એટલે મેં જ્યારથી હિસાબ તપાસવાનું શરૂ કર્યું કે પછી 'ભલા માણસ'ના લેબલ માટે હવે કોઈ બીજા મૂરખાનો ઉપયોગ થશે!

જોકે ત્યારથી આસપાસનાં 'ભલા માણસો' વિશે તપાસ કરી રહ્યો છું. એક સ્કૂલના પુસ્તકો છાપનાર વેચનાર મને 'બિચારો ભલો માણસ' કહેતો, કારણ કે હું એને પુસ્તકો લખી આપતો ને એ જે પૈસા આપતો એ લઈ લેતો. બાપ-દાદા પેઢીઓથી એ લોકો આવા જ કોઇ મૂરખાની શોધમાં હતા. બસ! પછી હું ઝડપાયો કે એ મારી ખ્યાતિ ફેલાવતો પરસાઈ બિચારો ભલો માણસ.

એકવાર હું બીમાર પડ્યો. ત્યારે હું એના માટે પુસ્તક લખી રહ્યો હતો જે અડધું લખાઈ ગયેલું. પ્રકાશકે ઘરે પધારીને પહેલાં બીમારી વિશે પૂછ્યું, 'એક લેખકના સંઘર્ષ' પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી, સંસારની અસારતા પર બોલ્યા ને અંતે જ્ઞાન આપ્યુંઃ લખવું એ તો એક તપસ્યા છે! મને એ પણ સમજાવ્યું કે સાચા લેખકને તો ભૌતિક વસ્તુઓની પરવા ના હોય, એ તો ત્યાગી હોય.

(એક ચોર જ સૌથી વધુ પ્રચાર કરતો હોય છે કે 'આ મહાન દેશમાં પહેલાં લોકો ઘરોમાં તાળું નહોતા મારતા!')

હું એનું પ્રવચન સાંભળતો રહ્યો. પછી એણે બાકીની હસ્તપ્રત માગી તો મેં કહ્યું કે પૈસાની જરૂર છે, સાંજ સુધીમાં મોકલી દેજો. એક મિનિટ પહેલાંના એ જ્ઞાનીનો ચહેરો એકદમ ઊતરી ગયો. એની આંખોમાં ગુસ્સો આવી ગયો ને એ એવો રડમસ થઇ ગયો કે જાણે મેં એને એમ કહ્યું હોય કે, 'ભાઈ, તું અહીં બેઠો છે? જો ઘરે તારો બાપ ઉકલી ગયો છે!'

એ દિવસથી એણે મને ક્યારેય 'ભલો માણસ' નથી કહ્યો. હવે એ બધાને કહેતો- મને હતું કે એ 'ભલો માણસ' છે, પણ હું એની તબિયત જોવા ગયો ને એ સાલો પૈસા માગવા લાગ્યો, બોલો?

મને 'બિચારા ભલા માણસ' લેબલથી ખૂબ ડર લાગે છે. ટ્રેનમાં મારી બાજુમાં બેઠેલો કોઇ મને 'બીચારો ભલો માણસ' કહે તો તરત જ હું મારું ખિસ્સું તપાસી લઉં...એ ક્યાંક મારું ખિસ્સું ન કાતરી લે!

હું જોઉં છું કે આવા બધાં પ્રશંસક 'ભલા'ની પહેલાં 'બિચારો' શબ્દ જરૂર વાપરે. લોકો એને જ 'ભલો' કહેશે જે 'બિચારો' હોય. જ્યાં સુધી આપણે કોઈને 'બિચારો' ન બનાવી દઈએ, ત્યાં સુધી તેને 'ભલો' નથી કહેતા કહીએ. આના બે કારણો છે:

૧) જે 'બિચારો' નથી, એ આપણને શાભો ને જબરો લાગે છે. એને આપણે 'ભલો' શું કામ કહીએ?

૨) જે 'બિચારો' છે, એને આપણે દબાવી કે લૂંટી શકીએ છીએ ને એનું શોષણ કરી શકીએ છીએ.

જે દરેક કામ માટે ફાળો આપે, એ બિચારો ભલો માણસ. જે રિક્ષાવાળો ઓછા પૈસા લે, એ બિચારો ભલો માણસ. જે લેખક પૈસા બિના અખબાર માટે લખી આપે, એને તંત્રીઓ બિચારો ભલો માણસ કહે. ટિકિટ કલેક્ટર 'બિચારો ભલો માણસ' છે, કારણ કે વગર ટિકિટ વગર જવા દે છે. આપણી સમાજ વ્યવસ્થાએ ખૂબ વિચારી-સમજીને આ 'બિચારો ભલો માણસ'નું લેબલ બનાવ્યું છે. ■

feedback@bombaysamachar.com

કચ્છી ચોવક

કિશોર વ્યાસ

# એ વાતને છાની રહેવા નથી દેતી!



કોઇ વાત કેટલી વાર છાની રહી શકે ? ન રહે. એમ કહેવાય છે કે, 'સ્ત્રીઓ પાસે તો વાત છાની રહી જ ન શકે' એમાં એ કહેવત કચ્છીમાં બની ગઇ 'ત્રે પતે ભાછા બાર.' આ ગયા અંકમાં વાચકો માટે મૂકેલો મુખવાસ છે. વાત પત્તાની રમતની છે, સીધો અર્થ એવો થાય કે, ત્રીજું પત્તું ખુલે (રોનની રમત) ત્યારે 'ભાછા' એટલે 'બાદશાહ' બહાર થઇ જાય... બહુ ગૂઢ છે આ કહેવત. ઠીક છે સામે 'એકો' આવે તો 'ભાછા' એટલે બાદશાહ જેવા બાદશાહે કુરનિસ કરવી પડે ! પણ કચ્છીમાં એ શા માટે બની હશે? 'રોન'ની રમત ઘડીની હોય છે, બરાબર? ક્ષણોમાં 'ભાછા' અને 'એકો'ની ખબર પડી જતી હોય છે. બસ તેવો જ ગર્ભિત અર્થ આ કહેવતમાં છેઃ 'થોડી વારમાં છુપાવેલી વાત પણ બહાર આવી જશે!'

ઘણીવાર માણસની પાત્રતાની વાત આવતી હોય છે... કચ્છીમાં સરસ કહેવત ઘડાઇ છે :

'ડેવ તેડી અઠાઇ, ને ગુડ તેડી મીઠાઇ.'

મિત્રો. આમ જોવા જઇએ તો સીધોસાદા અર્થ એ થાય કે, 'જેવા દેવ તેવી અઠાઇ, અને જેવો ગોળ (ગુણવત્તા) તેવી મીઠાઇ.' અહીં 'અઠાઇ' જૈનોના શબ્દ છે. પણ સાર્વત્રિક અર્થમાં લઇએ તો, હિંદુ ધર્મમાં દરેક દેવનાં ભાવતાં વ્યંજન (મીઠાઇ) અલગ અલગ હોય છે. જેમ કે, ગણપતિબાપાને 'લાડુ', 'કૃષ્ણને માખણ-મિશરી વગેરે વગેરે... પણ, આ કહેવત માત્ર 'પાત્રતા' 'યોગ્યતા' માટે બની છે. અભિપ્રેત અર્થ એ છે કે, 'જેવી જેની પાત્રતા, તેવાં મળે પરિણામ.'

કોઇને તમે કામ સોંપો, ખાસ કરીને કોઇ ઉત્સાહી નોકરને, પણ થાય શું, ખબર છે? એને કામ કરવાની એટલી તાલાવેલી (ઉતાવળ) હોય કે, એ જે કામ કરવા જાય તેમાં સફળતા ન મળે. એના માટે કચ્છીમાં એક પ્રસ્થાપિત ચોવક છેઃ

'તકડો તેરો ફેરા પાછો વરે.'

દિશા, ઉદ્દેશ, હેતુ, પરિણામ આ બધી બાબતની કાળજી કર્યા વગર કામપૂર્ણ કરવા દોટ મૂકે, અને પછી, દિશા-સૂચન ભૂલી જાય. એ કામ પૂરું કરતાં આ 'ચોવક' પ્રમાણે, એ, તેર વખત પાછો ફરે...! કામ શું હતું એ પૂછવા આવે!

એમાં પાછા એવા અનુભવી પણ હોય જેને ઉપરોક્ત કહેવત લાગુ ન પડે. આપણે ઘણી વખત 'તારા કરતાં મેં ઘણી દિવાળી જોઇ છે.' તેવી કહેવતનો ગુજરાતીમાં પ્રયોગ કરીએ છીએ. બસ એવી જ એક મસ્ત 'ચોવક' કચ્છીમાં છેઃ

'તેરૉ તરાઇયેંજા પાણી પીંધલ.'

મતલબ કે, દુનિયાના ફરનાર અને જાણકાર.

ઘણા માણસો બહુ ક્રોધી હોય છે. કોઇવાર કોઇ પર બહુ ગુસ્સો આવે ત્યારે કચ્છી ચોવક તેને આ રીતે વ્યક્ત કરે છેઃ

'જોડા વિજા સત, લૅખીયાં હિકડો.'

ગુસ્સો તો એવો છે કે, સાત જોડાં ફટકારું પણ થાય એમ કે હજી એક જ જોડો માર્યો છે. આ વધુ પડતા ક્રોધને વ્યક્ત કરતી ચોવક છે.

એ એક માનસિકતા છે, કે, હતી, પણ લોકો બે પાંદડે થવા ભૂખ્યા રહેતા કે, એક ટંક ખાતા. કચ્છી કહેવત એવી શિખામણ આપે છે કે :

'ટક ટારે સે ટકા ન થીયેં.'

તમે એક ટક જમવાનું માંડી વાળો અને પૈસાદાર થવાનું સ્વપ્ન જુઓ તો એ ખોટું છે. અહીં પાછો 'ટ'નો વર્ણાનુપ્રાસ પણ માણવા મળે છે. ન થવાય એ રીતે પૈસાદાર.

પૈસાદાર થવા માટે જે મહેનત કરવી પડે છે તેમાં તો ઘણી તકલીફ પડે છે. 'ચોવક' એમ કહે છે કે :

'છઠી જો ધાવણ જાધ આયો.' આમ જોવા જઇએ તો બાળકના જન્મ પછી 'છઠી'ના સંસ્કાર હોય છે. વિધાતા લેખ લખવા પધારે ને એવું બધું, પણ છઠીનું ધાવણ કોને યાદ આવે? એ યાદ આવવું જેટલું મુશ્કેલ છે, તેટલું જ શ્રીમંત થવું મુશ્કેલ છે!

ચાલો, આજે અહીં જ અટકવું પડશે. પણ તમને મમળાવવા માટે મૂકી દઉં એક મસ્ત ચોવક :

'ચોરજ્યૂં સો શતું, ઘણીજી હિકડી રાત.' ■

feedback@bombaysamachar.com

તસવીરની આરપાર

ભાટી એન.

# રાજવી ઈતિહાસને વાગોળે છે ૧૧૦ વર્ષનાં માડી!



**વાંકાનેરઃ** ભરવાડ પરામાં રહેતાં રામીબેન ભુરાભાઈ રાજગોર આજે ૧૧૦ વર્ષની વયે પણ વાંકાનેરના રાજવી સમયની અનેક યાદોને પોતાના હૈયામાં સાચવીને બેઠાં છે. રામીબેને વાંકાનેરના છેલ્લા રાજવી અમરસિંહજી બાપુને પોતાની આંખે જોયેલા. તેઓ જ્યારે બજારમાંથી મોટર પર નીકળતા ત્યારે મોટર પર રાજવી ધ્વજ ફરકતો અને લોકો તેમને સલામી આપી સ્વાગત કરતા. રામીબેને અમરસિંહજી બાપુની યાદમાં ગીત પણ સંભળાવ્યું, જેમાં 'ભાઈ' જેવા ઉલ્લેખ સાથે તે સમયના 'ઇન્કલાબ જિંદાબાદ' જેવા શબ્દો પણ સાંભળવા મળ્યા. એક સદીથી વધુનો ઇતિહાસ પોતાની આંખે જોનાર આ માડીના શબ્દોમાં જાણે વાંકાનેરના રાજવી યુગની જીવંત ઝલક જોવા મળી.

રાજાશાહીમાં પ્રજા રાજા પાસે જતી, આજે લોકશાહીમાં રાજા પ્રજા પાસે જાય છે... જન્માષ્ટમીના પવિત્ર દિવસે વાંકાનેરના મહારાણા નામદાર શ્રી કેશરીદેવસિંહ ઝાલા ખાસ રામીબેનને મળવા તેમના ઘરે પહોંચ્યા.

મહારાજાએ રામીબેનને નમસ્તે કરી આત્મીયતાથી વાતચીત કરી અને રાજવી સમયની યાદો જાણી. તમે રાજાશાહી જોઈ છે? એવો ભાવપૂર્ણ સવાલ થતાં રામીબેને પણ પોતાના જીવનકાળમાં જોયેલા રાજવી સમયની યાદો વાગોળી. આજના સમયમાં એ યુગના મોટા ભાગના લોકો આપણી વચ્ચે નથી, ત્યારે રામીબેન જેવા વડીલો એ સમયના જીવંત સાક્ષી બનીને ઇતિહાસને નવી પેઢી સુધી પહોંચાડે છે.

એક સમય એવો હતો કે રાજાશાહીમાં પ્રજા પોતાના રાજાને મળવા જતી હતી, જ્યારે આજે લોકશાહીના યુગમાં રાજા સમાન મહારાણા પોતે પ્રજાના આંગણે જઈને વડીલોના આશીર્વાદ અને યાદો મેળવે છે.

આ દૃશ્ય માત્ર મુલાકાત નહોતું, પરંતુ વાંકાનેરની રાજવી પરંપરા અને લોકશાહી વચ્ચેનો એક સુંદર સેતુ બની રહ્યું હતું. રામીબેન જેવા ૧૧૦ વર્ષના વડીલના મુખેથી રાજવી ઇતિહાસ સાંભળીને મહારાણા શ્રી કેશરીદેવસિંહ ઝાલા પણ ભાવવિભોર અને ખુશ થયા. ખરેખર, લોકશાહીની આ જ તો મહાનતા છે. અહીં રાજા અને પ્રજા વચ્ચેનું અંતર નહીં, પરંતુ આત્મીયતા અને સન્માનનો સંબંધ જોવા મળે છે. ■




હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## ૫૦૦ ભરો, ૫૦૦૦ની સુવિધા મેળવો



હાથ છૂટો (ચિંતા કર્યા વિના પૈસા ખર્ચવા) હોય એવા લોકો કાયમ સગવડને પ્રાધાન્ય આપતા હોય છે. એમાંય માર્ગ મુસાફરી હોય તો એસી કાર, ટ્રેનમાં જવાનું હોય તો ફર્સ્ટ એસી અને ખિસ્સું ઊંડું હોય તો પ્લેનની મુસાફરી કરવાની ઈચ્છા કાયમ રહેતી હોય છે. ખિસ્સું સાંકડું હોય એમને માટે તો બસ અથવા સેકન્ડ કલાસની ટ્રેન મુસાફરી જ વિકલ્પ હોય છે. જોકે, સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસની વાત નીકળે તો મોઢું મચકોડવામાં આવે, પણ જો તેમને કેરળ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનએ શરૂ કરેલી નવી લક્ઝરી બસ સેવાની જાણ થાય તો હરખપદુડા થઈ જાય. ઉદ્યોગપતિ હર્ષ ગોયેન્કાએ સોશ્યલ મીડિયા વાયરલ કરેલા વીડિયોમાં જણાવ્યા અનુસાર બિઝનેસ કલાસ જેવી સગવડ ધરાવતી કોર્પોરેશનની વોલ્વો એસી બસ મુસાફરોને માત્ર ૫૦૫ રૂપિયાના ભાડામાં ફ્લાઇટ જેવી આલીશાન સુવિધાઓ આપી રહી છે. આ પ્રીમિયમ બસ સેવા સોમવારથી શુક્રવાર દરમિયાન દોડે છે. થિરૂવનંતપુરમથી સવારે સાડા પાંચે ઉપડે છે અને ચાર કલાક પછી આશરે સાડા નવે એર્નાકુલમ પહોંચે છે. મુસાફરોની સુવિધા માટે પ્રાઈવેટ એરલાઈન્સ જેવી હાઈ-ટેક વ્યવસ્થા છે. બસની અંદર જ ઇન-બિલ્ટ કેમિકલ ટોઇલેટની સુવિધા છે. મુસાફરો માટે ગરમ ચા-કોફી અને રિફ્રેશમેન્ટ્સની વ્યવસ્થા છે. મુસાફરોની મદદ કરવા અને ખાણી-પીણી સર્વ કરવા માટે ફ્લાઇટની જેમ બસ હોસ્ટેસ હાજર રહે છે. દરેક સીટની પાછળ મનોરંજન માટે વ્યક્તિગત એલઈડી સ્ક્રીન રાખવામાં આવી છે. મુસાફરી દરમિયાન લોકો કનેક્ટેડ રહી શકે તે માટે ફ્રી વાઇ-ફાઇ અને યુએસબી ચાર્જિંગ પોર્ટની સુવિધા છે. એકંદરે ૫૦૦ રૂપિયા ચૂકવી પાંચ હજાર જેવી સુવિધા મળે છે.

## નહીં સહેંગે નહીં સહેંગે, મનુષ્ય કી બેરોઝગારી નહીં સહેંગે!




કામકાજ ક્ષેત્રે મનુષ્યની સંખ્યા ઘટાડવા માનવની જગ્યાએ મશીનનો ઉપયોગ વ્યાપક બન્યો ત્યારથી કર્મચારી વર્ગ 'નહીં ચલેગી નહીં ચલેગી, મશીન કી મોનોપોલી નહીં ચલેગી'નો નારો લગાવતો રહ્યો છે. આ સૂત્ર યાંત્રિકીકરણ, ઓટોમેશન અને મનુષ્યના શોષણ સામે અવાજ ઉઠાવવા માટે થાય છે. માણસો સામે મશીનોને બેશુમાર પ્રાધાન્ય આપવામાં આવે ત્યારે લોકો નોકરી ગુમાવે છે અને આ પ્રકારનો વિરોધ જોવા મળે છે. બીજા વિશ્વયુદ્ધમાં છિન્નભિન્ન થયા પછી રાખમાંથી બેઠા થયેલા અને 'ફિનિક્સ સિટી' તરીકે ઓળખાતા પોલેન્ડના વોર્સો શહેરમાં સાતમી સપ્ટેમ્બરે ઉલ્ટી ગંગા જોવા મળી. ત્રીસેક યંત્ર માનવોએ માનવી સામે રહેલા સંભવિત નોકરી ગુમાવવાના જોખમ વિરુદ્ધ વિશિષ્ટ વિરોધ પ્રદર્શન કરી જાણે કે 'નહીં સહેંગે નહીં સહેંગે, મનુષ્ય કી બેરોઝગારી નહીં સહેંગે' નારો લગાવતા હોય એવું ચિત્ર ઊપસ્યું હતું. જાણવાની વાત એ છે કે આ વિરોધ કરવા માણસ જેવા દેખાતા હ્યુમેનોઈડ રોબોટ્સ અને રોબોટ ડોગ્સ વાવટા અને પોસ્ટર સાથે પોલેન્ડના ડિજિટલ અફેર્સ મંત્રાલયની બહાર જ એકઠા થયા હતા. 'નોકરીનું રક્ષણ કરો', 'નિયમો જલદી લાવો' જેવા નારા કરવામાં આવી રહ્યા હતા. ટૂંકમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માટે કઠોર નિયમો બનાવવાની માંગણી કરી ભવિષ્યમાં માણસોની નોકરીઓ ગુમાવવાના જોખમ અંગે ચેતવણી આપવામાં આવી હતી. પોલેન્ડના ડિજિટલ અફેર્સ ખાતાના પ્રધાન ક્રિસ્ટોફ ગાકોવસ્કીએ પણ પ્રદર્શનની મુલાકાત લીધી હતી અને રોબોટ્સમાં AI સિસ્ટમને ઉમેરવાનાં જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અલબત્ત, અહીં એક વાત નોંધવા જેવી છે કે આ રોબોટ્સ પોતાની જાતે આંદોલન નહોતા કરી રહ્યા, પરંતુ તેમને માણસો દ્વારા ઓપરેટ કરવામાં આવી રહ્યા હતા.

## દેડકી પેટ ફુલાવીને ક્યારેક આખલો પણ થઈ શકે




'દેડકી પેટ ફુલાવીને ક્યારેય આખલો ન બની શકે' કહેવતનો અર્થ એ થાય છે કે કોઈપણ વ્યક્તિ પોતાની ક્ષમતા કે લાયકાત કરતાં વધારે મોટી કે મહાન બનવાનો ગમે તેટલો ડોળ (દેખાવ) કરે, પણ હકીકતમાં ક્યારેય એવી નથી બની શકતી. માણસે પોતાની મર્યાદાઓ અને વાસ્તવિકતા સ્વીકારી લેવી જોઈએ. એક અંગ્રેજી કહેવત છે Dime a Dozen જેનો ભાવાર્થ થાય છે આસાનીથી ઉપલબ્ધ સામાન્ય - સસ્તી વસ્તુ. આ બંને કહેવતના ભાવાર્થની વિરુદ્ધ એક ઘટના તાજેતરમાં યુએસના સેન ફ્રાન્સિસ્કો શહેરમાં જોવા મળી. લિલામી - હરાજી કરતી 'સ્ટેક્સ બોવર્સ ગેલરીઝ' સંસ્થાના અહેવાલ અનુસાર અમેરિકાનો એક ખૂબ જ દુર્લભ ૧૦ સેન્ટનો સિક્કો (ડાઈમ) હરાજીમાં ૧.૨૫ મિલ્યન ડૉલર (આશરે ૧૧.૯ કરોડ રૂપિયા)માં વેચાયો છે. આ સિક્કો ૧૮૯૪- S Barber Dime તરીકે ઓળખવામાં આવે છે અને એનું ડિઝાઇનિંગ યુએસ મિન્ટના મુખ્ય કોતરણીકાર ચાર્લ્સ ઈ. બાર્બર દ્વારા કરવામાં આવ્યું હતું. ૧૮૯૪ની સાલમાં સેન ફ્રાન્સિસ્કો મિન્ટમાં આવા ફક્ત ૨૪ S સિક્કા જ બનાવવામાં આવ્યા હતા. અત્યારે દુનિયામાં માત્ર ૯ સિક્કા જ હયાત છે જેમાંથી એકની હરાજી થઈ છે. ૯૦% ચાંદી અને ૧૦ % તાંબામાંથી બનેલાઆ સિક્કાની એક તરફ લેડી લિબર્ટીનો ચહેરો છે અને પાછળની તરફ One Dime લખેલું છે. એક ડાઈમનું આર્થિક મૂલ્ય આશરે ૧૦ રૂપિયા થાય. એટલે અહીં Dime a Dozen (મામૂલી વસ્તુ) One of a Kind (મૂલ્યવાન જણસ) બની ગઈ અને સામાન્ય ગજાની વસ્તુના અસામાન્ય દામ ઉપજ્યા એટલે દેડકી પેટ ફુલાવીને ક્યારેક આખલો બની શકે એમ કહેવું પડે, ખરું ને!

## સ્માર્ટ ડસ્ટબિન! ક્યાં? ચીનમાં, બીજે ક્યાં?



આજની દુનિયામાં સ્માર્ટ માણસોની સંખ્યા કેટલી વધી છે એનો કોઈ સર્વે નથી થયો. હા, ટેક્નોલોજીની હરણફાળમાં સ્માર્ટ ઉપકરણોની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે. સ્માર્ટ ફોન, સ્માર્ટ ટીવી, સ્માર્ટ હોસ્પિટલ, સ્માર્ટ એનર્જી.... આ યાદીમાં નવું ઉમેરણ છે સ્માર્ટ ડસ્ટબિન. સૂકા અને ભીના કચરાને વર્ગીકૃત કરવામાં આળસ કે નાનપ અનુભવતા માનવી માટે હવે ચીનમાં સ્માર્ટ ડસ્ટબિન (એને ચાલાક કચરાપેટી કહી શકાય ને)નું વ્યાપકપણે ઉત્પાદન થઈ રહ્યું છે. ચીન માત્ર પોતાના માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે સ્માર્ટ ડસ્ટબિનનું મોટું ઉત્પાદક છે. ઘર અને ઓફિસ વપરાશ માટે મોશન સેન્સરવાળી અને ટચલેસ ડસ્ટબિન્સ ચીનની ફેક્ટરીઓમાં મોટા પાયે બને છે. ચીનમાં સ્માર્ટ ડસ્ટબિન અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)આધારિત કચરા વ્યવસ્થાપન ખૂબ જ ઝડપથી વિકસી રહ્યું છે. ચીનની સરકાર અને ત્યાંની ટેક કંપનીઓ કચરાના યોગ્ય નિકાલ અને પર્યાવરણ સુરક્ષા માટે મોટા પાયે આ ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે. શાંઘાઈ અને બેઇજિંગ જેવાં મોટાં શહેરોમાં કચરાને આપમેળે ઓળખી લેતા AI મશીનો અને ડસ્ટબિન મૂકવામાં આવ્યા છે, જે લગભગ ૯૫% કચરાને સાચી રીતે ઓળખી તેને રિસાયકલ કરી શકાય એ રીતે ભીના કે સૂકા કચરામાં અલગ પાડે છે. કેટલાંક શહેરોમાં લોકો ચહેરો સ્કેન કરીને અથવા ક્યૂઆર કોડ સ્કેન કરીને કચરો ફેંકે છે. નાગરિકો યોગ્ય રીતે કચરો વર્ગીકૃત કરીને ફેંકે તો તેમને એક ખાસ એપમાં રિવોર્ડ પોઈન્ટ્સ મળે છે. આ પોઈન્ટ્સનો ઉપયોગ રોજિંદી વસ્તુઓ ખરીદવા માટે કરી શકે છે. ડસ્ટબિનમાં અલ્ટ્રાસોનિક અને ઈન્ફ્રારેડ સેન્સર્સ બેસાડેલા હોય છે. કચરાપેટી ભરાઈ જાય એટલે સ્થાનિક કંટ્રોલ સેન્ટરને મેસેજ મળે છે જેથી સફાઈ કામદારો સમયસર આવી તેને ખાલી કરી શકે.

બિન તેરે તેરે બિન ચાઈના, સુખા - ગીલા અલગ હોએ ના...

## લ્યો કરો વાત

*માણસ બેપગો અને સિંહ, વાઘ, હાથી, બિલાડી વગેરે ચોપગા પ્રાણી તરીકે ઓળખાય છે. મોટાભાગના જંતુને છ પગ હોય છે અને કરચલો, સાંઢિયો વગેરે જળ પ્રાણી ૧૦ પગ ધરાવે છે. જોકે, મિલીપેડ (બહુપાદ જંતુ જેને આપણે કાનખજૂરો તરીકે ઓળખીએ છે) ૧૦૦થી વધારે અને કોઈ કેસમાં તો ૩૦૦થી વધુ પગ ધરાવતા હોવાની સત્તાવાર માહિતી છે. આ મિલીપેડનો એક અનન્ય અવતાર એવો છે જેને સો, બસ્સો, પાંચસો નહીં, પણ અધધ કહી શકાય એવા પૂરા ૧૩૦૬ પગ છે. સારું છે એની જમાતમાં જૂતા પહેરવાનો રિવાજ નથી! નહીં તો દરેક મિલીપેડ માટે ૬૫૩ જોડી ખરીદવા પડે. આટલા બધા પગ ધરાવતા આ જીવની લંબાઈ માત્ર સાડા ત્રણ ઈંચ છે. આ જીવમાં પગની સંખ્યામાં એકસૂત્રતા નથી જોવા મળતી કારણ કે એના બાહરી ભાગમાં સતત ફેરફાર થયા કરે છે.*

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.




### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| RECREATION | વસૂલાત |
| RECRUITMENT | વિક્રમ |
| RECORD | મનોરંજન |
| RECOUNT | ભરતી |
| RECOVERY | બયાન |

### માતૃભાષાની મહેક

જીવનમાં જ્ઞાન જરૂરી છે. જ્ઞાન થવું એટલે સમજણ પડવી, અનુભવ મળવો, આંખ ઊઘડવી. એક જ સમયે બે વિષયોનું જ્ઞાન ક્યારેય મેળવી શકાતું નથી. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દો દ્વારા સર્વ પ્રકારના જ્ઞાન થાય છે. જ્ઞાનના વળી યથાર્થ જ્ઞાન અને અયથાર્થ જ્ઞાન એવા બે પ્રકાર છે.

### ગુજરાત મોરી મોરી રે

'માણસ પ્રયત્ન કરે તો ઈશ્વર જેટલી શક્તિ દર્શાવી શકે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

નરના તો નર નારાયણ કરે થાય

### ઈર્શાદ

*રણ, તને કેવી મળી છે પ્રેયસી?*
*ઉમ્રભરની જે તરસ આપી ગયાં.*
*- રાવજી પટેલ*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | ■ | | ■ | ■ | ૮ | | ■ | |
| | ■ | ■ | ૯ | ૧૦ | | | ■ | ■ | |
| ■ | ૧૧ | | ■ | | | ■ | ૧૨ | | |
| ૧૩ | | ■ | ■ | | ■ | ૧૪ | | ■ | ■ |
| ■ | ■ | ૧૫ | | ■ | ૧૬ | ■ | ■ | ૧૭ | |
| ૧૮ | | | ■ | ■ | | ■ | ૧૯ | | ■ |
| | ■ | ■ | ૨૦ | | | ૨૧ | ■ | ■ | ૨૨ |
| ૨૩ | ૨૪ | ■ | | ■ | ■ | | ■ | ૨૫ | |
| ૨૬ | | | | ■ | ૨૭ | | | | |

**આડી ચાવી**

૧. મળતાવડું (૫)
૪. રાજાનું સિંહાસન (૪)
૭. પ્રેમી, અનુરક્ત (૨)
૮. --- કરવું=ઉકેલ લાવવો, ફેંસલો કરવો (૨)
૯. અશુભ સમય (૪)
૧૧. ગંજીફાનું પાનું (૨)
૧૨. કમળ કાકડી (૩)
૧૩. દીવાસળી (૨)
૧૪. ઉંમર (૨)
૧૫. પ્રીતિ, પ્રેમ (૨)
૧૭. હડપચી (૨)
૧૮. દીકરી (૩)
૧૯. સમજ, ગમ (૨)
૨૦. --- કરવું=ધોવું (૪)
૨૩. સૂર્ય, મંગળ, શનિ વગેરે (૨)
૨૫. --- તેવો ઓડકાર (૨)
૨૬. તબિયતને કારણે સ્થળ બદલવું તે (૪)
૨૭. શેષનાગ (૫)

**ઊભી ચાવી**

૧. પૂંજી, દોલત (૩)
૨. સુધી (૨)
૩. સફળ, કૃતાર્થ (૩)
૪. આરામ, સુખ (૩)
૫. પાણી, નીર (૨)
૬. જતાં આવતાં વહાણને ચેતવવા દરિયામાં કરેલ દીવાવાળો મિનારો (૪)
૧૦. રાજાનો તાજ (૩)
૧૧. --- ટેવ તે ટળે કેમ? (૨)
૧૨. દૂધ (૨)
૧૫. આગેવાન (૨)
૧૬. ઠંડું (૩)
૧૭. ચીડ, ગુસ્સો (૨)
૧૮. ખોટી જીદ કે મમત (૪)
૨૦. ખૂબ, પુષ્કળ (૩)
૨૧. પ્રાણીઓનાં પંજાનો નખ (૩)
૨૨. કળા, કસબ (૩)
૨૪. પવન (૨)
૨૫. અર્ધું (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભા | ય | ૨ શા | ળી | ■ | ■ | ૩ રો | ૪ ક | ડ | ■ |
| વિ | ■ | સ | ■ | ૫ ત | ડ | ફ | ડ | ■ | ■ |
| ૬ ક | ૭ ડ | કી | ■ | દા | ■ | ■ | ૮ વા | ય | ૯ વ્ય |
| ■ | ૧૦ હા | ય | ■ | ૧૧ કા | ગ | ૧૨ વા | શ | ■ | સ |
| ■ | પ | ■ | ૧૩ કો | ર | ■ | ળં | ■ | ૧૪ પા | ન |
| ૧૫ પ | ણ | ■ | ઠિ | ■ | ૧૬ દા | દ | ■ | ન | ■ |
| ર | ■ | ૧૭ ક | લ | ર | વ | ■ | ૧૮ શં | ખ | ■ |
| ૧૯ વા | વ | ટો | ■ | ■ | પે | ■ | ૨૦ કા | ર | ૨૧ સો |
| ■ | ■ | ૨૨ ક | ૨૩ ચ | ક | ચ | ■ | શી | ■ | બ |
| ૨૪ ટા | પ | ટી | પ | ■ | ■ | ૨૫ બ | લ | વં | ત |

### ઓળખાણ પડી?



દેખાવે સુંદર અને મીઠી સુગંધ ધરાવતું રાત્રે ખીલી સવારમાં કરમાઈ જતું અને મુખ્યત્વે શ્રીલંકામાં જોવા મળતું ફૂલ ઓળખાયું?

અ) Kadupul બ) Heliconia ક) Anthurium ડ) Cactus

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'હું સઘળી મોસમમાં માણું એક અહર્નિશ ફાગણ' પંક્તિમાં અહર્નિશ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) અહંકાર બ) રંગબેરંગી ક) દિવસરાત ડ) નિશાચર

### માઈન્ડ ગેમ

ઝડપ મનુષ્યને અત્યંત પ્રિય હોય છે. એક માઈલનું અંતર ચાર મિનિટથી ઓછા સમયમાં દોડી જનારા એથ્લિટનું નામ જણાવો.

અ) યોહાન બ્લેક બ) રોજર બેનિસ્ટર ક) હેરી જેરોમ ડ) જિમ હાઈન્સ

### સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | | | | | | ૫ | ૩ |
| ૫ | | | | ૭ | | | | ૪ |
| ૯ | | | ૫ | ૬ | ૩ | | | ૧ |
| ૨ | | | ૯ | | ૬ | | | ૮ |
| | ૮ | | | | | | ૨ | |
| ૩ | | | ૨ | | ૭ | | | ૫ |
| ૬ | | | ૪ | ૫ | ૮ | | | ૭ |
| ૪ | | | | ૯ | | | | ૨ |
| ૮ | ૭ | | | | | | ૪ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૯ | ૪ | ૧ | ૮ | ૫ | ૩ | ૬ | ૭ |
| ૭ | ૧ | ૩ | ૬ | ૨ | ૯ | ૪ | ૮ | ૫ |
| ૮ | ૬ | ૫ | ૭ | ૩ | ૪ | ૧ | ૯ | ૨ |
| ૫ | ૪ | ૮ | ૩ | ૧ | ૭ | ૬ | ૨ | ૯ |
| ૯ | ૩ | ૬ | ૮ | ૫ | ૨ | ૭ | ૧ | ૪ |
| ૧ | ૭ | ૨ | ૪ | ૯ | ૬ | ૮ | ૫ | ૩ |
| ૪ | ૮ | ૯ | ૫ | ૬ | ૩ | ૨ | ૭ | ૧ |
| ૩ | ૫ | ૧ | ૨ | ૭ | ૮ | ૯ | ૪ | ૬ |
| ૬ | ૨ | ૭ | ૯ | ૪ | ૧ | ૫ | ૩ | ૮ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RECOGNISE | ઓળખવું |
| RECOIL | હડસેલો |
| RECOLLECT | સાંભરવું |
| RECOMMENDATION | ભલામણ |
| RECONCILE | સમાધાન |

**ગુજરાત મોરી મોરી રે:**
ગત અવસર આવે નહીં ગયા ન આવે પ્રાણ

**ઓળખાણ પડી?**
ટર્કી

**માઈન્ડ ગેમ :**
ધ્યાનચંદ

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
સ્મૃતિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ભારતી બુચ (૪) ધીરેન્દ્ર મુલરાજ (૫) પ્રતિમા પમાણી (૬) ભામિની સંપટ (૭) ડો. પ્રકાશ કટકિયા (૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૯) ભરત કજરિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) મીનળ કાપડિયા (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મહેશ એન. સંઘવી (૧૭) નેહુલ એમ. સંઘવી (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) નંદલાલ અ. ગોઠી (૨૧) ભાવના કર્વે (૨૨) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) વિણા સંપટ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) કમલ માતલિયા (૨૭) અરવિંદ કામદાર (૨૮) શિલ્પા શ્રોફ (૨૯) અંજુ ટોલિયા (૩૦) ડાયના સંતોકે (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) જ્યોત્સના ગાંધી (૩૭) હિનાબેન દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) રમેશભાઈ દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) મહેશ દોશી (૪૪) નીતા દેસાઈ (૪૫) મહેશ દોશી

### ૫. અંગત

**''પ્રાર્થનાસભા''-'શ્રદ્ધાંજલી'' - ''મરણ નોંધ'' - ''પબ્લીક નોટીસની'' ''જાહેરાતો'' ''Discount સાથે'' આપવા ''Whatsapp કરો'' - 9920694381. (૫૫૫/એ)**

### ૯. લગ્ન સંબંધી

**CA યુવક**
**FLEXIBLE NATURE**

**Vice President In A Reputed Firm July 1984 (દેખાવ 38 જેવો) મુલુંડમાં 3 BHK સ્વતંત્ર ફ્લેટ, નિર્વ્યસની, કુંવારા જૈન (રૂઢિચૂસ્ત બિલકુલ નથી) યોગ્ય કન્યા આવકાર્ય. 9819994826. (દહેજ નહીં). (૧૩૮૭-એ)**

**39 વર્ષ સુધીની**
**સુશિક્ષિત, સંસ્કારી મહિલા જુહુના વેલસેટલ્ડ વૈષ્ણવ માટે જોઈએ છે. 9324570328. (દહેજ નહીં.) (બી-૧૮૧૦૧)**

**સમૂહ જનોઈ**
બ્રાહ્મણ સેવાસમાજ (50મું વર્ષ) રવિવાર તા. 13/12/2026, કાંદિવલી ખાતે. સંપર્ક - અલકેશભાઈ વ્યાસ - 9819673665. (દહેજ નહીં). (૧૩૮૨-સી)

■ મુલુન્ડનાં અમેરિકામાં 1993 યુવકને અમેરિકાની કન્યા જોઈએ. રાજેશ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૮૦૪૯)

**51 થી 60**
**સુધીની ઉંમરની નિઃસંતાન મહિલા સાથી બોરીવલીમાં જોઈએ છે. (બ્રાહ્મણને પ્રાધાન્ય) - 9324570328. (દહેજ નહીં). (બી-૧૮૦૬૭)**

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૮૧૧૦)

### ૧૨. યાત્રા સહેલગાહ



(B-18083)

### ૧૪. નોકરી ખાલી છે

**આવક વધારો**
(વયઃ 25-65), પાર્ટ/ ફુલટાઈમ, આકર્ષક આવકની સંધી, તાલીમ/ સંપૂર્ણ માર્ગદર્શનઃ- 9920062154. (૧૩૫૧-એ)

**50,000/-**
મલાડ - માર્કેટિંગ, પાર્ટટાઈમ ગ્રેજ્યુએટ - 9930774809. (૧૩૯૦-એ)

**WANTED**
B.Sc with Chemistry at Borivali for Laboratory. Contact - 9870550891 / 9821322833. (1375-A)

### ૧૭. જગ્યા આપવી છે

**બોઈસર (વેસ્ટ)**
પરનાલી નાકા, 1 બેડરૂમ 19,00,000/=, દુકાનો 9,00,000/= સંપર્ક 9819515798, 9167332595. (૧૩૭૭-એ)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૩૪૭-જી)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### ૧૭. જગ્યા આપવી છે

**''કાંદિવલી (વેસ્ટમાં)..''**
કમર્શિયલ / રેસીડેન્શીયલઃ 3 બેડનો - 1280 કાર્પેટનો ફ્લેટ ત્રીજે માળે - મિલાપ સિનેમાની પાસે ભાડેથી - 75,000/-માં.. (લીફ્ટ નથી ) - 9967664729. (બી-૧૮૦૭૧)

**ફ્લેટ વેચાણથી**
1 બેડરૂમ 440' કારપેટ - રેડી પઝેશન, 2 બેડરૂમ 725' કારપેટ With OC - (1 બેડ - 2 બેડ માસ્ટર બેડરૂમ) કાંદિવલી વેસ્ટ સ્ટેશન સામે, એસવી રોડ ટચ Swastik House બિલ્ડર સાઈટ - 9820866563. (જેપી/૪૫૭૭-એ)

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાયસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૩૫૨૫)

**MALAD (WEST)**
**NEAR RAILWAY STATION OPP. JAIN DERASAR**
**READY POSSESSION WITH OC RECEIVED**

| | |
|---|---|
| 1 BHK | 1.20 Cr |
| 2 BHK | 1.70 Cr |

WITH ALL MODERN AMENITIES
FULL PACKAGE
9821291100
7506953114
(B-18054)

**વિલેપાર્લે વેસ્ટમાં**
JVPD - 3 બેડરૂમ ફુલ્લી ફર્નિશ્ડ + 2 પાર્કિંગ, 1497 ફીટ કાર્પેટ વેચાણથી 8,00,00,000/ - નેગોશિએબલ 9859666111. (૧૩૬૪-એફ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
અંબામાતા ચોક અને KLS હોસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 - બેડરૂમ - 730' એમિનિટીઝવાળા નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન નવકાર એસ્ટેટ : 9819117722. (જેપી/૪૫૭૯-બી)

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**
૧ થી ૫ બેડરૂમના ફ્લેટ્સ, ઓફિસ, દુકાન, રેડી, બંધાતામાં, લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ 9920927958, 9820008003 Since 1992. (એસડીબી-૩૫૨૦)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**અંધેરી - પાર્લા (વેસ્ટ)**
1-2 BHK ગાર્ડન ફેસીંગ (450' - 820') ઓનરશીપથી. હરેશ કટારિયા 9820703801. એજન્ટ. (૧૩૮૦-એ)

**વિરારમાં**
1 બેડ 390 / 4000000/- 2 બેડ 490/ 5500000/- શોપ 115 / 20000000/- તેજસ એસોસિયેટસ 8806349777. (બી-૧૮૦૯૬)

**REDEVELOPMENT ગયેલા બિલ્ડીંગોમાં ફ્લેટ, શોપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૧૩૭૭-જી)**

**HEAVY DEPOSITE**
**નાલાસોપારા (ઈસ્ટ) તુલિંજ રોડ, રાધેક્રિષ્ના હોટલની સામે, 2 બેડરૂમ (લિફ્ટ નથી). 9 લાખ હેવી ડીપોઝીટથી આપવાનો. (ઓનર) 7666644727. (૧૩૭૭-એચ)**

**અંધેરી - બોરીવલી**
1/ 2/ 3/ 4 બીએચકે ફ્લેટ્સ/ દુકાન/ ઓફિસ રેડી પઝેશન/ બંધાતામાં ખરીદવા/ વેચવા/ ભાડેથી લેવા/ આપવા માટે. સંપર્ક રાજ : 8459614981. (બી-૧૮૦૪૬)

**અંધેરી વેસ્ટઃ**
લલ્લુભાઈ પાર્ક વિશાળ 1 BHK - ટેરેસ ભાડેથી, માત્ર શાકાહારીઓ માટે, ત્રીજા માળે લિફ્ટ સાથે. 9821352024. (૧૩૬૮-ઈ)

**ટ્રેડિઅન્ટ જુહુ**
**ગુલમ્હોર, ક્રોસ રોડ 12, જુહુમાં 1641 કાર્પેટ, રેડી પજેશનમાં, FULL FLOOR (60,000/- પ્રતિ ચોરસ ફૂટ). વેચાણમાં કેતનભાઈ: 9137869496. (૧૩૮૯-ઈ)**

**આમ્રપાલી ફોનિક્સ**
**અકવેરિયા કલબ પાસે, બોરીવલી વેસ્ટમાં, 3 બેડરૂમના 1485', 1361 રેડી પજેશનમાં (45,000/- પ્રતિ ચોરસ ફૂટ). વેચાણમાં. કેતનભાઈ: 9137869496. (૧૩૮૯-એફ)**

**પાર્લા (વેસ્ટ)**
એક બેડરૂમ હોલ કિચન, ૫૭૫ કારપેટ, બીજે માળે હવા ઉજાસવાળો જુના ભાડાનો ફ્લેટ ટ્રાન્સફર સાથે, સ્કૂલ, એન્જિનિયરીંગ, સાયન્સ આર્ટ્સ અને કોમર્સ કોલેજ તથા કૂપર હૉસ્પિટલ અને મેટ્રો સ્ટેશનની નજીકમાં ઈરલા સોસાયટી રોડ આલ્ફા નં. ૩ની બાજુમાં ૧.૩૦માં આપવાનો છે. સંપર્કઃ 9820028347. (૩૬૨)

**ખાર (વેસ્ટ)**
લક્ષ્મી નગર સોસાયટી - માત્ર ગુજરાતીઓ માટે - ૨ બેડરૂમ એરીયા ૮૬૫' કારપેટ, ૩ બાથરૂમ સાથે, ૩ બેડરૂમ એરીયા ૧૧૫૦' કારપેટ, તદ્દન નવા બિલ્ડિંગમાં, વ્યવસ્થિત પાર્કિંગ, જીમ, એરકન્ડિશન્ડ લોબી, તુરંત વેચવાના. ઓનરઃ- ૯૮૨૦૧૫૬૧૩૩. (બી-૧૮૧૧૧)

**WORLI**
Sea View Higher Floor 1 Bedroom 2.25 Cr, 2 Bedroom 4.50 Cr. 9892710071 / 9619048555. (B-18100)

### ૧૭. જગ્યા આપવી છે

**OUTRIGHT INDIABULLS - PRABHADEVI**
**Sky Forest, 4.5 BHK - 2450 Carpet, Middle Floor, All Amenities, Grand Lobby, 4 Parking. 16.5 Cr., Pics available. Subhash 9833312345. (1373-A)**

**BANDRA / KHAR / SANTACRUZ**
3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty". 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-18076)

**KANDIVALI EAST**
**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

**BHIWANDI SARAVALI**
MIDC, Ground - 23500 & First 23500 available 500 HP Power Outright available for Sale. Contact - Shah - 9823617052. (1385-A)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રૂષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૫૨૧)

**REQUIRE**
Industrial Premises on Rent / Outright area 8000 sqft to 15000 sqft in Andheri to Borivali 9167723483 / 9869070123. (1373-C)

**VIKHROLI (WEST)**
1042' Factory Place for Sale, Ground Floor. Contact: 8080440982. (1382-A)

### ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી (વેસ્ટ)**
**યોગી નગર અને એક્સર રોડના જંકશને જુના ભાડામાં 250' કારપેટ (ટ્રાન્સફર સાથે 68,00,000/-) 7666644727. (૧૩૭૭-એફ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**■ ગોરેગાંવ વેસ્ટમાં ૨૫૦ ચોરસ ફૂટની ૨ ઓફિસ જગ્યાઓ ઉપલબ્ધ છે. સ્થળઃ ૧૧/૧૨, આઝાદ શોપિંગ સેન્ટર, બીજો માળ, ગોરેગાંવ સ્ટેશન વેસ્ટની સામે, મુંબઈ. જોવા માટે સંપર્ક અંકિત ઠક્કર 9702507878. (બી-૧૮૦૮૪)**

**ડોક્ટર વેલકમ**
ઓફિસ ભાડેથી 21 Business Elite, એમ. જી. રોડ કાંદિવલી વેસ્ટ, ન્યુ બિલ્ડિંગ, 300' કાર્પેટ 55000/- રેન્ટ નીગોશિયેબલ, પાર્કિંગ. બ્રોકર 9820194937 - 9619191741. (જેપી/૪૫૭૭-ઈ)

**મસ્જિદ બંદર**
કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા-વેચવા/ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૩૩૦-સી)

**બુમરેંગ**
**ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ) 3100, 3856 બિલ્ટઅપ, ફૂલી ફર્નિશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાંઃ 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૩૮૯-એ)**

**બુમરેંગ**
**ચાંદીવલી, અંધેરી (ઈસ્ટ) 4729 બિલ્ટઅપ, ફૂલી ફર્નિશ્ડ ઓફિસ, (ભાડેઃ 100/-, વેચાણમાંઃ 18,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૩૮૯-બી)**

**માનસ રેસીડેન્સી**
**તીન હાત પેટ્રોલ પંપ થાણે વેસ્ટમાં 2800 કાર્પેટ ઓફિસ, (ભાડેઃ 150/-, વેચાણમાંઃ 40,000/- પ્રતિ ચોરસ ફૂટ). 9137869496. (૧૩૮૯-સી)**

**CHURCHGATE**
One Office for Rent 60000 Carpet 230 Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-18097)

### ૨૦. ધંધાદારી જગ્યા

**KALA GHODA**
**Nariman Point, Fort, Require 800 to 2000 Sq. Ft. Office Space for Rent and Outright. Call Megh Shah 9870032042. (B-18061)**

### ૨૩. મનોરંજન

**પ્રાર્થના - 4500/-**
ગણપતિ, નવરાત્રી દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલીયાઃ- 9820889938. (૧૩૬૪-એ)

**ગણપતિ ભજન**
16, 17 કાંદિવલી, પર્યુષણ સાંજી, નવરાત્રી દાંડિયા, લગ્નગીત, સંગીત સંધ્યા, પ્રાર્થનાસભા, BABY SHOWER, ANNIVERSARY. મનસુખભાઈ - 9326801860. (૧૩૭૨-એ)

### ૩૧. નાણાંકીય

**''શેર સંબંધી''**
શેર ટ્રાન્સફરની કોઈપણ સર્વિસ આપશું તેમજ શેર ખરીદશું.. સંપર્ક - 9619315362. (બી-૧૮૦૭૨)

**ભાનુલક્ષ્મી ઈન્વેસ્ટમેન્ટ, +919324654625, શેરની તેજીમંદીના ટ્રેડિંગમાં રોકાણમાં રોજની સંપૂર્ણ ખાતરીથી કમાવો. (એસડીબી-૩૫૩૦)**

### ૩૨. જમીન - મિલકત

**૧,૦૦,૦૦૦ ફૂટ પ્લોટ વેચવાનો. જાગૃત તપોભૂમિ. બનાવેલું પ્રચલિત મંદિર, ગૌશાળા (તાનસા નદી કિનારે તીર્થ) રૂદ્રાક્ષના કાલી હલદી વૃક્ષો, [ચમત્કારિક પ્રાચીન કલ્પવૃક્ષ] ઘણું બધું. હાઈવે ટચ, વિરાર (ઈસ્ટ) ટોલનાકા પાસે. 8108156699. (૧૩૭૭-સી)**

**KIND ATTENTION TO**
**BUILDERS AND DEVELOPER**
WE ARE LOOKING FOR
CONSTRUCTION CONTRACT
RCC, FINISHING, LOCK N KEY AND LABOUR CONTRACT.
PROJECT MANAGEMENT CONSULTANT (PMC)
EMail ID: ascendengineers@gmail.com
ASCEND CONSULTANTS & ASSOCIATES
+ 91 8080002400
+ 91 9323344345
(SEND MESSAGE ON WHATSAPP)
(1359-A)

■ સુરતમાં પ્લોટમાં રોકાણ, સુરતમાં પ્રતિષ્ઠિત ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં રોકાણ કરવાની સોનેરી તક. ગુજરાત સરકારની ટેક્સટાઈલ પોલીસીનો લાભ પણ 42x130ના દસ્તાવેજવાળા પ્લોટ્સ પલસાણામાં cetp સુવિધા સાથે 9773413847. (બી-૧૮૧૦૮)

### ૩૩. ધંધાદારી

**હોમ મેડ મીઠાઈઓ**
માવા, ડ્રાયફ્રુટ શુદ્ધ ઘીની મુંબઈમાં મંગાવોઃ 9274793095 / 9427577771. (૧૩૨૬-ઈ)

**■ ગૃહ ઉદ્યોગ ફોર્મ્યુલા મળશે, લાખો કમાવો માર્ગદર્શન ફ્રી. 8928784616. (૧૩૮૮-એ)**

**સીનીયર સીટીઝન**
10,00,000નો અનલીમીટેડ મેડીક્લેમ 31673 તથા 10000000નો લાઈફ ઈન્સ્યોરન્સ 19349, ફેક્ટરી, ફાયર, બિલ્ડિંગ શોપ, હોમકાર, ટ્રક, બાઈક ઈન્સ્યોરન્સ કરીશું ભાનુભાઈ 8451922872/ 9167739876. (૧૩૫૮-એ)

**મેડિક્લેઈમ પૉલિસી**
ફેમેલી ફ્લોટર મેડિક્લેમ પૉલિસી ૦ થી નો એજ લિમિટ, ૧૦ લાખથી 50 લાખ અને ઉપર. ૩ વર્ષની પૉલિસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. શું આપનો દાવો LIC અને GIC માંથી નકારાયો કે વિલંબીત થયો છે? તો અમે આપને યોગ્ય વળતર મેળવી આપીશું. વિગત માટે સંપર્કઃ- ''દિલીપભાઈ'' - 9136621227. (૧૩૭૬-એ)

**ગ્રેનાઈટ**
પૉલિશ, મીક્સ લોટ નાની સાઈઝો તથા પટ્ટીઓ. પચીસ રૂ. ફુટ આપવાના છે. 9987123826. (બી-૧૮૦૭૯)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**
**જન્મતારીખ, સમય વોટસઅપ કરો. લગ્નયોગ ક્યારે- કયા મહિનામાં- સાલમાં થશે? તેનું માર્ગદર્શન (ફ્રી લેવામાં નથી આવતી) વાતો ન કરો, રિઝલ્ટ માંગો. 7304586200. (૧૩૭૭-આઈ)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**MODULAR KITCHEN**
Range 25000 Onwards in Laminateln Acrylic 8652762577. (1386-A)

**FESTIVAL OFFER**
Interior Layout 5000/2 Option 3D / 10000 / 1 Bedroom, 15000/- 2 Bedroom 8652762577. (1386-C)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૩૭૪-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૯૯૨)

## સ્પોર્ટ્સ

# ભારતીય મહિલા સ્પિનર શ્રી ચરનીએ રચ્યો ઈતિહાસ

## ટી-૨૦માં ૮૦૦ રેટિંગ પૉઈન્ટ મેળવનાર ભારતની પહેલી ક્રિકેટર બની



દુબઈઃ મહિલાઓના ટી-૨૦ ફૉર્મેટમાં એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી) દ્વારા આયોજિત એશિયા કપ જીતીને ભારતીય ક્રિકેટરોને ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) વિમેન્સ ટી-૨૦ રૅન્કિંગમાં મોટો ફાયદો થયો છે. ખાસ કરીને ફાઇનલમાં શાનદાર બોલિંગ કરનાર લેફ્ટ-આર્મ સ્પિનર શ્રી ચરનીએ ૮૦૪ના રેટિંગ સાથે નવો ઇતિહાસ રચ્યો છે. તે ટી-૨૦ ફૉર્મેટમાં ૮૦૦ રેટિંગ પૉઇન્ટનો આંકડો પાર કરનાર (બોલિંગ તથા બૅટિંગ, બન્નેમાં) પ્રથમ ભારતીય ક્રિકેટર બની છે. એ સાથે, તેણે મોખરાના સ્થાને પોતાને વધુ મજબૂત સ્થિતિમાં લાવી દીધી છે. ભારતની જ બીજી સ્પિનર દીપ્તિ શર્મા ક્રમાંકોમાં મોટી છલાંગ લગાવીને બીજા સ્થાને આવી ગઈ છે.

ટી-૨૦માં ભારતીય ક્રિકેટરોમાં અત્યાર સુધી કોઈ પણ પ્લેયરે ૮૦૦ના રેટિંગ સુધી પહોંચવાની સિદ્ધિ નહોતી મેળવી. મિતાલી રાજે ૨૦૧૧માં વધુમાં વધુ ૭૮૦ રેટિંગ પૉઇન્ટ મેળવ્યા હતા. જોકે શ્રી ચરનીએ તેને ઓળંગીને પહેલી વખત ૮૦૦ પૉઇન્ટ મેળવનાર ભારતીય ક્રિકેટર તરીકેની અપ્રતિમ સિદ્ધિ હાંસલ કરી છે. ટી-૨૦ના ટૉપ-ટેન મહિલા બોલર્સમાં માત્ર બે ભારતીય છે. શ્રી ચરની ઉપરાંત દીપ્તિ શર્માનું પણ એમાં નામ છે. દીપ્તિએ લેટેસ્ટ રૅન્કિંગમાં મોટી છલાંગ લગાવી છે. તે ચાર ક્રમ ઉપર આવી છે અને હવે બીજા નંબરે છે. શ્રી ચરની ટી-૨૦ વિમેન્સમાં અત્યાર સુધીમાં સૌથી વધુ પૉઇન્ટ મેળવનાર ઑસ્ટ્રેલિયાની મેગન શટથી બે જ ડગલાં દૂર છે. મેગને ૨૦૧૮માં ૮૦૬ પૉઇન્ટ મેળવ્યા હતા, જ્યારે ચરનીના હાલમાં ૮૦૪ પૉઇન્ટ છે.■

**વિમેન્સ ટી-૨૦ બોલર રૅન્કિંગ**
શ્રી ચરનીઃ ૮૦૪ પૉઇન્ટ
દીપ્તિ શર્માઃ ૭૨૯ પૉઇન્ટ
સૉફી એક્લ્સ્ટનઃ ૭૨૩ પૉઇન્ટ
શાર્લોટ ડીનઃ ૭૨૨ પૉઇન્ટ
લૉરેન બેલઃ ૭૧૨ પૉઇન્ટ

**અત્યાર સુધીમાં સૌથી વધુ રેટિંગ પૉઈન્ટ મેળવનાર મહિલા બોલર્સ**
મેગન શટઃ ૮૦૬ પૉઇન્ટ
શ્રી ચરનીઃ ૮૦૪ પૉઇન્ટ
સૉફી એક્લ્સ્ટનઃ ૮૦૨ પૉઇન્ટ
શબનીમ ઇસ્માઇલઃ ૭૮૧ પૉઇન્ટ
શેલી નિટશ્કેઃ ૭૮૦ પૉઇન્ટ

# એશિયા કપ જીત્યા પછી દુબઈના મેદાન પર જ ભારતીય ટીમે પોતાની મેડલ સેરેમની રાખી હતી

## નકવી આ વખતે ભારતની ટ્રોફી વગર પાછો ગયો



દુબઇઃ રવિવારે મોડી રાત્રે અહીં હરમનપ્રીત કૌર અને તેની ટીમે શ્રીલંકાને ફાઇનલમાં ૭૨ રનથી હરાવીને ભારતને આઠમું એશિયા કપ ટાઇટલ અપાવ્યું ત્યાર બાદ ભારતીય ટીમે ટૂર્નામેન્ટના આયોજક એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ના નામચીન અધ્યક્ષ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના બદનામ વડા મોહસિન નકવીના હાથે ટ્રોફી ન સ્વીકારીને ક્રિકેટ જગતમાં તેનું નાક કાપ્યું ત્યાર પછી ચેમ્પિયન ભારતીય ટીમ માટે મેદાન પર ખુદ બીસીસીઆઈ દ્વારા સમાંતર સેરેમની સમારોહ રાખવામાં આવ્યો હતો.

ભારતે ફાઇનલ જીતી લીધી ત્યાર બાદ લગભગ એક કલાક સુધી મુખ્ય ઇનામ વિતરણ સમારોહ વિલંબિત થયો હતો. ભારતીય ટીમ નફ્ફટ નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની જ નહોતી. બીસીસીઆઈએ આ ટૂર્નામેન્ટ પહેલાં જ એસીસીના નકવીને વાકેફ કરી દીધો હતો કે ભારતીય ટીમ જીતશે તો તેના હાથે ટ્રોફી નહીં સ્વીકારે.

શરમમાં મુકાયેલા નકવીએ રનર-અપ શ્રીલંકાની ટીમને મેડલ અને ઇનામ આપ્યા હતા અને ત્યાર પછી તે દુબઈના સ્ટેડિયમમાંથી છૂમંતર થઈ ગયો હતો. નકવી જતો રહ્યો ત્યાર પછી ભારતે પોતાની ટૂંકી મેડલ સેરેમની મેદાન પર યોજી હતી. આ સુંદર સેરેમનીમાં બીસીસીઆઈના સેક્રેટરી દેવાજિત સૈકિયા અને ઉપ-પ્રમુખ રાજીવ શુક્લા ઉપસ્થિત હતા. તેમણે ભારતીય ટીમને અભિનંદન આપ્યા હતા અને તેમના પર્ફોર્મન્સને ખૂબ બિરદાવ્યો હતો.

ભારતીય પેસ બોલર નંદની શર્માને આખી ટૂર્નામેન્ટમાં તેમ જ પ્રેક્ટિસ સેશન્સમાં સૌથી સારી ફીલ્ડિંગ કરવા બદલ બીસીસીઆઈ તરફથી મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

ગયા વર્ષે સૂર્યકુમાર યાદવની કેપ્ટન્સીમાં ભારતે એશિયા કપ જીતી લીધો ત્યાર બાદ ભારતીય ટીમે નકવીના હાથે ટ્રોફી સ્વીકારવાની ના પાડી હતી. એ અપમાન સહન ન થતાં નકવીએ મેદાન પરથી ટ્રોફી ગાયબ કરાવી દીધી હતી. એ ટ્રોફી ભારતની મેન્સ ટીમને હજી પણ નથી મળી. જોકે રવિવારે ભારતીય મહિલા ટીમ એશિયા કપની જે ટ્રોફી જીતી ગઈ એ ટ્રોફી લીધા વગર નકવી ઘરભેગો થઈ ગયો હતો. શેફાલી વર્માએ બૅટિંગમાં સર્વોત્તમ પર્ફોર્મ કરવા ઉપરાંત એક વિકેટ પણ લીધી હતી. શેફાલીને પ્લેયર ઑફ ધ ફાઈનલ અને પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટના પુરસ્કાર આપવામાં આવ્યા હતા. ■

# ગર્લફ્રેન્ડ આવી, પણ શેલ્ટન હારી ગયોઃ પ્રેમિકા ન આવી, પણ ઝવેરેવ જીતી ગયો!



ન્યૂ યૉર્કઃ રવિવારે અહીં યુએસ ઓપનની પુરુષોની ફાઇનલમાં જર્મનીના ઍલેક્ઝાંડર ઝવેરેવે અમેરિકાના બેન શેલ્ટનને ૬-૩, ૭-૨, ૫-૭, ૬-૨થી હરાવીને ૨૦૨૬માં કરીઅરનું બીજું ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી લીધું હતું. નવાઈની વાત એ છે કે શેલ્ટનની ગર્લફ્રેન્ડ આ મૅચ જોવા મોડી મોડી આવી હતી, પણ શેલ્ટન ત્યારે હારી રહ્યો હતો અને છેવટે પરાજિત થયો હતો. ઝવેરેવની આ મહત્ત્વની મૅચ જોવા તેની પ્રેમિકા નહોતી આવી શકી, પણ ઝવેરેવે ટાઇટલ જીતીને તરત જ મોબાઇલ પર તેનો સંપર્ક કરીને જીત સેલિબ્રેટ કરી હતી. ઝવેરેવ જૂનમાં ફ્રેન્ચ ઓપનનું ટાઇટલ જીત્યો હોવાથી તેના માટે આ વર્ષ ખૂબ જ સારું રહ્યું છે. જુલાઈમાં તે ફાઇનલ હારી જતાં વિમ્બલ્ડનનું ટાઇટલ ચૂકી ગયો હતો, પણ હવે યુએસ ઓપનમાં પહેલી વખત ચૅમ્પિયન બન્યો છે. ૨૦૨૦માં તે જરાક માટે યુએસ ઓપનની ટ્રોફી ચૂકી ગયો હતો. બીજી તરફ, બેન શેલ્ટનને યુએસ ઓપનનું ટાઇટલ જીતનાર ૨૦૦૩ પછીનો પ્રથમ અમેરિકી પુરુષ ખેલાડી બનવાનો મોકો હતો જે તેણે ગુમવ્યો હતો. ૨૦૦૩માં ઍન્ડી રૉડિક આ ટાઇટલ જીત્યો હતો. શેલ્ટનને આ ટૂર્નામેન્ટ જીતનાર ૧૯૬૮ પછીનો પ્રથમ અશ્વેત ખેલાડી બનવાની પણ તક હતી. ૧૯૬૮માં અશ્વેત પ્લેયર આર્થર ઍશ યુએસ ઓપન જીત્યા હતા. શેલ્ટનની ગર્લફ્રેન્ડ ટ્રિનિટી રૉડમૅન અમેરિકાની જાણીતી ફૂટબૉલ ખેલાડી છે અને રવિવારે તે એક મહત્ત્વની ફૂટબૉલ મૅચ રમી હોવાથી બૉયફ્રેન્ડ શેલ્ટનની ટેનિસ મૅચ શરૂઆતથી નહોતી જોઈ શકી. ઝવેરેવની ગર્લફ્રેન્ડ સોફિયા થૉમલ્લા જર્મનીની જાણીતી ટીવી અભિનેત્રી છે. તે અગત્યના ટીવી શૉમાં વ્યસ્ત હોવાથી બૉયફ્રેન્ડ ઝવેરેવની મૅચ જોવા ન્યૂ યૉર્ક નહોતી આવી શકી. ■

# આજે ટીમ-સિલેક્શનઃ હાર્દિક કમબૅક કરશે?

નવી દિલ્હીઃ આજે વેસ્ટ ઇન્ડિઝ સામેની આગામી વન-ડે અને ટી-૨૦ સિરીઝ માટેની ભારતીય ટીમની પસંદગી કરવામાં આવશે અને એમાં ઑલરાઉન્ડર હાર્દિકનો સમાવેશ થવાની પાક્કી સંભાવના છે. બીજી તરફ, રિષભ પંતને બન્નેમાં અથવા બેમાંથી એક ટીમમાં સ્થાન મેળવવા કે. એલ. રાહુલ અને ધ્રુવ જુરેલ સાથે હરીફાઈ કરવી પડશે.જોકે રાહુલ વન-ડે ટીમમાં વિકેટકીપર તરીકે પ્રથમ પસંદગી હશે અને તે કૅપ્ટન શુભમન ગિલના ડેપ્યૂટી તરીકેની ડ્યૂટી પર પણ હશે. દરમ્યાન, વન-ડે ટીમમાં રોહિત શર્માના સિલેક્શન બાબતમાં પણ સિલેક્ટરોની મીટિંગમાં ચર્ચા થશે. વિરાટનું સ્થાન વન-ડે ટીમમાં નક્કી છે. નવયુવાન સ્પિનર વિપ્રજ નિગમનું નામ પણ મીટિંગમાં લેવાશે.

વેસ્ટ ઇન્ડિઝ સામે ભારતમાં વન-ડે સિરીઝ ૨૭મી સપ્ટેમ્બરે શરૂ થશે અને એ જ અરસામાં એશિયન ગેમ્સ રમાઈ રહી હોવાથી કૅરિબિયનો સામેની સિરીઝો માટેની ભારતીય ટીમમાં ઘણા ફેરફારો જોવા મળશે તેમ જ કેટલાક નવા ચહેરા પણ જોવા મળશે. જોકે કૅરિબિયનો સામે છઠ્ઠી ઑક્ટોબરે શરૂ થનારી ટી-૨૦ શ્રેણી માટેની ટીમમાં એશિયન ગેમ્સની ટીમના મોટા ભાગના ખેલાડીઓ જોવા મળી શકે.

હાર્દિક પંડ્યા સ્પર્ધાત્મક ક્રિકેટમાં કમબૅક કરી રહ્યો છે. જોકે તેની ફિટનેસ પર અને ખાસ કરીને તે વન-ડે મૅચમાં પૂરી ૧૦ ઓવર બોલિંગ કરી શકશે કે નહીં અને ૫૦ ઓવર સુધી ફીલ્ડિંગ કરી શકશે કે નહીં એના પર તેના પુનરાગમનનો આધાર રહેશે. યુઝવેન્દ્ર ચહલને સાડાત્રણ વર્ષથી વન-ડે ટીમની બહાર રાખવામાં આવ્યો છે. જોકે ઇંગ્લૅન્ડની કાઉન્ટી ક્રિકેટમાં હાલમાં તે ઝળકી રહ્યો હોવાથી ભારતીય વન-ડે ટીમમાં સ્થાન મળશે તો નવાઈ નહીં.■

# કચ્છ રેલવે કનેક્ટિવિટીને મળ્યો બૂસ્ટર ડોઝઃ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ચાર પ્રકલ્પોનું વર્ચ્યુઅલ લોકાર્પણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં પ્રવાસી સુવિધાઓને વધુ સુદૃઢ કરવા અને ઔદ્યોગિક માલ પરિવહનને આધુનિક વેગ આપવાના ભાગરૂપે પશ્ચિમ રેલવે અંતર્ગત ચાર મહત્વપૂર્ણ પ્રકલ્પોનું વર્ચ્યુઅલ લોકાર્પણ સંપન્ન થયું હતું. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હી અને ગાંધીનગરથી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આ વિકાસ કાર્યો પ્રજાને સમર્પિત કર્યા હતા. આ ઐતિહાસિક અવસરે ગોપાલપુર રેલવે સ્ટેશનનું લોકાર્પણ, ઐતિહાસિક અંજાર સ્ટેશને ભુજ-શાલીમાર એક્સપ્રેસના સ્ટોપેજનો શુભારંભ તેમજ વાગડ પંથકના શિવલખા અને ભીમાસર ખાતે નવનિર્મિત 'ગતિશક્તિ મલ્ટિમોડલ કાર્ગો ટર્મિનલ'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, રાપરના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા તથા ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી સહિતના જનપ્રતિનિધિઓ અને રેલવેના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગોપાલપુર રેલવે સ્ટેશન કાર્યરત થવાથી આસપાસના ગ્રામીણ પંથકના મુસાફરો માટે રેલ સુવિધાઓ સુલભ બનશે. સૌથી મોટો તકનીકી ફાયદો એ થશે કે ભુજ અને અમદાવાદ વચ્ચે દોડતી મુસાફર ટ્રેનોને હવે ગાંધીધામ જંક્શન ખાતે એન્જિન રિવર્સલ કરવાની પળોજણમાંથી કાયમી મુક્તિ મળશે, જેનાથી ટ્રેનોના પરિચાલન સમયમાં મોટો ઘટાડો નોંધાશે. બીજી તરફ, અંજાર સ્ટેશને ભુજ-શાલીમાર એક્સપ્રેસને સ્ટોપેજ ફાળવાતાં સ્થાનિક પ્રજાજનોની વર્ષો જૂની માગ સંતોષાઈ છે. હવે મુસાફરોને પશ્ચિમ બંગાળ સહિત પૂર્વ ભારત તરફ જવા માટે ગાંધીધામ કે ભુજ સુધી લાંબા થવું નહીં પડે, જેથી સમય અને વધારાના ભાડાની બચત થશે. તદુપરાંત, શિવલખા અને ભીમાસર ખાતે કાર્યરત થયેલા 'ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ' થકી કચ્છના મીઠા, ચાઇના ક્લે, બેન્ટોનાઇટ તેમજ બંદરો આધારિત ઉદ્યોગોના માલસામાનની હેરફેર વધુ ઝડપી અને સુવ્યવસ્થિત બનશે, જે જિલ્લાના ઔદ્યોગિક વિકાસને નવી ઊંચાઈ આપશે.

# સુરતમાં નેતાઓ જ્યાં જ્યાં સફાઈ કરવા આવ્યા હતા તે મંદિરના ગર્ભગૃહમાં ગટરનું પાણી ઘૂસી જતા લોકોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતનાં મેયર માયાબહેન માવાણી અને ધારાસભ્ય પ્રવીણ ઘોઘારી થોડા દિવસ પહેલા વરાછા ખાતે જગદીશ નગર સોસાયટીમાં જગદીશ્વર મહાદેવ મંદિર ખાતે સફાઈ અભિયાન હેઠળ સફાઈ કરવા ગયા હતાં ત્યારે આ મંદિરમાં ગટરનું પાણી ઘૂસી જતા લોકોએ રોષ વ્યક્ત કર્યો હતો.

મળતી વિગતો અનુસાર મંદિરના ગર્ભગૃહમાં મંગળવારે ગટરનું દુર્ગંધયુક્ત ગંદુ પાણી ભરાઈ ગયું હતું. પવિત્ર શિવલિંગ સુધી ગટરનું પાણી પહોંચી જતાં મહાદેવના દર્શન બંધ કરવાની ફરજ પડી હતી.

મંદિર સાથે જોડાયેલા લોકો અને શ્રદ્ધાળુઓએ નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જગદીશ નગર સોસાયટીમાં રોડ-રસ્તા અને ગટરની સમસ્યા ઘણા સમયથી છે અને આ અંગે મનપાને ફરિયાદ પણ કરી છે, પરંતુ કઈ નિકાલ આવ્યો નથી. અહીં ઘણીવાર નેતાઓ આવે છે, જન્મદિવસ ઉજવે છે, પરંતુ સમસ્યાઓનું નિરાકરણ થતું નથી. મંદિરમાં પાણી ઘૂસી જતા અને દુર્ગંધ ફેલાતા સ્થાનિકો અને શ્રદ્ધાળુઓએ રોષ વ્યક્ત કર્યો હતો.

# ગુજરાતમાં 'વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ-૨૦૨૬'નો પ્રારંભ, સોમનાથ મંદિર સર્ક્યુલર ઈકોનોમીનું ઉત્તમ ઉદાહરણ

(અમારા પ્રતિનિધિ તરફથી )

અમદાવાદ: ગુજરાતના મહાત્મા મંદિર ખાતે 'વર્લ્ડ સર્ક્યુલર ઇકોનોમી ફોરમ-૨૦૨૬'ની ૧૦મી આવૃત્તિનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે અને કેન્દ્રીય પર્યાવરણ પ્રધાન ભૂપેન્દ્ર યાદવની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે બુધવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. આગામી તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી યોજાનારા આ ચાર દિવસીય ફોરમમાં વૈશ્વિક સ્તરે ઉત્સર્જન ઘટાડવા, સર્ક્યુલર બિઝનેસ મોડેલ્સ અપનાવવા અને ટકાઉ આર્થિક વિકાસને વેગ આપવા અંગે ઊંડાણપૂર્વક મંથન કરવામાં આવશે.

આ વૈશ્વિક ફોરમમાં વિશ્વના ૬૬ દેશોના ૨,૦૦૦થી વધુ હિસ્સેદારો, વૈજ્ઞાનિકો અને ઉદ્યોગસાહસિકો સહભાગી થઈ રહ્યા છે. આ આયોજનથી દક્ષિણ એશિયાઈ દેશોમાં પર્યાવરણ અનુકૂળ નીતિઓ અને ટેકનોલોજીના આદાન-પ્રદાનને એક નવી દિશા મળશે.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય પ્રધાન ભૂપેન્દ્ર યાદવે ગ્રીન ઇનોવેશન્સ, વેસ્ટ-ટુ-વેલ્થ મૉડેલ્સ અને રિસાઇક્લિંગ ટેકનોલોજીને પ્રદર્શિત કરતાં ૧૨૫થી વધુ સ્ટોલ્સ ધરાવતાં વિશેષ 'સર્ક્યુલરિટી એક્સ્પો' નું પણ વિધિવત ઉદ્ઘાટન કરી નિરીક્ષણ કર્યું હતું.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી પર એક એવી વૈશ્વિક ચિંતનયાત્રાનો આરંભ થઈ રહ્યો છે, જે માત્ર અર્થવ્યવસ્થાની દિશા નક્કી કરવાની નહીં, પરંતુ આવનારી પેઢીઓનું ભવિષ્ય નક્કી કરવાની યાત્રા છે. ગુજરાતે ઔદ્યોગિક વિકાસ, પુનઃપ્રાપ્ય ઊર્જા, કચરા અને જળ વ્યવસ્થાપન તેમજ સંસાધન કાર્યક્ષમતા જેવાં ક્ષેત્રોમાં વિકાસ અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવી અનેક પહેલો કરી છે.

તેમણે પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મંદિરને સર્ક્યુલર ઇકોનોમીના ઉત્તમ ઉદાહરણ તરીકે રજૂ કરતાં જણાવ્યું કે ટ્રસ્ટ દ્વારા અનોખી પહેલો કરવામાં આવી રહી છે. મંદિરમાં ભક્તો દ્વારા અર્પણ થતાં ફૂલ, બિલિપત્ર, દૂધ, જળ, પંચામૃત, કપડાં કે અન્ય સામગ્રીને કચરો સમજીને ફેંકી દેવામાં આવતી નથી. અભિષેકમાંથી નીકળતા પવિત્ર પ્રવાહીને વૈજ્ઞાનિક પદ્ધતિથી શુદ્ધ કરીને 'સોમ-ગંગા જળ' તરીકે ભક્તો સુધી પહોંચાડવામાં આવે છે.

તેમણે ઉમેર્યું કે બદલાતી વૈશ્વિક પરિસ્થિતિમાં ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનવું અનિવાર્ય છે અને સર્ક્યુલર ઇકોનોમી ઊર્જા ક્ષેત્રમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

આ ચાર દિવસીય ફોરમમાં વિવિધ વિષયો પર થનારા વિચારોના આદાન-પ્રદાનથી સમગ્ર વિશ્વના કલ્યાણ માટેનું ચિંતન અને નવી દિશા પ્રાપ્ત થશે તેવી આશા વ્યક્ત કરતાં મુખ્યમંત્રીએ 'વસુધૈવ કુટુંબકમ'ના વિચારને આ ફોરમના માધ્યમથી સાકાર કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# વડોદરામાં તંત્રની બેદરકારી, ડ્રેનેજ માટે ખોદેલા ખાડામાં દાદી અને પૌત્રી પડયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના વડોદરામાં તંત્રની મોટી ભૂલના લીધે દાદી અને પૌત્રી ડ્રેનેજ લાઈન નાખવા માટે ખોદવામાં આવેલા ખાડામાં પડ્યા હતા. આ દુર્ઘટના પાદરા- જાસપુર ચોકડી પાસે ઘટી હતી. આ અંગેના સીસીટીવી ફૂટેજ પણ સોશ્યલ મીડિયા પર વાઇરલ થયા હતા.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**નં. ACD/૬૪૮/A.E (SWM) D/ તારીખ ૧૫/૦૯/૨૦૨૬**

**EOI**

જોબનપુત્રા કમ્પાઉન્ડ, નાનાચોક, મુંબઈ-૪૦૦૦૦૭ ખાતે આવેલ આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) D-વોર્ડ "D-વોર્ડમાં ક્રોનિક કોમન હાઉસ ગલીના સફાઈ માટે NGO કામદારો જોગવાઈ'' માટે સીલબંધ EOI મંગાવે છે.

કોરા EOI ફોર્મ રૂ. ૪૭૧૨/- (રૂ. ૩૯૯૩+૧૮% GST) ચૂકવણી પર ૧૬.૦૯.૨૦૨૬થી ૨૨.૦૯.૨૦૨૬ સુધી સ. ૧૧.૦૦થી સાં. ૪.૦૦ ક. સુધી કોઈપણ કાર્યકારી દિવસે આસી. એન્જિનિયર (SWM) D- વોર્ડ પર ઉપલબ્ધ રહેશે.

વેકસ સીલબંધ EOI પાકતી તારીખ એટલે કે ૨૨.૦૯.૨૦૨૬ના બ. ૧.૦૦ ક. સુધી આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) D-વોર્ડની ઓફિસે પહોંચવું જોઈએ અને તે જ દિવસે બ. ૩.૦૦ ક. ખોલવામાં આવશે. D-વોર્ડમાં ક્રોનિક હાઉસ ગલી સફાઈ કામનો અનુભવ ધરાવતા NGOને પ્રાધાન્ય આપવું જોઈએ.

EOI દસ્તાવેજો પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે નહીં.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) D-વોર્ડ

PRO/1436/ADV./2026-27

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

# ગુજરાતમાં આરોગ્ય વિભાગે ૨૦૦ હૉસ્ટેલ-કેન્ટીનની તપાસ કરી, ૬૧ ને સુધારા માટે નોટિસ ફટકારી

અમદાવાદ : ગુજરાતમાં જાહેર આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ભાગરૂપે અને તાજેતરમાં સુરત ખાતે પી. પી. સવાણી શાળાની હોસ્ટેલમાં થયેલ ફુડ પોઇઝનીંગની ઘટનાને ગંભીરતાથી લેતા આરોગ્ય તંત્રએ હૉસ્ટેલ- કેન્ટીન તપાસ માટેની સ્પેશ્યલ ડ્રાઇવ હાથ ધરી હતી. જેમાં ૧૪ સપ્ટેમ્બર સુધી ૨૦૦ જેટલી હૉસ્ટેલ -કેન્ટીનનની તપાસ કરી હતી. જેમાં ૪૭ સરકારી, ૨૧ અર્ધ સરકારી અને ૧૩૨ પ્રાઇવેટ હોસ્ટેલ કેન્ટીનનો સમાવેશ થાય છે. જેમાં ૬૧ હોસ્ટેલ કેન્ટીનને ઇમ્પ્રુવમેન્ટ નોટીસ આપી છે. તેમજ ૧૧૪ જેટલા સેમ્પલ લેવામાં આવ્યા છે. તેમજ ૧૦ જેટલી કેન્ટીન સ્વંયભુ બંધ કરવામાં આવી છે. જ્યારે એકનું લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

# રાજકોટ શહેરમાં નર્મદા પાઈપલાઈનમાં સમારકામના લીધે છ દિવસ તબક્કાવાર પાણીકાપ

અમદાવાદ: રાજકોટ શહેરમાં નર્મદા પાઇપલાઇનમાં સમારકામની કામગીરીને લીધે છ દિવસ તબક્કાવાર પાણી કાપ મૂકવામાં આવ્યો છે. આ પાણીકાપ ૧૬ સપ્ટેમ્બરથી ૨૧ સપ્ટેમ્બર સુધી અમલી રહેશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ અંગે જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે સામાકાંઠા વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેશે. જેમાં ૧૬ તારીખે ઇસ્ટ ઝોનના વોર્ડ નંબર ૫ અને ૧૭ તારીખે વોર્ડ નંબર ૪ માં પાણીકાપ અમલી રહેશે. જેની બાદ ૧૮ સપ્ટેમ્બરે વોર્ડ ૧, ૨, ૩, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨ માં રૈયાધાર, જ્યુબેલી, જંકશન પ્લોટ, ગાંધીગ્રામ અને મવડી વિસ્તારોમાં પાણીકાપ અમલી રહેશે. તેમજ ૨૦ અને ૨૧ સપ્ટેમ્બરે પણ શહેરના અન્ય તમામ ઝોનના વોર્ડ વિસ્તારોમાં તબક્કાવાર પાણીકાપ રહેશે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

(હાઈડ્રોલિક એન્જિનિયરિંગ વિભાગ)

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (B.M.C.)ના કમિશનર માટે નીચે આપેલા કામ માટે પેકેટ- 'A', 'B' & 'C' સિસ્ટમમાં ટકાવારી રેટ ધોરણે ઈ-ટેન્ડર મંગાવે છેઃ-

| | |
|---|---|
| વિભાગ | હાઈડ્રોલિક એન્જિનિયર |
| પેટા વિભાગ | E.E.W.W. (સિવિલ) મેઈન્ટેનન્સ |
| બીડ નંબર | ૨૦૨૬_MCGM_૧૩૩૭૮૨૩_૧ |
| વિષય | K/પૂર્વ વોર્ડમાં G.K. ગોખલે ફ્લાયઓવર બ્રિજ પર A.E. (મેઈન્ટ.) W.W. પશ્ચિમી પરાં સાઉથ સેકશનના વર્કશોપનું બાંધકામ |
| ટેન્ડર વેચાણ | તારીખઃ ૧૬.૦૯.૨૦૨૬ થી ૧૧.૦૦ ક. થી |
| | તારીખ : ૨૪.૦૯.૨૦૨૬ સુધી ૧૨.૦૦ ક. સુધી |
| સુપ્રતિની છેલ્લી તારીખ | ૨૪.૦૯.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મિટીંગ | NA |
| પેકેટ A ખોલવાની તારીખ અને સમય | ૨૮.૦૯.૨૦૨૬ સાં. ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ B ખોલવાની તારીખ અને સમય | ૨૮.૦૯.૨૦૨૬ સાં. ૧૬.૧૫ ક. પછી |
| પેકેટ C ખોલવાની તારીખ અને સમય | ૦૯.૧૦.૨૦૨૬ ૧૫.૦૦ ક. પછી |
| વેબસાઈટ | www.portal.mcgm.gov.in / www.mahatenders.gov.in |
| સંપર્ક અધિકારીઃ | |
| A) નામ | શ્રી. તુશાર સોનાવણે, સબ. એન્જિ. W.W. (સિવિલ) મેઈન્ટ. શ્રી. વી. જે. જવાહરકર, આસી. એન્જિ. W.W. સિવિલ મેઈન્ટ. |
| B) ટેલિફોન નં. (ઓફિસ) | ૦૨૨ ૨૫૧૨૬૩૭૬ |
| C) મોબાઈલ નં. | ૯૯૬૭૦૫૫૨૧૭, ૮૬૯૭૦૭૦૭૪ |
| D) ઈમેલ id | aewwcivilmaintes.he@mcgm.gov.in |

સહી/-
PRO/1427/ADV./2026-27 Dy. H. E. (મેઈન્ટ.)

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ-૨૦૨૬

# બાળકોને ઇન્ટરનેટ, સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ અને ડિજિટલ ટેક્નોલોજીનાં જોખમોથી બચાવવા મજબૂત જોગવાઈઓ, ૫૦ કરતાં વધારે કર્મચારી ધરાવતી સંસ્થાઓએ કરવી પડશે ક્રેશની વ્યવસ્થા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે ગુજરાત રાજ્ય 'બાળ સંરક્ષણ નીતિ-૨૦૨૬' જાહેર કરી છે. આ નીતિમાં બાળકોને ડિજિટલ વિશ્વમાં ઊભા થતા જોખમો સામે રક્ષણ પૂરું પાડવાની જોગવાઈઓ છે અને આ સાથે જે ઓફિસોમાં બાળકો માટે ઘોડિયાઘર અથવા ડે કેર સેન્ટરની વ્યવસ્થા પણ કરવાની જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

ડિજિટલ યુગમાં બાળકો માટે ઑનલાઇન સુરક્ષા એક મહત્ત્વપૂર્ણ પડકાર બની રહી છે. તેને ધ્યાનમાં રાખીને નીતિમાં ઇન્ટરનેટ, સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ અને ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગ સાથે જોડાયેલા સાયબર જોખમો સામે નિવારણ અને પ્રતિભાવની વ્યવસ્થાને મજબૂત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આથી બાળ સુરક્ષાનો વ્યાપ હવે ભૌતિક જગ્યા પૂરતો નહીં રહે, પરંતુ બાળકની ડિજિટલ દુનિયા સુધી વિસ્તરશે. બાળકો સાથે પ્રત્યક્ષ કામ કરતી સંસ્થાઓમાં જવાબદારી વધુ સ્પષ્ટ બનશે.

આ નીતિમાં ૫૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી સંસ્થાઓએ કર્મચારીઓના બાળકો માટે ક્રેશ (ઘોડિયાઘર અથવા ડે કેર સેન્ટર) અથવા મોબાઇલ ક્રેશની સુવિધા પૂરી પાડવાની રહેશે. અથવા તો શિશુ ધરાવતી માતાઓ માટે બાળ સંભાળની યોગ્ય જગ્યા અને સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે. જાહેર સ્થળોએ પણ બાળકો માટે અનુકૂળ ઝોન અને માતાઓ માટે શિશુ સંભાળની સુરક્ષિત જગ્યાઓ વિકસાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

આ સાથે આ માં સમાજના વધુ સંવેદનશીલ વર્ગોના બાળકોને વિશેષ રીતે આવરી લેવામાં આવ્યા છે. સંભાળ અને રક્ષણની જરૂરિયાત ધરાવતા બાળકો, કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકો, દિવ્યાંગ બાળકો, સ્થળાંતરિત બાળકો, અનાથ બાળકો, અનુસૂચિત જાતિ-જનજાતિના બાળકો, વંચિત સમુદાયોના બાળકો, માનવ તસ્કરીથી પ્રભાવિત બાળકો, શેરીમાં રહેતા બાળકો તેમજ સંસ્થાકીય અને વૈકલ્પિક સંભાળમાં રહેતા બાળકો માટે સુરક્ષાને પ્રાથમિકતા આપવામાં આવી છે.

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે, અમારા અસીલોની સૂચના હેઠળ, અમો અહીં નીચે લખેલ **પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ તેની પર ઉભેલા સ્ટ્રકચર સાથે જમીનમાં (**''સદર મિલકત''**) ઈ/૧૦, જલદર્શન સોસાયટી, નટરાજની સામે, આશ્રમ રોડ, નવરંગપુરા, અમદાવાદ શહેર 380009 ખાતે રહેનાર **શ્રી શ્રેણિક હિમ્મતલાલ મહેતા** (**''ઓનર''**) ના હક્ક, ટાઈટલ અને હિત તપાસી રહ્યા છીએ.

ત્યાં સદર મિલકત પર શિવસીતા ગારમેન્ટ્સ પ્રા. લિ. નામના એક ભાડૂત છે (અગાઉ **''કસ્તુર બી. ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.''** તરીકે જાણીતા જે અસલમાં ''મે. કે. બી. હોઝીયરી વર્કસ'' તરીકે જાણીતી ભાગીદારી પેઢી હતી જે પ્રા. લિ. કું.માં રૂપાંતર થયેલ).

કોઈપણ શખ્સ કે શખ્સો જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, ટ્રાન્સફર, ફાળવણી, અદલાબદલી, એસાઈનમેન્ટ, રીલીઝ, ગીરો (ઈક્વીટેબલ કે બીજી રીતે) ભેટ, ટ્રસ્ટ, વારસો, પારિવારિક વ્યવસ્થા, પતાવટ, બીક્વેસ્ટ, સક્સેસન કબજો, ભોગવટો, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લાયસન્સ, પાર્ટિશન, લીયન, ચાર્જ, પ્લેજ, ગેરંટી, પ્રી-એમ્પ્શન હક્કો, ઇઝમેન્ટ, વિકાસ હક્ક, સંયુક્ત સાહસ, ભાગીદારી, પાવર ઓફ એટર્ની, FSI/TDR કન્ઝમ્પશન, ગેરંટી, લોન્સ, એડવાન્સીઝ, લીસપેન્ડન્સ, ઈજંક્શન કે જપ્તી કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરિટિ કે આર્બિટ્રેશન કે બીજી કોઈપણ રીતે કોઈપણ હક્ક, ટાઈટલ, હિત, દાવો કે માંગણીનો દાવો કરતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં અમોને સમર્થનમાં પુરાવાના દસ્તાવેજો સાથે, આ છપાયાની તા.થી ૧૪ દિવસમાં અહીં નીચે આપેલા સરનામે કરે, જેના નિષ્ફળ જવા પર આવા કંઈ દાવા કે હિત હશે તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ**
**(''સદર મિલકત''નું વર્ણન)**

ફોરજેટ સ્ટ્રીટ, મુંબઈ ખાતે આવેલ, તેની પર ઉભેલા ભોંયતળિયાનું માળખું / શેડ સાથે, મુંબઈના નોંધણી જીલ્લા અને પેટા-જીલ્લામાં, મલબાર અને કંબાલા હિલ ડીવીજનના કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૬/૬૪૪ ધરાવતા ભરતમાં ૧૦૫૧.૦૧ ચો.મી. મેદાન કે ફ્રી હોલ્ડ બીન-ખેતીની જમીનનો **તે તમામ** ટુકડો કે કકડો.

આજ તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૬

**LAW POINT**
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ, જગત વિદ્યા માર્ગ, ગુરુનાનક હોસ્પિટલ પાછળ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૫૧
ઈમેલઃ- response@lawpointindia.com

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**પબ્લિક હેલ્થ વિભાગ**
**જંતુનાશક શાખા**

(પેસ્ટ કંટ્રોલ ઓફિસ - P/ પશ્ચિમ વોર્ડ

P/ પશ્ચિમ વોર્ડ ઓફિસ બિલ્ડીંગ, ૮૦૧, ૮મો માળ, Nr. લિબર્ટી ગાર્ડન, B. J. પટેલ રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૬૪.

ઈમેલ સરનામું - pco.pw@mcgm.gov.in

નં.: PCO/P-પશ્ચિમ/૪૦૭/SR તારીખઃ ૧૧.૦૯.૨૦૨૬

**નોટીસ**

P-નોર્થ વોર્ડમાં **૦૫ મહિના (કામના દિવસો ૧૧૯)**ની મુદત માટે વિવિધ પ્રકારના કામ એટલે કે લાર્વિસીડિંગ, ફોગિંગ, ફલાય કંટ્રોલ, રેટ કંટ્રોલ વગેરેની સારવાર આપવા માટે ૩૨ સ્વયંસેવકોની જોગવાઈ માટે રજિસ્ટર્ડ સહકારી / બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવાય છે, જે મહારાષ્ટ્ર કો-ઓપ. સો., એક્ટ ૧૯૬૦ હેઠળ નોંધાયેલ છે. (જેનો ઉદ્દેશ્ય બેરોજગાર લોકોને નોકરી આપવાનો છે.)

રસ ધરાવતી સંસ્થાઓએ B.M.C. પોર્ટલ **http:// portal.mcgm.gov.in** પરથી અરજીઓ ડાઉનલોડ કરવી જોઈએ અથવા પેસ્ટ કંટ્રોલ ઓફિસર, P/ **પશ્ચિમ વોર્ડ ઓફિસ બિલ્ડીંગ, ૮૦૧, ૮મો માળ, Nr. લિબર્ટી ગાર્ડન, B. J. પટેલ રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૬૪**ની ઓફિસમાં સંપર્ક કરો.

પેસ્ટ કંટ્રોલ ઓફિસર P-પશ્ચિમ વોર્ડની ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૨૩.૦૯.૨૦૨૬ કામકાજના દિવસે સાંજે ૦૪.૦૦ કલાક પહેલા છે.

સહી/-
આસી. કમિશનર
P/પશ્ચિમ વોર્ડ

PRO/1425/ADV./2026-27

**વૃક્ષ વાવો, વૃક્ષ બચાવો.**

# સુરતમાંથી ફૂડ એન્ડ ડ્રગ વિભાગની કાર્યવાહી, ભેળસેળયુક્ત ખાદ્ય તેલનો ૨૦.30 લાખ જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધી તરફથી )

અમદાવાદ: ગુજરાતમાં આરોગ્ય વિભાગ દ્વારા સતત ભેળસેળયુક્ત ખાદ્ય ચીજ વસ્તુઓ અંગે સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. જેમાં સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં ભેળસેળ યુક્ત ખાદ્ય તેલના ઉત્પાદન અને વેચાણના કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ અંગે ગાંધીનગર સીઆઇડી ક્રાઈમ સુરત જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનની સંયુક્ત ટીમે કામગીરી હાથ ધરી હતી. જેમાં માહિતી મુજબ કામરેજના નવાગામ જીઆઈડીસીમાં આવેલા નવકાર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ચાલતી એક ફેક્ટરી પર દરોડો પાડવામાં આવ્યો હતો. નવાગામમાં કંપની 'શિવ ટ્રેડિંગ કંપની'ના નામે ચલાવવામાં આવતી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જયેશ હિરપરા આ સ્થળેથી ભેળસેળયુક્ત સીંગતેલ અને અન્ય ખાદ્ય તેલના પેકેજિંગ અને વેચાણની પ્રવૃત્તિમાં સંડોવાયેલો છે.

આ તપાસ દરમિયાન અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ સ્થળેથી સન પ્લસ, સૌરાષ્ટ્ર સિંગતેલ, પાલ સિંગતેલના સ્ટીકરોવાળા ટીનમાં પેક કરીને વેચવામાં આવતું હતું.આ દરોડા દરમિયાન ભેળસેળયુક્ત ખાદ્ય તેલનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

# કચ્છને મળશે નવું ગ્રીનફિલ્ડ એરપોર્ટઃ કંડલા નજીક અત્યાધુનિક હવાઈ મથક નિર્માણની તૈયારીઓ તેજ

ભુજ: દેશના અગ્રણી ઔદ્યોગિક અને દરિયાઈ વેપાર કેન્દ્ર તરીકે ઓળખાતા કચ્છ જિલ્લામાં એર કનેક્ટિવિટીને વૈશ્વિક સ્તરે પહોંચાડવા માટે કેન્દ્ર સરકાર અને એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કંડલા નજીક એક અત્યાધુનિક નવું ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકસાવવાની કવાયત તેજ કરવામાં આવી છે. દીનદયાલ પોર્ટ ઓથોરિટી સહિત પૂર્વ કચ્છના સતત વિસ્તરતા ઔદ્યોગિક હબની જરૂરિયાતોને પહોંચી વળવા આ મેગા પ્રોજેક્ટનું આયોજન હાથ ધરાયું છે.હાલ કંડલા ખાતે કાર્યરત એરપોર્ટ પર રન-વે વિસ્તરણ તેમજ બોઈંગ અને એરબસ શ્રેણીના વિશાળ પેસેન્જર કે કાર્ગો વિમાનોના સંચાલન માટે જમીનની મર્યાદાઓ અવરોધરૂપ બની રહી છે. આ તકનીકી અડચણોને કાયમી ધોરણે દૂર કરવા માટે સૂચિત નવા સ્થળે વિશાળ જમીન સંપાદન કરી વિશ્વકક્ષાનું ગ્રીનફિલ્ડ હવાઈ મથક ઊભું કરવાની યોજના ઘડાઈ છે. નવા એરપોર્ટ પર નાઈટ લેન્ડિંગ સુવિધા, આધુનિક પેસેન્જર ટર્મિનલ, એડવાન્સ નેવિગેશન સિસ્ટમ અને માલવાહક વિમાનો માટે વિશેષ કાર્ગો હેન્ડલિંગ ટર્મિનલ વિકસાવવામાં આવશે.કંડલા, ગાંધીધામ, અંજાર અને મુંદરા પટ્ટામાં આવેલા ટિમ્બર, સ્ટીલ, કેમિકલ્સ અને શિપિંગ ઉદ્યોગોના કારણે અહીં દેશ-વિદેશના રોકાણકારો તેમજ ઉદ્યોગપતિઓની અવરજવર ખૂબ મોટા પ્રમાણમાં રહે છે.

PUBLIC NOTICE **પબ્લિક નોટીસ**

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે, અમારા અસિલની સૂચનાઓ હેઠળ અમો અહીં નીચે લખેલ પ્રથમ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ ૩ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે રહેણાંક પ્રિમાઈસિસ (સંયુક્ત રીતે **''નવી પ્રિમાઈસિસ''**) અને બ્લૂમિંગ હાઇટ્સ કો-ઓપરેટિવ હા.સો.લિ. (**''સોસાયટી''**)માં તેણીની દ્વારા ધરાવાયેલ શેર્સનો સમાવેશ કરતી મિલકતમાં, ફ્લેટ નં. ૫, ૩જો માળ, બ્લૂમિંગ હાઈટ્સ, ૪, પાલી હિલ, ઓફ પાલી માલા રોડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઈ-૫૦ ખાતે અગાઉ રહેતા **શીલા એલિઝાબેથ જયોર્જ** (**''માલિક''**)ના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ.

નવી પ્રિમાઈસિસ સોસાયટી અને પ્રમોટર વચ્ચે નોંધાયેલ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટના અન્વયે સોસાયટીની માલિકીના ૪, પાલી હિલ, ઓફ પાલી માલા રોડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઈ-૫૦ ખાતે આવેલ જમીનના પ્લોટ પર ૧૧૧, મેકર ચેમ્બર્સ IV, ૧૧મો માળ, નરીમન પોઈન્ટ, મુંબઈ, મહારાષ્ટ્ર, ભારત - ૪૦૦૦૨૧ ખાતે તેની રજીસ્ટર્ડ ઓફિસ ધરાવતી એક કંપની **ક્રિસ્ટ વેન્ચર્સ લિમિટેડ (CIN નં. L99999MH1982PLC102697)** (''પ્રમોટર'') દ્વારા નિર્માણ અને વિકાસ કરનાર હોઈ **''ક્રિસ્ટ ૪ પાલી હિલ''** (''પ્રોજેકટ'') તરીકે જાણીતી થનાર બિલ્ડીંગમાં સ્થિત થનાર છે તથા નવી પ્રિમાઈસિસ તોડી પાડવામાં આવેલ હોઈ (''ડિમોલિસ્ડ પ્રિમાઈસિસ'') **''બ્લૂમિંગ હાઈટ્સ''** તરીકે જાણીતા બિલ્ડીંગના સ્ટિલ્ટ લેવલ પર ૧ કાર પાર્કિંગ જગ્યા સાથે ૩જા માળ પર તેણીના જૂના ફ્લેટ નં. ૫ની બદલીમાં માલિકીના ધોરણે અને વિનામૂલ્યે પ્રોજેક્ટમાં માલિકને ફાળવવામાં આવી છે, અને નોંધાયેલ કાયમી વૈકલ્પિક રહેઠાણ કરાર હેઠળ અહીં નીચે લખેલ દ્વિતિય પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ છે.

સોસાયટીમાં માલિકનું શેરહોલ્ડિંગ, તોડી પડાયેલ પ્રિમાઈસિસ અને નવી પ્રિમાઈસિસ સંયુક્ત રીતે **''સદર પ્રિમાઈસિસ''** તરીકે ઉલ્લેખેલ છે.

તમામ શખ્સો જે અહીં નીચે વર્ણવેલ વિષયવાળી પ્રિમાઈસિસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં કે તેની સામે વેચાણ, અદલાબદલી, ગીરો (ઈક્વિટેબલ કે બીજી કોઈ રીતે), ભેટ, ટ્રસ્ટ, વારસો, કુટુંબ વ્યવસ્થા, જાળવણી, બિક્વેસ્ટ, કબજો, પાવર ઓફ એટર્ની, લિઝ, ટેનાન્સી, લાયસન્સ, લિઅન, ચાર્જ, પ્રી-એમ્પશન હક્કો, પ્લેઝ, ગેરંટી, ઈઝમેન્ટ, લોન્સ, એડવાન્સીઝ, લીસ પેન્ડન્સ, ઈજંકશન કે જપ્તી અથવા કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવેન્યૂ કે સ્ટેચ્યુટરી ઓથોરિટી કે આર્બીટ્રિશન કે બીજી કોઈપણ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં અમોને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સોના દાવા કે દાવાઓ, જો કોઈ હોય તો, ત્યજી દિધેલ અને/કે છોડી દિધેલ તરીકે ગણવામાં આવશે અને અમે ટાઈટલ અંગેની અમારી તપાસ પૂર્ણ કરીશું.

**ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટ**
**(નવી પ્રિમાઈસિસનું વર્ણન)**

રજીસ્ટ્રેશન નં. PR1180002500874 હેઠળ મહારેરા પોર્ટલમાં પ્રોજેક્ટ તરીકે નોંધાયેલ અને ૪, પાલી હિલ, ઓફ પાલી માલા રોડ, બાંદ્રા (પ), મુંબઈ-૫૦ ખાતે ગામ બાંદ્રા-C, તાલુકા બાંદ્રાનો તમામ C.T.S. નં. ૮૨૦, ૮૨૧, ૮૨૨ અને ૮૨૩ ધરાવતી જમીનના પ્લોટ પર બાંધવામાં આવનાર હોઈ **''ક્રીસ્ટ ૪ પાલી હિલ''** તરીકે જાણીતી થનાર બિલ્ડીંગના પોડિયમ ૧ પર બેઝમેન્ટ ૨ અને B-૧ ઉપર નં. B-૧ અને B-૨ ધરાવતી ૩ કાર પાર્કિંગ જગ્યાઓ સાથે ૩જા માળ પર ભરતમાં ૧૯૩૭.૭૩ ચો. ફૂટ રેરા કાર્પેટ એરિયાનો નવો ફ્લેટ નં. ૩૦૧ અને તા. ૩૦મી જૂન, ૧૯૭૪નો અસલ શેર સર્ટિફિકેટ નં. ૪ની બદલીમાં બ્લૂમિંગ હાઈટ્સ કો-ઓપરેટિવ હા.સો. લિ. દ્વારા ઈશ્યૂ કરાયેલ તા. ૧૦મી સપ્ટેમ્બર, ૨૦૨૩નો ડુપ્લિકેટ શેર સર્ટિફિકેટ નં. ૧૭માં સમાવિષ્ટ વિશિષ્ટ નં. ૧૬ થી ૨૦ (બંને સહિત) ધરાવતા દરેક રૂા. ૫૦/-ના **તે તમામ** ૫ ફૂલ્લી પેઈડ અપ શેર્સ.

**ઉપર ઉલ્લેખેલ દ્વિતિય પરિશિષ્ટ**
**(તોડી પડાયેલ પ્રિમાઈસિસનું વર્ણન)**

૪, પાલી હિલ, ઓફ પાલી માલા રોડ, બાંદ્રા (પ), મુંબઈ-૫૦ ખાતે ગામ બાંદ્રા-C, તાલુકા બાંદ્રાના તમામ C.T.S. નં. ૮૨૦, ૮૨૧, ૮૨૨ અને ૮૨૩ ધરાવતી જમીનના પ્લોટ પર અગાઉ ઉભેલ ''બ્લૂમિંગ હાઈટ્સ'' (તોડી પડાયેલ હોઈ) તરીકે જાણીતી બિલ્ડીંગના સ્ટીલ્ટ લેવલમાં ૧ કાર પાર્કિંગ જગ્યા સાથે ૩જા માળ પર ફ્લેટ નં. ૫ ભરતમાં અંદાજે ૧૨૭૪ ચો. ફૂટ કાર્પેટ એરિયા.

આજ તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૬

**LAW POINT**
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ, જગત વિદ્યા માર્ગ, ગુરુનાનક હોસ્પિટલ પાછળ, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૫૧
ઈમેલઃ- response@lawpointindia.com

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પ્રેસ રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર).
ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# ‘અલ નિનો’ની અસર છતાં મુંબઈમાં વરસાદે સરેરાશનો આંકડો પાર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આ વર્ષે મુંબઈ સહિત સમગ્ર દેશમાં ચોમાસા ઉપર ‘એલ નિન્યો’ અસર રહી છે. ઓછા વરસાદની ચેતવણી વચ્ચે ઑગસ્ટ મહિનો લગભગ સૂકો રહ્યા બાદ રવિવારના પડેલા મુશળધાર વરસાદથી મુંબઈમાં વાર્ષિક ચોમાસાનો ક્વોટા પૂર્ણ થઈ ગયો છે. મુંબઈમાં ૨૪ જૂનના ચોમાસાનું આગમન થયું હતું ત્યારથી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં મુંબઈના ઉપનગરમાં ૨,૪૪૨.૬ મિલીમીટર વરસાદ નોંધાયો છે, જે મોસમનો સરેરાશ ૧૦૫.૩૩ ટકા વરસાદ ગણાય છે.હવામાન વિભાગના આંકડા મુજબ આ ચાર મહિના દરમ્યાન સાંતાક્રુઝ વેધશાળામાં સરેરાશ ૨,૪૪૨.૬ મિ.મી. વરસાદ નોંધાયો છે, જ્યારે દક્ષિણ મુંબઈમાં કોલાબામાં વેધશાળામાં ૧,૮૯૬.૯ મિ.મી. વરસાદ નોંધાયો છે. મુંબઈમાં ચોમાસાની વિદાયને હજી થોડો સમય બાકી છે, તેમ છતાં સાંતાક્રુઝ સ્ટેશને અત્યાર સુધીમાં બે ટકાના વધારા સાથે આ વર્ષના (જુઓ પાનું ૪) ▶▶

### ગરમીનું પ્રમાણ વધવાની શકયતા

બંગાળના ઉપસાગરમાં ઓછા દબાણનો પટ્ટો નિર્માણ થયો હતો, તેની અસર હેઠળ મુંબઈ સહિત રાજ્યના મરાઠવાડા, વિદર્ભ, ઉત્તર મહારાષ્ટ્ર અને મધ્ય મહારાષ્ટ્રમાં વરસાદનું જોર રહ્યું હતું. જોકે હવે તેની અસર ઓછી ગઈ છે. તેથી વરસાદનું જોર પણ લગભગ ઘટી ગયું છે. આ દરમ્યાન વરસાદે ફરી બ્રેક લેતા ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધવાની શકયતા છે. આગામી દિવસોમાં મુંબઈ સહિત રાજ્યમાં ત્રણથી પાંચ ડિગ્રી સુધી ગરમીનું પ્રમાણ વધવાની શકયતા છે.

### જળાશયોમાં ૯૭ ટકાથી વધુ પાણી જમા

મુંબઈને પાણી પૂરું પાડનારાં જળાશયોમાં ગયા શનિવારે જળાશયોની સપાટી ૯૬.૨૯ ટકા હતી. શનિવાર મોડી રાતથી શરૂ થયલો વરસાદ રવિવારે પણ આખો દિવસ પડ્યો હતો, તેને પગલે જળાશયોની સપાટીમાં હળવો વધારો નોંધાયો છે. મંગળવારે સવારના સાતેય જળાળયોમાં કુલ ૧૪,૧૭,૫૮૪ મિલ્યન લિટર એટલે કે ૯૭.૯૪ ટકા જેટલા પાણીનો સ્ટોક હતો. તો ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૧૪,૨૫,૫૭૫ મિલ્યન લિટર એટલે કે ૯૮.૪૯ ટકા પાણીનો સ્ટોક હતો. ૨૦૨૪ની સાલમાં આ જ સમયે જળાશયોમાં ૧૪,૨૯,૧૦૧ મિલ્યન લિટર એટલે કે ૯૭.૭૪ ટકા પાણીનો સ્ટોક હતો. મુંબઈમાં હાલ ૧૫ મેથી અમલમાં મૂકવામાં આવેલો ૧૦ ટકા પાણીકાપ લાગુ છે. જળાશયો ૧૦૦ ટકા ભરાશે ત્યારે જ પાણીકાપ પાછો ખેંચવામાં આવશે એવી જાહેરાત પાલિકા પ્રશાસન અગાઉ જ કરી ચૂકી છે. આગામી દિવસોમાં ભારે વરસાદની કોઈ શકયતા ન હોવાથી છૂટાછવાયા વરસાદમાં જળાશયોની સપાટીમાં વધારો થાય એની રાહ જોવા સિવાય છૂટકો નથી. નોંધનીય છે કે મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો કરવા માટે તળાવોમાં પહેલી ઑક્ટોબરના તેની સપાટી ૧૪,૧૭,૫૮૪ મિલ્યન લિટર હોવી આવશ્યક છે.




# મરાઠા અનામતઃ મનોજ જરાંગેની મુંબઈ તરફ કૂચ, આઝાદ મેદાનમાં જોવા મળી શકે મહેરામણ

મુંબઈ: મરાઠા સમુદાયને સરકારી નોકરીઓ અને શિક્ષણમાં અન્ય પછાત વર્ગ (ઓબીસી) કેટેગરી હેઠળ યોગ્ય અનામત અપાવવાની માગ સાથે આંદોલન કરી રહેલા નેતા મનોજ જરાંગે-પાટીલે મુંબઈ તરફ પોતાની ઐતિહાસિક કૂચ શરૂ કરી દીધી છે. જાલના જિલ્લાના અંતરવાલી સરાટી ગામથી પોતાના કાફલા સાથે નીકળેલા (જુઓ પાનું ૪) ▶▶

### સરકાર તમારી માગણીઓ પર કામ કરી રહી છેઃ એકનાથ શિંદે

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય મંત્રી એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ઓબીસી કે અન્ય કોઈ સમુદાયના અધિકારોને અસર કર્યા વગર મરાઠા સમુદાયને અનામત આપવાની દિશામાં કામ કરી રહી છે. સરકારે મરાઠા અનામત અંગે (જુઓ પાનું ૪) ▶▶

### ગણેશ ઉત્સવમાં કોઈ જ અવરોધ ન આવવો જોઈએઃ ફડણવીસ

મુંબઈ: મરાઠા અનામતના આંદોલનકર્તા મનોજ જરાંગે વિરોધ પ્રદર્શન કરવા માટે મુંબઈ આવવા નીકળ્યા બાદ મુખ્ય પ્રધાન અને ગૃહ મંત્રાલય સંભાળતા દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું હતું કે સરકાર અપેક્ષા રાખે છે કે (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL** rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

**દિશા સાલિયન મૃત્યુ કેસમાં એફઆઈઆર**

# અટકળો કરવી યોગ્ય નથીઃ ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કહ્યું કે દિશા સાલિયન મૃત્યુ કેસની તપાસ સીબીઆઈ કરશે અને આ મામલે કોઈપણ પ્રકારની અટકળો કરવી યોગ્ય નથી. રાજ્ય પ્રધાન મંડળની બેઠક બાદ મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે એફઆઈઆર જોઈ ન હોવાનો ખુલાસો કર્યો હતો.

તેમણે એમ પણ કહ્યું કે અદાલતે આ મામલો સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને સોંપવાનો (જુઓ પાનું ૪) ▶▶

### ઠાકરે પરિવાર પર કાદવ ઉછાળવાનું રાજકીય કાવતરુંઃ રાઉત

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે મંગળવારે આરોપ લગાવ્યો હતો કે દિશા સાલિયન મૃત્યુ કેસમાં સીબીઆઈની એફઆઈઆર ઠાકરે પરિવારની પ્રતિષ્ઠાને બટ્ટો લગાવવા માટે કેન્દ્ર દ્વારા ઘડવામાં આવેલું રાજકીય કાવતરું છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાજ્યસભાના સંસદસભ્યએ ધ્યાન દોર્યું કે મુંબઈ પોલીસે પહેલાથી જ આ મામલાની સંપૂર્ણ તપાસ કરી લીધી છે અને (જુઓ પાનું ૪) ▶▶

# ફડણવીસે ઉત્સવમાં ધ્વનિ પ્રદૂષણ ઘટાડવા આગ્રહ કર્યો

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે લોકોને પ્રદૂષણ ન થાય એની કાળજી સાથે પરંપરાગત ગણેશોત્સવની ઉજવણી કરવા આગ્રહ કર્યો હતો. રાજ્યમાં ૧૧ દિવસના આ ઉત્સવની ઉજવણી શરૂ થઈ એ પહેલા કેટલાક દિવસોથી હાઇ-ડેસિબલ સાઉન્ડ સિસ્ટમ પર પ્રતિબંધ મૂકવાની માગણીઓએ જોર પકડ્યું છે.

દક્ષિણ મુંબઈમાં સત્તાવાર નિવાસસ્થાન ‘વર્ષા’ ખાતે ફડણવીસે ભગવાન ગણેશનું સ્વાગત કરી રાજ્યના ખેડૂતો માટે પ્રાર્થના કરી અને નાગરિકોને તહેવારો દરમિયાન પ્રદૂષણ ઓછું કરવા અપીલ કરી હતી.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સીએમએ જણાવ્યું હતું કે ‘વિઘ્નહર્તા (અવરોધો દૂર કરનાર ભગવાન) સુખ લાવે, આપણા દેશ, રાજ્ય, લોકો અને ખેડૂતોને શાંતિ અને સમૃદ્ધિ મળે એવી પ્રાર્થના કરું છું. લોકોને પ્રદૂષણ ન થાય એની તકેદારી (જુઓ પાનું ૪) ▶▶

# 30 કરોડનું ફ્રોડઃ ઓળખ છુપાવવા આરોપી વિગ પહેરતો અને ઉપનામ રાખતો

### લક્ઝરી કાર્સમાં ફરનારા આરોપીએ મહિને પાંચ ટકા વળતરની લાલચ આપેલીઃ ૪૨ રોકાણકાર છેતરાયા

મુંબઈ: સ્ટોક માર્કેટ સ્કૅમમાં રોકાણકારો સાથે ૩૦ કરોડ રૂપિયાથી વધુનું કથિત ફ્રોડ કરવાના કેસમાં ગુજરાતના વલસાડ શહેરમાંથી પકડાયેલો આરોપી પોતાની ખરી ઓળખ છુપાવવા માથે વિગ પહેરતો અને ત્રણ ઉપનામ રાખતો હતો. લક્ઝરી કાર્સમાં ફરનારા આરોપીએ મહિને પાંચ ટકાના વળતરની લાલચ આપી ૪૨ રોકાણકારને ચૂનો ચોપડ્યો હતો. રોકાણકારોને ઠગીને મેળવેલી રકમ આરોપી રોશન ભૂષણ શેઠે (૫૬) વૈભવી જીવનશૈલી, લક્ઝરી ફ્લૅટ્સ, હાઈ-એન્ડ કાર્સ અને કીમતી ઘડિયાળો પાછળ ખર્ચી હોવાનું તપાસમાં જણાયું હતું. રોકાણ કરેલી રકમ પર મહિને પાંચ ટકા વળતરની લાલચ આપી શેઠે મહારાષ્ટ્ર અને ગુજરાતના ૪૨ રોકાણકાર પાસેથી નાણાં પડાવ્યાં હોવાનું મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાના અધિકારીએ જણાવ્યું હતું.ગુનો નોંધાયા પછી પ્રાથમિક તપાસને (જુઓ પાનું ૪) ▶▶

# ગોરેગામમાં બેસ્ટની બસ મેટ્રો થાંભલા સાથે અથડાતાં બે જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગોરેગામમાં બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)ની બસ એક કાર સાથે ટકરાયા બાદ મેટ્રો રેલા પિલર સાથે જોશભેર ભટકાઈ હતી, જેમાં એક પ્રવાસી સહિત બે લોકો જખમી થયા હતા. આ બનાવ સોમવારે સાંજે પાંચ વાગ્યાની આસપાસ ગોરેગામમાં બન્યો હતો, જેમાં વેટ લીઝ પર લીધેલી ઈલેક્ટ્રિક બસ સોમવારે સાંજે દિંડોશી ડેપોથી ભાયંદર સ્ટેશન (પૂર્વ) તરફ જઈ રહી હતી ત્યારે બસ ઓબેરોયર મોલની સામે આવેલા ટ્રાફિક સિગ્નલ પાસે ફલાયઓવરની નીચે જમણી બાજુએ વળાંક લઈ રહી હતી ત્યારે એક ખાનગી કારની પાછળ જમણીએ બાજુએ ટકરાઈ હતી અને ત્યારબાદ મેટ્રો રેલના થાંભલા સાથે જોશભેર અથડાઈ (જુઓ પાનું ૪) ▶▶

